વ્યવસ્થાપકનું નિવેદન

એક દિવસ મારાં બ્હેન શ્રી. સરસ્વતી મણીલાલ શાહ મારે ત્યાં આવ્યાં. તેમણે મને એક પુસ્તક આપતાં કહ્યું: 'આ પુસ્તક જોઈ જજે. આવું જ એક પુસ્તક છપાવવું છે.'

મેં પુસ્તક વાંચવા હાથમાં લીધું. કડવા મીઠા પ્રસંગો દર્શાવતું અને મન પ્રફુલિત કરે એવું પ્રવાસ વર્ણન વાંચ્યું.

આવું તત્ત્વસિંચનોથી નીતરતું ને ઉચ્ચકોટિનું પ્રકાશન મારી મારફત પ્રકાશિત થાય એવો ભાવ મને થતાં મેં મારા બ્હેનને જે પ્રગટ કરવાનું છે, તે પુસ્તક મને મોકલવા જણાવ્યું.

એ પુસ્તક મારી પાસે આવ્યું, મેં વાંચ્યું. એક પછી એક ક્રમશ આવતાં સરળ–સુબોધ પ્રવચનો સમસ્ત ભારતમાં; ને તેમાં પણ ગુજરાતનાં સંસ્કારી અને સુશિક્ષિત નરનારીઓનાં હૃદય મંદિરમાં અચૂક પ્રાણ પુરે તેવાં, સર્વલક્ષી જણાયાં.

કેટલાંક વિનાશક આકર્ષણોએ જોર શોરથી સર્વત્ર પ્રસારેલાં તિમિરનો લય કરે તેવું તેજ આ પુસ્તકમાં મેં જોયું.

દાનની વ્યાખ્યા, ધર્મ શું છે? ધીરજ ધરતાં શીખો, જીવવાની કળા, સમયનું મૂલ્ય, આત્મ–પ્રકાશ ઇત્યાદિ મહત્વના વિષયો સમજાવતું વિવરણ–ને માનવોને ઉન્નત જીવનપંથ દેખાડતાં તેજ–કણો તથા આધુનિક દૃષ્ટિબિંદુઓનાં ને કેટલીક સમસ્યાઓનાં નિવારણ સુદ્ધાં આ પુસ્તકમાં સમાયેલાં જણાયાં.

મારા જૂના સાહિત્યકાર મિત્ર શ્રી. નૌતમલાલ સાહિત્યવિલાસીને આ પુસ્તક અનુવાદ માટે મેં સોંપ્યું.

ને થોડા દિવસોમાં આ પુસ્તકનો અનુવાદ કરી ને સાહિત્યવિલાસીએ આપતાં કહ્યું : " આ પુસ્તક ઉચ્ચકોટિનાં પુસ્તક પ્રગટ કરનારી સંસ્થાને પ્રતિષ્ઠા આપવાનું બળ વધારે છે. ને જે મહાન વ્યક્તિએ એનું નિર્માણ કર્યું છે એ મહાન વ્યકિતની અન્ય કૃતિઓને વીણી વીણી પ્રકાશમાં લાવવા પ્રયત્ન કરો."

એ તરુણ તપસ્વીનું શુભ નામ મુનિ શ્રી લાભચંદ્રજી. અને એમની પથદર્શક કૃતિનું નામ જિસ પથ પર હમેં ચલના હૈ" છે.

મુનિશ્રીનાં કેટલાંક પુસ્તકો હિન્દીમાંથી ગુજરાતીમાં પ્રકાશિત થયાં છે. એમની કૃતિઓ એકજ સ્થળેથી પ્રકાશિત થતી રહે તેવી ગોઠવણની આવશ્યકતા રહે છે.

શ્રી. તારાબહેને પોતાના ખર્ચે 'પ્રવાસ અને પ્રવચન' એ પુસ્તક પોતાના પતિ સ્વ. શ્રી કીર્તિલાલભાઈના પૂણ્ય સ્મરણાર્થે છાપવા આપેલું. તે પુસ્તક છપાઈ તૈયાર થઈ બહાર પડે તે પહેલાં જ શ્રી તારાબેનનું દુ:ખદ અવસાન થયું. ને 'પ્રવાસ'નું પુસ્તક બહાર પડયું. બાકી રહ્યાં 'પ્રવચનો'; તે કામ મને સોંપવામાં આવ્યું. તે આ પ્રકાશન છે.

શ્રી. રમેશભાઈએ અપૂર્ણ રહેલ કાર્ય પૂર્ણ કરી, પૂ. પિતાશ્રી કીર્તિલાલ અને પૂ. માતુશ્રી તારાબહેનના આત્માઓને શાંતિ અર્પી.

તા. ૧૪-૧-૧૯૬૭
મકરસંક્રાંતિ

ચંદ્રકાન્ત જીવનલાલ મહેતા

અનુક્રમ



મુનિશ્રી લાભચંદ્રજી મહારાજના પ્રકાશનો

ગુજરાતીમાં	હિન્દીમાં
શાન્તિનો માર્ગ [બીજી વખત છપાણી]	સ્તોત્ર મુક્તા
નવ સ્મરણ	....
આત્મ પ્રભા	....
માનવતાના પંથે	માનવતા કે પથ પર
ગુલાબ અને કંટક	ફૂલ ઔર શૂલ
જોયેલું અને જાણેલું	કુચ્છ સુની કુચ્છ દેખી
શ્રાવકના બાર વ્રત	શ્રાવક કે બારહ વ્રત
પ્રવચન અને પ્રવાસ	જ્યોતિ ઔર જ્વાલા
તિમિરમાં તેજ	જિસ પથ પર હમે ચલના હૈ
	જીવન કે આલોક મેં
	જીવન કી જલતી જ્યોતિ

ગીત...વાંચવા...વસાવવા...જેવાં પુસ્તકો

ગીતા પરિચય	૨-૦૦	મેઝેનીના લેખો	૨-૦૦
[illegible]	૬-૦૦	માનવ વિચાર	૧-૦૦
[illegible] ને સંસ્કૃતિ	૨-૦૦	પોયણાં	૨-૦૦
[illegible]	૫-૦૦	અમી	૧-૫૦

: મળવાનું સ્થળ :

...જીવનલાલ અમરશી મહેતા...
પુસ્તક પ્રકાશક, વિક્રેતા અને બુક પ્રિન્ટિંગ એજન્સી
[illegible] રોડ, અશોક સિનેમા સામે, અમદાવાદ.



[૧]

એકતાની શક્તિ

એક બીજાં સાથે હળી મળી સંગઠનનો મીઠો સંબંધ વધારવાથી આખી દુનિયાનો વહેવાર સારી રીતે ચલાવી શકાય છે.

'संघे शक्तिः कलौ युगे ।' –આ કળિયુગમાં સંગઠિત થઈ હળી મળી રહેવામાં જ શક્તિ વધે છે. કુદરતી ચીજો બાબતમાં આપણે ઝીણવટથી વિચારીએ ને ઊંડા ઉતરીએ તો તરતજ આપણને સમજણ પડશે કે કુદરતનાં બધાં તત્વો એક બીજાંથી મળતાં રહી એક બીજાંની ખામી દૂર કરે છે; ને એક બીજાંની જરૂરીઆત પૂરી કરતાં રહે છે. પાણી અને આગ એક બીજાનાં વિરોધી તત્વો છે. પણ એ બંને તત્વો ભેગાં થઈ બાષ્પનું નિર્માણ કરે છે. એ બાષ્પ–વરાળમાં એ શક્તિ હોય છે કે જેના વડે મોટાં મોટાં કામ સહેલાઇથી થવા માંડે છે. કારખાનાં ચાલે છે; રેલ્વે દોડે છે; દરેક યંત્ર જોર–જોમથી ચાલતું થાય છે. આપણે જોઈએ છીએ કે જડ અને ચૈતન્ય બંને એક બીજાંથી સાવ ઉલટા પદાર્થો છે. છતાં આ જગતમાં જડ અને ચૈતન્ય વચ્ચેનું મિલન કેટલાંક મહત્ત્વનાં ગતિ તથા વિધિઓનો આધાર

છે. દાખલા તરીકે, શરીર જડ છે ને ચૈતન્ય છે આત્મા. પણ આત્માની સાધનાનું માધ્યમ શરીર છે. કેવળ માધ્યમસ્વરૂપ શરીરથી માણસોએ કોઈ પણ કાર્યમાં સિદ્ધિ મેળવી નથી. આત્મા વગરના શરીરથી માણસે હિમાલય ઓળંગ્યો નથી. મહાસાગરની ઊંડી તલસીમાને પણ જીવ વગરના શરીરે માપી નથી. અનંત આકાશમાં પણ માણસ જાત પ્રાણ રૂપ ચૈતન્ય વગરની કાયાથી ન ઉડ્ડયન કરી શક્યાં છે. એ જ રીતે શરીર વગરનો આત્મા પણ કુદરત પર નાના મોટા પ્રકારનો કોઇ વિજય કરી શક્યો નથી.

આજે તો માણસ મંગળ શુક્ર વગેરે ગ્રહો અને ચન્દ્ર-લોકમાં પહોંચવાની તૈયારીઓ કરી રહ્યો છે. પણ આ બધું શાથી બન્યું? જડ શરીર અને ચેતન સ્વરૂપ આત્મા વચ્ચે સુમેળ ન હોત તો શું એમાંનું કંઇ બન્યું હોત?

આ ઉદાહરણોથી એટલું તો સ્પષ્ટ જાહેર થાય છે કે બે વિરોધી વિચાર, બે વિરોધી સ્વભાવ, બે વિરોધી પરંપરાઓ, બે સિદ્ધાંતો અને વિરોધી હિત ધરાવતી બે વ્યક્તિઓ વચ્ચે મીઠી એકતા–મિલન થાય, એક બીજાથી સંગઠિત થાય અને પોતપોતાની વિરોધ કરવાની શક્તિનો ઉપયોગ એક બીજાની ઊણપ દૂર કરવામાં કરે તો જ તેઓ ત્રીજી પ્રબળ શક્તિ ઊભી કરી શકે ને, તે ત્રીજી શક્તિ આ વિશ્વનું કલ્યાણ કરનારી નિવડે.

આજે ધર્મના નામે, રાજનીતિના નામે અને આ પ્રમાણે બીજાં વિચારો, આચારો તથા કાર્યક્રમોના નામે

મત ભેદ થતા રહે છે. ને મતભેદ પછી અલગ અલગ વાદ વાદો ઊભા થાય છે ને એમાંથી એક બીજાને સહાય કરનારી સંસ્થાઓ, દલ તથા પક્ષો ઊભા થવાને બદલે એક બીજાને ભયંકર નુકશાન કરનારાં દલ, પક્ષો અને સંસ્થાઓ જન્મે છે, ફાલે છે.

ને, તેઓ તેમની આવડતનો, તેઓમાં રહેલી કલાનો, વિદ્યાનો ને બીજી તમામ શક્તિઓનો ઉપયોગ માનવજાતિના કે જીવ માત્રના કલ્યાણમાર્ગે કરવાને બદલે અહિત–અકલ્યાણ માર્ગે કરે છે.

એ કુસંપ, મતભેદ અને વેરઝેરના કારણથી ધર્મની વૃદ્ધિ થતી નથી. રાજનીતિની શુદ્ધિ થતી નથી ને લોકોનું ભલું થતું નથી.

વિરોધીની વાતને ખત્મ કરવી, એને અપમાનિત કરવી, એનું પોકળ ઉઘાડું પાડી એને હલકા દેખાડવા અને પોતાનો વાવટો એનાથી ઊંચો ફરકાવવાની પ્રવૃત્તિમાં એનો વખત, એની આવડત, બુદ્ધિ અને એના પૈસા તમામ ચીજો બરબાદ થાય છે. અંતમાં કોઈ પક્ષને કંઈ જ મળતું નથી. સમાજનું ઘણું જ બૂરું થાય છે.

સાચી વાત તો એ છે કે આ ફૂટફાટ અને જુદાઈનાં ખરાં કારણ આદર્શો, સિદ્ધાંતો કે વિચારોની જુદાઈ નથી હોતી. કેમકે એ જુદાઈ તો યુગોથી રહી છે, રહેશે અને રહેવી પણ જોઈએ. પણ આદર્શોના નામે પોતાની સત્તા

લેવા માણસ અલગ અલગ દળોનો, સંપ્રદાયોનો, પાર્ટીઓનો અને સંસ્થાઓનો આશ્રય લેતો ફરે છે. પણ એ દળ અને સંપ્રદાય પોતપોતાની રીતે સમાજના કલ્યાણ માટે એની શક્તિઓને કામે લગાડતાં રહે તો સુખદ પરિણામ આવે.

વિરોધના ઊંડાણમાં પણ સહકારની સૃષ્ટિ ઊભી કરી શકાશે; જો માણસ પોતાના વિચારોથી વિરુદ્ધ વિચારો ધરાવનારી વ્યક્તિને પોતાનો દુશ્મન નહિ માને; ને જો પોતાના અંતઃકરણથી તે એવું ઇચ્છશે કે:

'खामेमि सव्व जीवा, सव्वे जीवा खमंतु मे।
मित्ति मे सव्व भूएसु, वेरं मज्ज न केणई ॥'

એટલે કે, હું બધાં પ્રાણીઓની ક્ષમા લઉં છું. બધાં પ્રાણીઓ તરફની ક્ષમા ચાહું છું. કેમકે સમસ્ત પ્રાણી-જગતની સાથે મારી મૈત્રી છે, કોઈની સાથે વેર કે ઈર્ષ્યા નથી. જ્યારે આવી પવિત્ર ભાવનાનો પ્રકાશ માણસના હૃદયમાં ઝળહળશે, તે વખતે બધા રોગ ક્ષણભરમાં નષ્ટ થઈ જશે.

એકતાની શક્તિને સમજવા માટે રસ્સી (દોરડું) નો દાખલો પૂરતો થઈ પડશે. કાચા ધાગા જ્યારે મોટી સંખ્યામાં ભેગા મળી વણાઈ ગુંથાઈ એક થાય છે, ત્યારે જ તે રસ્સી નામ પામે છે. એના પાતળા, નાજુક અને કાચા દોરામાં કોઈ શક્તિ હોતી નથી; પણ દોરડું—રસ્સી બન્યા પછી વાઘ તેમજ હાથી જેવાં ભયાનક અને બળવાન જનાવરોને બાંધવાની તાકાત મેળવે છે.

આ પ્રમાણે સંગઠિત શક્તિથી માણસો પણ પોતાની જિંદગીના મોટા મોટા યત્નોને પાર પાડી શકે છે.

એકતા અને સંગઠનનો દુરુપયોગ પણ હદથી વધારે માત્રામાં થઈ શકે છે. જાતીય સ્વાર્થ, પ્રાન્તીય સ્વાર્થ અથવા આવા જ બીજા સંકુચિત સ્વાર્થને સંતોષવા જ્યાં એકતા થાય છે તે એકતા નશો પેદા કરે છે. આવા સંકુચિત સ્વાર્થ માટે પેદા થયેલી એકતા એક માણસના હાથે બીજા માણસનો, એક જાતિના હાથે બીજી જાતિનો, એક સંપ્રદાયવાળાના હાથે બીજા સંપ્રદાયવાળાનો; એક પ્રાન્તવાળાના હાથે બીજા પ્રાન્તવાળાનો ને એક દેશના માનવીના હાથે બીજા દેશના માનવીનો નાશ કરનારો નશો ઊભો કરે છે.

ને, એ નશાનું પરિણામ ખૂરાઈ અને વિનાશમાં પ્રવર્તે છે. એવો નશો લાવનારૂં સંગઠન અહિંસક સંગઠન નથી. એવો નશો પેદા કરનારો આદર્શ જનકલ્યાણકારી આદર્શ નથી.

ક્યાંક ક્યાંક તો સંગઠનનું સ્વરૂપ માણસની સ્વતંત્ર વિચાર–શક્તિને કુંઠિત કરનારૂં અથવા અવળા માર્ગે દોરનારૂં હોય છે. એ સંગઠન પણ અધઃપતન પેદા કરવાનું કારણ બનતું હોય છે.

સાચું–શુદ્ધ સંગઠન તો માણસના વિચારોની સ્વતંત્રતા પર કુહાડાનો પ્રહાર બને તેવું ભયાનક હોવું જોઈએ.

આપણે જે સંગઠન અથવા એકતાનું વર્ણન કરીએ છીએ, તેનો આધાર સહયોગ, ભાઈચારો, અને એક બીજાની ખામી ઢંકાઈ જાય એવો પ્રયત્ન હોવો જોઈએ, જેથી માણસ જાત આપસ આપસની દુશ્મની, વેર ઝેર [illegible] અને કરવાશથી રંગાઈ જઈ બરબાદ ન થા



[૨]

સન્નારી અને તેનું કર્તવ્ય



'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता: ।'

જ્યાં નારીની પૂજા થાય છે; ત્યાં દેવતાઓ વસે છે.

આ સંસ્કૃત–સૂત્ર નારીની મહત્તાનું ચિત્ર આપણી વિચારભૂમિ પર ખડું કરે છે.

ભારતીય સંસ્કૃતિએ નારીની પ્રતિષ્ઠા ઊંચામાં ઊંચા સ્થાને કરી છે. સંપત્તિની દેવી લક્ષ્મીજી છે. બળની દેવી કાલી છે અને વિદ્યાની દેવી સરસ્વતી છે. ત્રણે ઊંચા સ્થાનો પર નારી જાતિની પ્રતિષ્ઠા દેખાઈ આવે છે.

પશુઓમાં પણ ગાયનું સ્થાન પૂજ્ય માનવામાં આવ્યું છે. 'સીતારામ', 'રાધાકૃષ્ણ', 'ગૌરીશંકર' વગેરે વંદનીય અવતારોમાં સ્ત્રી નામને મોખરે મૂકી ભારતીય સંસ્કૃતિએ નારી જાતિનો મહિમા જાળવી રાખેલો જણાઈ આવે છે.

માણસના જીવનમાં પણ 'માતા'નું સ્થાન બીજાં બધાં સ્વજનો–સગાંથી ચઢિયાતું છે. નારી ક્યારેક માતાના રૂપમાં, ક્યારેક બહેનના રૂપમાં, ક્યારેક અર્ધાંગનારૂપે સમાજના જુદા

જુદા અંગનું પાલન કરે છે. સ્ત્રી શક્તિથી જેઓ અજ્ઞાન રહ્યા છે, તેઓએ જ સ્ત્રીને અબળા કહી પોકારી છે. ને, હજી પણ સ્ત્રી શક્તિની જેને કલ્પના આવી નથી એવા લોકો જ સ્ત્રીને અબળા કહી રહ્યા છે. સાચી વાત કરીએ તો સ્ત્રી અબળા નથી. કોઈ પણ ક્ષેત્રે તે અબળા ન હતી. આજે ય સ્ત્રી અબળા નથી.

સમાજ એક રથ છે. તેને બે ચક્રો છે, એક ચક્ર તે સ્ત્રી અને બીજું ચક્ર તે પુરુષ. બે ચક્રો જ રથને સારી રીતે ચલાવે છે. એક ચક્રથી રથ નિર્વિઘ્ન ચાલતો નથી. સ્ત્રીને અબળા કહેવી યોગ્ય નથી. અબળા કહેવાથી કહેનારી વ્યક્તિ એનું અપમાન કરે છે. ને, સ્ત્રીનું અપમાન તે માતાનું અપમાન છે. માતાના ગૌરવનું અપમાન એટલે સમસ્ત વિશ્વનું અપમાન છે.

જીવ કલ્યાણના ક્ષેત્રે સ્ત્રીઓ સદાકાળ પુરુષોથી આગળ રહી છે. સ્ત્રીનું હૃદય દયાનો સમુદ્ર છે. સ્ત્રી હૃદયની કોમળતાજોડે ફૂલની કોમળતાને સરખાવીએ તો સ્ત્રી હૃદય ફૂલથી કેટલાય ગણું કોમળ જણાશે.

સ્ત્રીમાં આ ગુણ અલૌકિક છે. એ ગુણની શક્તિ પર સ્ત્રી આત્મ–સાધનાનો માર્ગ સરળ રીતે હસ્તગત કરી શકે છે. ને, સમાજમાં સાચી વ્યવસ્થા અને શાંતિભર્યું વાતાવરણ પેદા કરી શકે છે.

આજે આખા જગતની રાજનીતિ પુરુષોના હાથમાં છે; એથી યુદ્ધની તૈયારીઓ ચાલી રહી છે. આણુવિક શસ્ત્રાસ્ત્રો

(અણુ બૉમ્બ વગેરે) ના ઉત્પાદન અને અખતરા જોર શોરથી થવા માંડ્યાં છે. પણ રાજનીતિના અને રાજકારભારના સુકાન સ્ત્રીઓના હાથમાં હોય તો આવી જાતની ભયાનક લડાયક તૈયારીઓની હરિફાઈમાં માણસ જાતના ભવિષ્યની બરબાદી ન કરે.

પણ આજે સ્ત્રી જાતિ તરફ દરેક બાબતમાં બેદરકારી કેમ સેવાય છે? રાજકારભાર ચલાવવાના કામમાં, સામાજિક પ્રગતિની ચળવળોમાં અને આ જાતના બીજા મહત્ત્વના કામોમાં સ્ત્રીને કેમ પૂછવામાં નથી આવતું?

સ્ત્રીઓને પછાત રાખવામાં પુરુષોનો જે સ્વાર્થ છે, તે તો છે જ. પણ સ્ત્રીઓએ પોતે પણ પોતાના દોષો દૂર કરવા જોઈએ.

સ્ત્રીઓ વધારેમાં વધારે કાળજી પોતાને કપડાંથી ને જુદા જુદાં ભૂષણોથી સજાવવામાં રાખે છે એટલી કાળજી બીજા કોઈ પણ કામમાં ધરાવતી નથી. લુગડાંલતાં, ઘરેણાં, સ્નો પાઉડર, તેલ સાબુ લિપસ્ટિક વગેરે પ્રસાધન-સામગ્રીઓ સ્ત્રીના ચિન્તનમાં ખૂબ જ રમે છે. જ્યારથી વિદેશી ફેશનનું ભૂત ભારતીય સ્ત્રીઓના મસ્તક પર સવાર થયું છે, ત્યારથી દિવસમાં પાંચ-સાત વાર કપડાં બદલવાના તથા મુખ પર સ્નો પાઉડર લગાડવાનાં કામોમાંથી એમને ફુરસદ મળતી નથી. આ પ્રકારે એમનાં ધ્યાન અને પરાક્રમ શરીર સજાવટમાં રોકાઈ જાય છે.

પુરુષોએ સ્ત્રીને માત્ર પોતાના વિલાસી જીવનની ભોગ સામગ્રી માની લીધી. એમણે સ્ત્રીને ચાર દીવાલો વચ્ચે બંધ ખી, એને ગુલામડી બનાવી. પરિણામ એ આવ્યું કે જગ-ની અદ્ભુત સ્ત્રી-શક્તિ સદા-સર્વદા માટે રૂંધાઈ ગઈ; ઠિત થઈ ગઈ. પણ હવે એ સ્ત્રી-શક્તિને કંઈક સમજતી ઈ છે. એટલે એણે પોતાની શક્તિને સંપૂર્ણ ઓળખવી રૂરી છે.

ને, કુદરતે એને જે સ્વાભાવિક સદ્ગુણ આપ્યો છે; નો એણે પૂરો લાભ લેવો જોઈએ. એ મહાન સદ્ગુણોની ીતલ છાયામાં સમસ્ત સમાજ શાંતિ અને હર્ષ અનુભવી કશે.

પ્રાચીન કાળમાં ગાર્ગી, મૈત્રેયી વગેરે જેવી જ્ઞાનવતી વિદુષી સ્ત્રીઓએ પોતાના જ્ઞાન-વૈભવથી માણસ જાતનો તિહાસ સમૃધ્ધ કર્યો. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ સમી ીરાંગનાઓએ દેશની સ્વતંત્રતા માટે સ્ત્રી શક્તિનો પરચો ખાડ્યો, ને મીરા જેવી આધ્યાત્મવાદી ભક્ત સ્ત્રીઓએ માનવ સંસ્કૃતિને ઉજ્જવલ કરી.

આજે પણ સ્ત્રીઓએ તેમનો મહાન આદર્શ સ્થાપિત રવાનો પ્રયાસ કરવો જોઈએ. રૂઢિવાદ, અંધવિશ્વાસ અને અજ્ઞાનના કારાગારમાંથી બહાર નીકળવું જોઈએ.

પુરુષ નીતિનું ખૂન કરનારા સાધનોદ્વારા પૈસા ભેગા રે છે. લાંચ-રૂશ્વત લેતો ફરે છે. કાળું બજાર ચલાવે છે. આવી જાતના બીજા રસ્તેથી પણ પુરુષ ધન મેળવતો રહે છે.

આ બધું પુરુષે શા કાજે કરવું પડે છે? કારણ કે એણે એની બૈરી માટે ઘરેણાં અને કિંમતી કપડાં ખરીદ કરવાનાં હોય છે. બૈરીએ શરીર શોભા જાળવવા મંગાવેલાં શૃંગારસાધનો ખરીદવાનાં હોય છે. એથી જ પુરુષે કાળાં બજારનો, ચોરનીતિનો, લાંચરૂશ્વતનો ને એવા જ બીજા શયતાની માર્ગનો આશ્રય લેવો પડે છે. જો સ્ત્રી ચોખ્ખું કહી દે કે 'મારે શરીર શોભા જાળવનારાં કે વધારનારાં તેલ, સાબુ, પફ પાઉડર વગેરેમાંનું કંઈ જ નથી જોઈતું. હાડ ભપકાની એક પણ ચીજ મારે નથી જોઈતી. હું તો સાવ સાદાઈથી રહેવા માગું છું.'

તો, પુરુષે નીતિની હત્યા કરનારા રસ્તે જવાની [illegible] ન પડે. [illegible] કે જ્યાં જ આરામ [illegible] તેમાં ઘણી મંદી આવે. પણ આ સવાલ ગૃહિણી-ઓએ [illegible] જેવો છે.

[illegible]

બાલ-મનોવિજ્ઞાન પ્રમાણે બાલક જે નજરે જુએ છે, તે કરતું હોય છે એટલે કે તે નકલ કરે છે. બાલકની સાવ નજીક એની માતા હોય છે. માતાના આચરણ બાલક જોતું હોય છે. માતાની પ્રવૃત્તિ બાલક જોતું હોય છે. એથી એની છાપ બાલકના મન પર તરતજ પડે છે ને બાલક માતાના આચરણની, માતાની પ્રવૃત્તિની નકલ કરતાં શિખે છે.


માતાએ પોતાનું જીવન સાદું, પવિત્ર અને ઊંચા આચાર વિચારોથી ભરેલું રાખવું જોઈએ. માતાના જીવનમાં સારાં કાર્યો જોનારૂં બાળક સારાં કાર્યો કરતાં શિખવાનું છે અને ખરાબ કામો જોનારૂં બાળક ખરાબ કાર્યો કરતાં શિખવાનું છે.


માતા બનવું બહુ સહેલું છે પણ માતૃત્વના કઠિન કર્તવ્યોનું પાલન કરવું સહેલું નથી. જે સ્ત્રી માતૃત્વના કઠિન કર્તવ્યનું પાલન નથી કરતી; ને પોતાનાં બાલક-બાલિકાના જીવનને સાચા-સન્માર્ગે વાળનારૂં વાતાવરણ નથી જમાવતી તે સ્ત્રી પોતાની ફરજ સાથે દગો રમવા ઉપરાંત પોતાની જિંદગી સાથે ને સમસ્ત સમાજ સાથે પણ દગો રમે છે.

કુટુંબમાં કલહ કંકાસ અને એક બીજાની અદેખાઈ માટે સ્ત્રીઓને જવાબદાર લેખવામાં આવે છે, પુરુષોના ઝઘડા બહુ જ ઊંડા, બહુ ફેલાયેલા અને ભયંકર હોય છે અને સ્ત્રીઓના ઝઘડા ખાસ કરીને ઘર કુટુંબની અંદરના જ હોય છે. છતાં ઘર કૌટુંબિક જીવનમાં ઝેર પેદા થતું હોય તો સ્ત્રીઓના ઝઘડાથી જ.

ઘરનું સંપૂર્ણ વાતાવરણ સેવા અને પ્રેમના દાખલા બને, એવા પ્રયત્નો થવા જોઈએ.

ભારતીય સમાજ વ્યવસ્થામાં હજી પણ સંયુક્ત કુટુંબ એમાં વૃદ્ધ સ્ત્રી પુરુષ પણ હોય છે. સમાન વયનાં પણ હોય છે. ને, કુટુંબીજનો મોટી સંખ્યામાં પણ હોય છે. બધાંનો સ્વભાવ, બધાંનાં રંગ–ઢંગ ને બધાંની રુચિ જુદી જુદી, અલગ અલગ હોય છે. એવી સ્થિતિમાં જાત જાતના મતભેદ થવાનાં કારણો પણ હોય છે. પરંતુ પ્રેમ, ધીરજ, સહનશીલતા અને એકબીજાને નિભાવી લેવાની પ્રવૃત્તિથી બધા મતભેદ શનૈઃ શનૈઃ ઓછા થઈ શકે છે. આ બાબત સ્ત્રી પર વધારે આધાર રાખે છે. સ્ત્રીનું કર્તવ્ય છે કે આખા કુટુંબ–ઘરને એકતાના સુખમય દોરાથી તે બાંધી રાખે ને ઘરના વાતાવરણમાં અદેખાઈ, વેરઝેર કે કલહ કંકાસની એકે ચિનગારી ઘૂસવા ન પામે એની પૂરતી તકેદારી રાખે.





[૩]

સુખી જીવનનો આધાર

માણસ સુખ ઊભું કરી પોતાને દુઃખથી અળગો રાખવા ઇચ્છે છે. સુખ મેળવી લેવામાં જ તે જીવનનો ઉદ્દેશ સમજી બેઠો છે.

તે નાણું કમાય છે, જશ કમાય છે, ઊંચા હોદ્દા હસ્તગત કરે છે, રાજદરબારનું સુકાન હાથમાં લે છે. પણ આ બધું શા કાજે ? માત્ર એ હેતુથી કે તેને સંતોષ મળે; તે આનંદમય બની રહે.

પણ રખડપટ્ટી, મગજમારી અને તકલીફો વેઠવા છતાં તે સુખથી દૂર રહે છે. એટલું એટલું કરવાથી પણ એના અંતર મનમાં એ જ ચિન્તા, એ જ અસંતોષ ને એ જ દુઃખની જ્વાળા સળગતી રહે છે.

કોઈ એમ સમજે છે કે સુંદર સ્ત્રી મેળવી લેવાથી સુખ મળશે. કોઈ એમ માને છે કે નાણાંની રેલમછેલમાં જ સુખ ભરેલું છે.

આ પ્રમાણે આપણે પોતે આપણી ભૌતિક દુનિયામાં રણનાં આભાસોને મેળવવાના માર્ગમાં ભમી રહ્યા છે.

જે પ્રમાણે જંગલમાં એક ભોળું હરણું કસ્તૂરીની મનમોહક સુગંધ મેળવવા તથા સુગંધ ક્યાંથી આવી રહી છે, તેની શોધ કરવામાં દોડધામ કરે છે; ને, ગજા ઉપરાંત દોડી પોતાના કુમળા પગને થાક તેમજ બીજા આઘાતથી વેદનાથી ગ્રસ્ત કરી મુકે છે; છતાં એને ખબર નથી પડતી કે એના હૃદયને ખુશ કરનારી સુગંધ કઈ જગાઓથી આવે છે. બરાબર, આ જ હાલત છે માણસની.

ખરી હકીકત એ છે કે જંગલમાં ભટકનારા ભોળાં હરણું જે કસ્તૂરીની શોધમાં હેરાન થતાં હોય છે, તે કસ્તૂરી તેમની નાભિમાં જ વસી હોય છે. એ જ પ્રમાણે માણસ જે સુખ, શાન્તિ, સંતોષ અને તૃપ્તિની શોધમાં ભટકે છે તે બધું એના અંતરાત્માની સત્પ્રવૃત્તિ રૂપી નાભિમાં વસેલું છે.

ભૌતિક દુનિયાના ચક્રાવામાં સુખની વાંછના રાખનારો ભોળો માણસ આ સત્યને સમજે તો !

બહારની દુનિયામાં સુખ મેળવી લેવા માટે કરવામાં આવેલા હજારો યત્નો એ રીતે નકામા જશે, જે રીતે રેતીના સુક્કા રણમાં રેત-મંથન કરી તેલ શોધવાનો પ્રયાસ કરનારા શોધકો નકામી મહેનત કરે છે.

જ્યાં લગી મનની અસ્થિરતા તથા ચંચળતા પર કાબૂ રાખવામાં નહિ આવે, ત્યાં લગી સુખના દરવાજા ઉઘડવાના

નથી. મનની ગુલામી જ બધાં દુઃખોનું મૂળ છે. ક્ષણિક અને નશ્વર ભૌતિક સમૃદ્ધિની પ્રાપ્તિથી ઉન્મત્ત થઈ જવું અને એ સમૃદ્ધિ ન મળવાથી ત્રાસી ઊઠવું એનું જ નામ મનની ગુલામી.

જેણે પોતાના મનને કાબૂમાં લીધું છે અથવા માનસિક સંકલ્પ–વિકલ્પોની દુનિયાથી જે ઊંચે ગયો છે; એના જીવનમાં સમભાવ, સંતુલન અને સમતાનું મધૂર ગીત ગૂંજી રહે છે.

આવું ગીત જેના જીવનમાં ગૂંજતું થાય છે, એવા માણસને કોઈ પણ ભૌતિક વસ્તુ મળવાથી કે તેવી વસ્તુ જતી રહેવાથી ઉન્મત્તપણું, અસ્થિરપણું, ચંચળતા કે વિકલતાની માત્રાઓ ગુલામ બનાવી શકતી નથી. માટે જેણે સુખના માર્ગ તરફ આગળ ધપવાની સાધના કરવી હોય તેણે સર્વ પ્રથમ પોતાના મન ઉપર કાબૂ મેળવી લેવો જોઈએ.

જે લોકો ભૌતિક સમૃદ્ધિમાં સુખની જુઠી કલ્પના કરી એની પાછળ ભટકેછે તેઓ ઈર્ષ્યાથી ઘેરાય છે; ને, એમનાં હૃદય દયાવિહોણા બની જાય છે.

એવા માણસો જેમની પાસે ભૌતિક સંપત્તિ–પૈસા, જશ, પદ, સ્ત્રી વગેરેમાં તેમનાથી વધારે ધરાવનારા માણસોની અદેખાઈથી બળતા હોય છે.

એમના મલિન મનમાં એમ થતું હોય છે કે મારાથી વધારે નાણાં તેણે શી રીતે એકઠાં કર્યાં ? તેને દેખાવડી બૈરી

મલિન મનનો માનવી તેનું બૂરું ઇચ્છનારો થઈ જાય છે. અદેખાઈની આગના ભડકા મલિન મનના માનવીને બાળે તાપવા માંડે છે. પછી તો દુનિયાના ગરીબો, નિરાશ્રિતો, દીન-દુઃખિયાંજનો તરફની એની દ્રષ્ટિ પોતાની સંપત્તિને શીરીતે વધારવી એમાં જ ગુંચવાયેલી રહે છે.

તે એટલુંય વિચારતો નથી કે શ્રમિક (મજૂર) આખો દિવસ શરીર તોડી મહેનત કરે છે; ને પોતાનો પસીનો પાડે છે, એને પેટ પૂરતું ખાવા મળે છે કે નહિ? રસ્તા પર હેલ પાટી કરનારા તથા નાના પ્રકારની ફેરી કરનારા શ્રમિકોની સ્ત્રીઓ તેમની ઇજ્જત-મર્યાદાનું રક્ષણ કરી શકે તેવાં ફાટ્યાં તૂટ્યાં લુગડાં તેમની પાસે છે કે નહિ? ફાટેલાં વસ્ત્રોને સાંધવા પૂરતાં થીગડાં તેમની કને છે કે નહિ? બીમારી ભોગવતા ગરીબો તેમના જીવનું રક્ષણ કરી શકે તેવા દવાના ને માવજતનાં ઠામઠેકાણાં તેમને મળે છે કે નહિ? નિરાશ્રિત મજૂરોને પડી રહેવા પૂરતી ઝૂંપડી તેમની પાસે છે કે નહિ? ઝૂંપડી તો ઠીક, પણ ફુટપાથ પર કે સડક પર સુઈ રહેવાની એમને સગવડ મળે છે કે નહિ?

આવો કોઈ પ્રશ્ન મલિન મનના માનવી વિચારતા જ નથી. તેઓ તો પોતાની આવક અને પોતાની પુંજી વધારવાની ધૂનમાં અસહાય રોગીઓ તેમજ ગરીબોનું શોષણ કરીને પણ તેમના હક્ક છીનવી પોતાની તિજોરીઓ ભરવા ઇચ્છે છે.

આટલું કરવાથી તેમને સુખ મળે છે ખરું?

એમના અંતરમાં અશાંતિના ને ચિન્તાઓના દાવાનલ સળગતો રહે છે. કારણ કે સુખ એ સંપત્તિમાં નથી. સુખ તો પોતાની સદ્વૃત્તિઓમાં છે; સદ્ભાવનાઓમાં છે; પોતાના આત્મસંતોષમાં છે.

જે માનવી એવી મૃગતૃષ્ણામાં ફસેલો છે, તે માનવી કદિ પણ સાચું સુખ મેળવી શકતો નથી.


આજના યુગમાં વિચારોનો વિકાસ તીવ્ર ગતિથી થયો છે, એમાં હવે વ્યક્તિગત સુખનો સિદ્ધાંત યોગ્ય રહી શક્યો નથી. જે સુખ સંપૂર્ણ સમાજને મળી શકે તે સુખ જ સાચું સુખ છે. જ્યાં સુધી સામાજિક ન્યાયની સ્થાપના નથી થતી, વિષમતા અને શોષણ રહી રહ્યાં છે અને એક માનવી કોઈ પણ રીતે સારાં-નરસાં કર્મો દ્વારા પોતાના સુખનાં સાધનો જમાવી દેવામાં ફાવતો રહે છે, ત્યાંસુધી સામાજિક સુખનું મૂળ રોપાશે નહિ. કેમકે આગામી યુગમાં વ્યક્તિગત સુખની જગાએ સામાજિક સુખની સ્થાપના કરવી પડશે. એટલા માટે શોષણ, વિષમતા, આળસ વગેરે દોષોથી અલગ રહેવું પડશે. બીજાઓની મહેનત પર, બીજાઓની જહેમત પર આરામભર્યું જીવન વ્યતીત કરવાનો જમાનો ધીરે ધીરે ખતમ થવા માંડ્યો છે. માટે માણસે ભૌતિક-સુખ-સમૃદ્ધિ મેળવવા જે ઉપાયો કર્યા છે; તે ઉપાયોને તિલાંજલિ દેવી પડશે.

સાચું સુખ વસ્તુને મેળવી લેવામાં નથી હોતું. કોઈ વસ્તુ ન મળે કે હોવા છતાં જતી રહે તો તેથી અંતર ન મૂંઝાય

[illegible] જ સુખ [illegible] શેનું [illegible] ને સુખ [illegible] નથી. વસ્તુનું જ્યાં મહત્વ છે, ત્યાં સુખ નથી. [illegible] છે.

જ્યાં વસ્તુનું મહત્ત્વ જ નથી; અને મનની પ્રવૃત્તિઓ સારાં કામથી ગાળતી રહે છે. ત્યાં જ સાચું સુખ છે. એ સુખનો નાશ કોઈ કરી શકતું નથી. એ સુખ વિલીન થઈ શકતું નથી. એ સુખ વ્યાપક રૂપ ધારણ કરી જીવનમાં આનંદની રેલ વહેતી રાખે છે.





ધનનો મોહ

ધનનો મોહ માણસના સદ્ગુણોનો નાશ કરે છે ને એને તિરસ્કૃત કાર્યો તરફ ઘસડી જાય છે. મહાપુરુષોએ એને સર્વથી મોટો શત્રુ ગણ્યો છે.

'લોહો સવ્વ વણાસણો' આ વાક્ય ભગવાન મહાવીરનું છે. એમણે અર્થ–નાણાંના લોભને બધા જ આત્મ–ગુણોનો વિનાશ કરનારો કહ્યો છે.

'इच्छा हु आगास समा अणंतिया' નાણાંની ઈચ્છા (લોભવૃત્તિ)ને એમણે આકાશની જેમ અંત વગરની અનંત કહી છે.

આજે આખી દુનિયા વધારે ને વધારે નાણાં મેળવી લેવાની હરિફાઈમાં ઊતરી છે. ને, એ નાણાં માત્ર સિક્કાના રૂપમાં અંકિત થયાં છે. એ સિક્કાના કારણે ધનસંગ્રહ પણ સરળ બન્યો છે.

ને, એને મેળવવા માટે માણસ ઉચિત અનુચિત વચ્ચે કશો જ ભેદ સમજતો નથી.

કોઈ એક યુગમાં ધનનો અર્થ હતો અધિક ઘોડા, હાથી, મકાન, જમીન, ગાય, ભેંસ વગેરે. પણ આજે તો કાગળ પર

છાપેલી નોટ ધનનું રૂપ ધારણ કરીને માણસને પરેશા કરી રહી છે. ધનના આ નકલી રૂપે શોષણની રીતને ગંદેલા બનાવી દીધી છે. ને, મોટા ધનવાનોના હાથમાં તમામ સંપ-ત્તિને એકઠી કરી મૂકી છે.

ધન કોઈ પણ જાતનું હો, જ્યાં સુધી તેનો ઉપયોગ સમાજના હિતમાં સંપૂર્ણ થાય છે, ત્યાં સુધી તો તે બરાબર છે, પણ જ્યારે વ્યક્તિ પોતાના ભોગ-વિલાસ માટે એટલે કે પોતાની સ્વાર્થસાધના માટે કરે છે ત્યારે તે ધન તલવારની ધાર પર લપેટાયેલી હિંસા પેઠે દોષપૂર્ણ અને કષ્ટદાયક સાબિ થાય છે.

એ ધન ક્ષણ ભર તો ઉપરના ભૌતિક સુખોનું સાધ બને છે. પણ માણસને આળસુ, હૃદયહીન, વિલાસી અ નકામો બનાવી જ્યારે જતું રહે છે ત્યારે માણસ અત સંકટયુક્ત હાલતમાં ફસાઈ જાય છે. આ તથ્યને ન સમજન માણસ પૈસો ભેગો કરવા પાગલ બનેલો છે.

ધન એક જાતનો નશો છે. જ્યારે એ નશો વધે છે ત્યારે માણસ પોતાનો વિવેક ગુમાવે છે. એ નશામાં ચકચૂર બનેલો માણસ એવાં માનવતા વિરોધી કામ કરી બેસે છે; જે કૃત્યો એને પતિત કરી દે છે. એના મનમાં એ ધૂન રમવા માંડે છે કે આખી દુનિયામાં હું સર્વશ્રેષ્ઠ ધનવાન બની જાઉં. એની આ તૃષ્ણાના પરિણામ સ્વરૂપ જગતમાં નાના પ્રકારની જુદાઈઓ અને તકરારો વધતાં રહે છે. ચોરી, ડાકાયટી, લૂંટ ફાટ, વેશ્યાવૃત્તિ વગેરે માણસાઈનો નાશ કરનારી બીમારીઓ સમાજમાં પેદા થાય છે.

મૂડીવાદની ઘૃણિત મનોવૃત્તિથી પરેશાન થઈને જ વિચારકોએ સમાજવાદનો સિદ્ધાંત અપનાવ્યો; ને, જણાવ્યું કે 'જે કંઈ દોલત છે, મશીનરી છે, જમીન છે તથા બીજી જાતની સ્થાવર અને જંગમ સંપત્તિ છે; તે પર કોઈ પણ એક વ્યક્તિની માલિકી નહિ રહે. એની માલિકી સમસ્ત સમાજની છે. એનો ઉપયોગ સમાજના હિતમાં કરવામાં આવશે.'

અતિ સંગ્રહ પર અંકુશ મૂકવા સહુથી પ્રથમ ભગવાન મહાવીરે અપરિગ્રહવાદનો વિચાર કર્યો. અપરિગ્રહવાદમાં સમાજવાદ સ્વતઃ સમાહિત છે.

ગાંધીજીએ પણ મૂડીપતિઓને જણાવ્યું : 'તમારી પાસે જે સંપત્તિ છે, એના સ્વામી તમે નથી. એ સંપત્તિનો ઉપયોગ તમારા ભોગવિલાસ માટે કરવાનો તમને અધિકાર નથી. સમાજની એ સંપત્તિ તમારી પાસે જમા-અનામત પડેલી છે. તમે એના ટ્રસ્ટી છો. તમારું કર્તવ્ય છે કે સમાજ કલ્યાણ માટે; સમાજહિતના ઉત્તરોત્તર કાર્યો થતાં રહે તે માટે, તે સંપત્તિ ખર્ચાતી રહે. તમે તમારી ફરજ અદા ન કરી શકો તો સમાજ પોતાની જમા-અનામત મૂકેલી સંપત્તિ તમારી પાસેથી પાછી લેવા હક્કદાર છે.'

આ સત્યકથન મહાત્મા ગાંધીજીએ ઘણા સમય પૂર્વે વિદિત કર્યું છે. પણ અફસોસ એ છે કે લોકો આ આદર્શ -સિદ્ધાંતને ભૂલી જાય છે. ને, નાણાંના નશામાં મદોન્મત્ત બની જઈ સંગ્રહખોરીનું અપૂર્વ સ્વાગત કરે છે. [illegible] એને મોજશોખ, વ્યસનવિલાસ તથા ભોગમાં ખર[illegible]

પૂંજીવાદની ઘૃણિત મનોવૃત્તિથી પરેશાન થઈને જ વિચારકોએ સમાજવાદનો સિદ્ધાંત અપનાવ્યો; ને, જણાવ્યું કે 'જે કંઈ દોલત છે, મશીનરી છે, જમીન છે તથા બીજી જાતની સ્થાવર અને જંગમ સંપત્તિ છે; તે પર કોઈ પણ એક વ્યક્તિની માલિકી નહિ રહે. એની માલિકી સમસ્ત સમાજની છે. એનો ઉપયોગ સમાજના હિતમાં કરવામાં આવશે.'

અતિ સંગ્રહ પર અંકૂશ મૂકવા સહુથી પ્રથમ ભગવાન મહાવીરે અપરિગ્રહવાદનો વિચાર કર્યો. અપરિગ્રહવાદમાં સમાજવાદ સ્વતઃ સમાહિત છે.

ગાંધીજીએ પણ પૂંજીપતિઓને જણાવ્યું : 'તમારી પાસે જે સંપત્તિ છે, એના સ્વામી તમે નથી. એ સંપત્તિનો ઉપયોગ તમારા ભોગવિલાસ માટે કરવાનો તમને અધિકાર નથી. સમાજની એ સંપત્તિ તમારી પાસે જમા-અનામત પડેલી છે. તમે એના ટ્રસ્ટી છો. તમારું કર્તવ્ય છે કે સમાજ કલ્યાણ માટે; સમાજહિતના ઉત્તરોત્તર કાર્યો થતાં રહે તે માટે, તે સંપત્તિ ખર્ચાતી રહે. તમે તમારી ફરજ અદા ન કરી શકો તો સમાજ પોતાની જમા-અનામત મૂકેલી સંપત્તિ તમારી પાસેથી પાછી લેવા હક્કદાર છે.'

આ સત્યકથન મહાત્મા ગાંધીજીએ ઘણા સમય પૂર્વે વિદિત કર્યું છે. પણ અફસોસ એ છે કે લોકો આ આદર્શ-સિદ્ધાંતને ભૂલી જાય છે. ને, નાણાંના નશામાં સદોન્મત્ત બની જઈ સંગ્રહખોરીનું અપૂર્વ સ્વાગત કરે છે; પછી મોજશોખ, વ્યસનવિલાસ તથા ભોગમાં ખર

'સર્વે ગુણાઃ કાંચનાશ્રયંતિ ।' આ કહેવત ઘડી કાઢનારે ધનવાનો પર એક તીખો વ્યંગ વર્ષાવ્યો છે.

ધનવાન થયા પછી માણસ પોતાને સર્વોત્તમ સમજવા માંડે છે. ધનવાન થયા પછી તે વિદ્વાનો, વિચારકો, કવિઓ દાર્શનિકો અને સત્પુરુષોનો આદર નથી કરતો. ધનવાન પોતાના અહંકારમાં સારાસારનું જ્ઞાન સુદ્ધાં ભૂલતો રહે છે.

આજ સમાજમાં ધનને બીન જરૂરી પ્રતિષ્ઠા મળી ગઈ છે. એને ખત્મ કરી સદ્ગુણોને, વિદ્યાને, સાહિત્યને તથા કલાને પ્રતિષ્ઠા આપવી જોઈએ. જો આ પ્રમાણે પ્રતિષ્ઠાનું સ્થાન બદલવામાં આવે તો લોકો ધનવાન બનવાની આકાંક્ષા પડતી મૂકી સદ્ગુણી, વિદ્વાન અને કલાકાર બનવાની મહેનત કરવા માંડે. સમાજનો ઉદ્ધાર ધનવાનોના હાથથી નહિ, પણ સત્પુરુષો, વિદ્વાનો, અને વિવેકવાનોથી જ થશે.



[૫]

ભાવનાઓની શુદ્ધિ જ પ્રાર્થના છે.



દરેક કામ શરૂ કરતી વખતે, આરંભ કર્યા અગાઉ પ્રાર્થના કરવાની પરંપરા જગતનાં બધાં ધર્માનુયાયીઓમાં ને જાતિઓમાં છે. પ્રાર્થનાથી માણસને ભગવાનના પૂર્ણ રૂપ સાથે પોતાની અપૂર્ણતાનું ભાન થાય છે; ને, પછી એ પોતાની અપૂર્ણતાને પૂર્ણતાના રૂપમાં ફેરવવાનો સંકલ્પ કરે છે. સાથે જ તે પોતાના આત્મબળને જાગૃત કરી એ દ્રઢતા ધારણ કરે છે: 'હું ઊંચા આદર્શને અથવા તો સત્કર્મને અવશ્ય સાધ્ય કરી શકીશ.

જ્ઞાનીઓએ પ્રાર્થનાના ઉચિત માર્ગ પર આગળ ધપતાં કહ્યું છે : 'સોઽહમ્' એટલે કે–'હું પણ એ ભગવત્–શક્તિ છું. માત્ર થોડાં જડ આવરણોના પાશમાં ઘેરાઈ જઈ આ અવસ્થામાં પડી રહ્યો છું. પણ મારી સતત્ સાધના અને પ્રાર્થના મને પરમ ચૈતન્ય શકિતના રૂપમાં પલ્ટી શકે છે.'

લોકો પ્રાર્થનાને પણ એક પરંપરા અથવા રૂઢિ બનાવી એના શાબ્દિક સ્વરૂપને જ જુએ છે. ને, એમાં જ ડૂબેલા

રહે છે. પરંતુ શાબ્દિક પ્રાર્થનાથી કામ પૂરું થઈ શકતું નથી; વાસ્તવિક પ્રાર્થના તો ભાવનાઓની શુદ્ધિમાં છે. પછી જીવનને તો શુદ્ધિથી જ સાધી શકાય છે.

ભાવનાઓ અને જીવનની વિશુદ્ધિ માટે જ પ્રાર્થના છે.

જેમ આપણે જે ઘરમાં રહીએ છીએ તે ઘરની સાફ-સફાઈ માટે તથા તેને શુદ્ધ કરવા ઝાડૂ મારીએ છીએ, તે પ્રમાણે ભાવનાઓ અને જીવનની સ્વચ્છતા માટે પ્રાર્થના કરવામાં આવે છે.

કોઈ ભોળો માણસ પોતાના ઘરના દરવાજા પર ઝાડૂ ટાંગી મૂકે અને મનમાં એમ વિચારવા માંડે કે ઘર સ્વચ્છ રહેશે. તો તેનું એ વિચારવું તદ્દન નકામું છે. એ જ પ્રમાણે જીવનસાધના કર્યા વગર સવાર સાંજ શાબ્દિક પ્રાર્થના કર્યે જવાથી અથવા પોતાને પૂર્ણતા તરફ આગળ વધી રહેલો માન્યે જવાથી સાચે જ તે ભગવત્ શક્તિની દિશામાં આગળ વધે છે એમ સમજવું સાવ નકામું છે. પણ અંતઃકરણથી વિશુદ્ધ થઈ જે માણસ પ્રાર્થના પ્રમાણે જીવન વ્યતીત કરે છે, તે માણસ પોતાના જીવનમાં પૂર્ણતાના ઊંચા આદર્શ લાવી શકે છે.

પ્રાર્થના કરવાના જુદા જુદા માર્ગ અને રીતો છે. કોઈ સામાયિકના માધ્યમથી, ને કોઈ નમાજના માધ્યમથી, કોઈ સંધ્યાના માધ્યમથી ને કોઈ બીજા પ્રકારના નામથી ને માધ્યમથી પ્રાર્થના કરે છે; પણ પ્રાર્થનામાં માધ્યમથી વધારે મહત્ત્વના અંશ પ્રાર્થી (પ્રાર્થના કરનાર) ની ભાવના તથા જીવન છે. જો ભાવના નિર્મલ હોય અને જીવન નિષ્પાપ હોય તો

[૬

ધીરજ ધરતાં શિખો.

એક ચાલાક યુવકે એક વૃદ્ધ દાર્શનિકને પૂછ્યું: ‘આપના જીવનની સફળતાનું રહસ્ય શું ?’

વૃદ્ધ દાર્શનિકે મંદ હસીને કહ્યું: ‘ધીરજ અને પ્રતીક્ષા.’

યુવકે અમિઠ હસતાં કહ્યું: ‘શું ધીરજ ધરવાથી અને પ્રતીક્ષા કરવાથી દરેક કાર્ય પાર પડવાનો સંભવ છે ?’

દાર્શનિકે જવાબ આપ્યો: ‘હા, વત્સ ! દરેક કાર્ય પાર પડવાનો સંભવ છે.’

યુવકે વિરોધ દાખવતી દલીલ કરી: ‘શું જલમય માર્ગે જલ લઈ ચાલવું સંભવિત છે ?’

આ દલીલ કરતી વેળાએ યુવકે દલીલને અતૂટ માની લીધી હતી. પણ દાર્શનિકે ગંભીરતાથી કહ્યું: ‘હા, તે પણ સંભવિત છે, પણ તે માટે ય તમારે ધીરજ સાથે ત્યાં સુધી પ્રતીક્ષા કરવી પડશે; જ્યાં સુધી જલમય માર્ગનું જલ બરફ રૂપે જામી જાય.’

જ્યારે આ સાંભળી યુવકનો ગર્વ ગળી ગયો ને તેણે દાર્શનિકના ચરણોમાં પોતાનું મસ્તક નમાવી દીધું.

ઉપરોક્ત પ્રસંગથી આપણને દૃષ્ટાંત મળે છે કે કોઈ પણ ઉતાવળથી પાર પડતું નથી. આજનો યુગ વિજ્ઞાનનો યુગ છે. આ યુગમાં ગતિનું મહત્ત્વ છે. દરેક ચીજની માપ-પટી ગતિને જ માનવામાં આવે છે. કોઈ પણ વસ્તુનું મૂલ્યાંકન કરતી વખતે પણ એની ગતિ જોવાય છે. પણ આ ગતિની સાથે ધીરજને અનુરૂપ ધીમાશ અને સંતુલન ન હોય તો તે તીવ્ર ગતિ લાભદાયક નિવડવાને બદલે હાનિકારક સિદ્ધ થાય છે. પૂરી સ્પીડમાં દોડતી મોટર પોતાની દોડવાની ગતિને કાબૂમાં ન રાખે તો અનર્થ નીપજાવે છે, તે પ્રમાણે માણસ સમયાનુસાર ધીમી ચાલ ન સ્વીકારે તો પોતાનો ઉદ્દેશ પાર પાડવા અગાઉ જબરી ઠોકર ખાઈ બેસે છે.

જીવન વિકાસનો રસ્તો બહુ જ લાંબો છે, એ રસ્તામાં અનેક ચઢાણ–ઉતરાણ અને કેડીઓ રહેલાં છે. એથી જ મોટર હંકારનાર ડ્રાઈવર પેઠે માનવી પોતાની વિવેક–બ્રેક લગાવતો રહી જીવનપંથ રૂપી સફરને પોતાના અંકુશમાં ન રાખે તો તેણે આ સંસાર–વનમાં ઉથલી પડવાનું જોખમ રહેલું છે.

ધીરજ વિનાનો અધીરો માણસ પોતાની શક્તિને યોગ્ય પ્રકારે પરખવામાં અસમર્થ રહે છે. 'જલ્દી કરી નાખું.' ની ધૂનમાં તે પોતાના મગજનું સમતોલપણું ખોઈ નાખે છે. અધીરો માણસ જોશ અને ભ્રમને વશ થઈ કંઈ એવાં કામોમાં હાથ નાખી દે છે, જે એની તાકાત બહારનાં હોય છે.

જે લોકો અધીર નથી થતા, જેઓ પોતાનાં દિલ-દિમાગને સ્વસ્થ રાખી પગ મૂકતા રહે છે, અને નિષ્ફળતા મળવા છતાં પણ ધીરજ ન ગુમાવી પોતાના પ્રયત્નોમાં મજ-બૂત રહે છે; તેઓ જીવનને એક દિવસે સફળતાની શિખર પર પહોંચાડે છે. પહેલો પગ દ્રઢતાપૂર્વક, મજબૂતી સાથે મુકી; પછી જ પાછળનો બીજો પગ ઉઠાવનારો માનવી કદાપિ ઠોકર ખાતો નથી. આ જ રીતે તે એક પછી એક એમ અનેક કદમ આગળ ધપતો કાંટા, કાંકરા, ખાડા ખબડા અને ચઢાણ-ઉતરાણવાળા રસ્તાને પસાર કરતો મોડો છતાં ચોક્કસ પોતાના નિર્ધારિત સ્થાને પહોંચી જાય છે. પણ જે માનવી મનમસ્તિષ્કમાં ઉતાવળા પણું ભરી દોડવા માંડે છે, તે જલ્દી હાંફવા માંડે છે, ક્યાંક કાંટામાં ગબડી પડે છે, અથવા તો ઠોકર વાગવાથી લથડી જાય છે. દોટ મુકતી વખતે થોડી ક્ષણો સુધી તો તેને પોતાની ઉતાવળી ચાલ માટે ગર્વ થાય છે. પણ ધારેલા સ્થાને પહોંચવામાં નિષ્ફળતા મળવાથી તેણે પોતાના ઉતાવળાપણા માટે પશ્ચાતાપ કરવો પડે છે. ને પોતાની ઉતાવળી મનોવૃત્તિ પર જ તે ગુસ્સે થાય છે.

જે વ્યક્તિ અધીર, ઉતાવળીયા સ્વભાવનો અને ચંચલ પ્રવૃત્તિનો હોય છે, તેનું મન યશ-પ્રાપ્તિ, ધન અથવા આવી જાતની ભૌતિક પ્રવૃત્તિઓમાં મગ્ન અને આશક્ત હોય છે. ને એવું સમજી બેસે છે કે બસ આ ભૌતિક ઐશ્વર્યનાં પ્રસાધનોને રેકોર્ડ અને હું હસ્તગત કરી લઉં. પણ જે વ્યક્તિ વિચારપૂર્વક, ધીરજથી આગળ વધવાની પ્રવૃત્તિ કરતો હોય છે તે વ્યક્તિ સદૈવ સાંસ્કૃતિક, સાહિત્યિક, કલાત્મક

તેઓ આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં અભિરુચિ રાખે છે. એની દૃષ્ટિ માનવતાવાદી હોય છે. ને સિદ્ધિના શિખર પર નજર સંભાળતો જ નથી; એની નજર તો પોતાના માર્ગ પર જ રહે છે. તે જાણે છે કે પોતાનો માર્ગ સાચો છે એથી એક દિવસે તે સિદ્ધિના શિખરે પહોંચી જશે.

ને, આ જ ઉચ્ચ ચરિત્રનું લક્ષણ છે.

ઉતાવળીઓ ભાવિક માણસ અવિવેકથી ઘેરાઈ જઈ જલ્દી સફળતા મેળવી લેવાની તમન્નામાં પોતાના માર્ગનું યથોચિત ધ્યાન નથી રાખતો ને એથી જ તે પોતાની ખોખ્યાલી દૂર નથી કરી શકતો. આ પ્રમાણે એની અમૂલ્ય શક્તિ વેડફાઈ જાય છે.

ધૈર્યવાળો સ્વસ્થ હૃદયનો માનવી ઉચિત રીતે ચિંતન-મનન કરી પોતાના મત પ્રમાણેનો માર્ગ નક્કી કરે છે ને, પછી સંકલ્પ-વિકલ્પથી દૂર રહી શ્રદ્ધાપુર્વક પોતે વિચારીને નક્કી કરેલા માર્ગ પર આગળ ને આગળ ચાલતો રહી નિત્ય નવીન શક્તિનો સંચય કરે છે. ક્યારેય પણ તે શક્તિહીન નથી બનતો.

સ્વાસ્થ્ય-વિશેષજ્ઞ પણ સલાહ આપે છે કે ધીરે ધીરે ભોજન કરો, જેથી શરીર પોતાની પાચનશક્તિ અનુસાર તેને પચાવી શકે. પ્રકૃતિના બધાં જ કામ તેમની વાસ્તવિક ગતિથી જ થાય છે.

વરસાદ અત્યંત જોરથી પડવા માંડે તો નદીઓમા પૂર

આવે છે. માટે જ વરસાદનું ધીમું આગમન ઉચિત છે. ખેતી તથા વનસ્પતિ માટે પણ ધીમે વરસતો વરસાદ લાભદાયી નિવડે છે.

આ બધી બાબતો વિચારતાં જણાઈ આવે છે કે ધીમું આગમન, ધીરજ અને મનની સ્વસ્થા જીવન માટે જરૂરી છે

જો આપણે ધીરજથી સતત પ્રયત્નો કરતા રહીએ, ઉતાવળાપણાથી ને અનિયમિતતાથી આપણને બચાવતા રહીએ તો નિરાશા અને નિષ્ફળતાના દર્શન કરવાં જ ન પડે.



૭]

સમયનું મૂલ્ય

જીવન અમુક ચોક્કસ મુદ્દત સુધીનું જ છે; ને સમય પણ મર્યાદિત છે. તમામ કામ પૂરાં કરવાનાં છે, માટે દોડી રહેલા સમયનું મહત્ત્વ સમજવું તે જ આપણા જીવનનું પહેલું પગથિયું છે.

જીવતા રહેવા માટે દિવસના ચોવીશ કલાકમાંથી આઠ કલાક તો આપણે નિદ્રાદેવીને સમર્પણ કરવા પડે છે. એ જ પ્રમાણે આઠ કલાક ગુજરાન ચલાવવાના સાધન પાછળ મહેનત કરવામાં પસાર કરવા પડે છે. બાકી રહેલા આઠ કલાકમાંથી કેટલોક વખત શરીરની બીજી ક્રિયાઓમાં જતો રહે છે. આ ગણત્રી કરતાં આપણી પાસે કેટલો વખત બચે છે? જે કંઈ સમય બચે છે તે સમય આપણે કોને આપીએ છીએ? આપણા જીવન વિકાસ માટે તેમજ સમાજ સેવામાં આપણો કેટલો સમય રોકીએ છીએ? આ પ્રશ્ન આપણે જ વિચારવાયોગ્ય

દઈએ તો આપણો જ ગુનો આપણે કરીએ છીએ. અને આપણો ગુનો આપણે કરી બેસીએ, એનું પરિણામ શું? જે માણસ આ પ્રકારે પોતાનો વખત નકામો બરબાદ થવા દે છે તે માણસ જીવનમાં નિષ્ફળ થાય છે.

અનેક યુવકો સિનેમાની ટિકિટ મેળવવા માટે થિયેટરની સામે કલાકોના કલાકો અગાઉ લાઇન લગાવી ઊભા રહે છે, ને એમનો કેટલો બધો સમય સિનેમાની ટિકિટ મેળવવા પાછળ બરબાદ કરે છે?

તેઓ એટલું ય નથી વિચારતા કે તેમનું બાળપણ રમતામાં વીતિ ગયું, ઘડપણ કમજોરી–અશક્તિમાં વીતવાનું છે, યૌવનનાં થોડાં વર્ષો જીવનનાં સર્વ–શ્રેષ્ઠ વર્ષો છે, એ થોડાં વર્ષો સોનાના છે, એ સોનાના વર્ષો દરમિયાન જે કંઈ તેઓ કરશે તે જ જીવન ભરની એની મૂડી છે. પણ એની જુવાની દરમિયાન પોતાના માટે સમાજ માટે ને સમગ્ર દુનિયા માટે ઉદાત્ત પ્રયત્નો કરી શકશે ને પ્રયત્નો તથા તેમનાં શુભ પરિણામો જ યુગ યુગાન્તર સુધી અમર રહેશે.

યુવાનોને એ જોવું જરૂરી છે કે તેઓ [illegible] [illegible] પરિક્રમા કરતા રહે છે, થોડો સમય [illegible] અને અધ્યયન માટે રાખશે તો એમનાં [illegible] બની જશે.

[illegible]

આ ગીદિ જવાબ શું એમના જીવનમાં સાચી મિઠાશ લાવે ખરી ?

જેઓએ જીવનને તારનારું કાગજ નથી કર્યું, તેઓ માટે આ એક મધુરતમ બહાનુ છે. કોઈ કહે કે દિવસે થોડો શારીરિક શ્રમ કરવો જરૂરી છે. અને સુતર કાંતિ શુદ્ધ ખાદી મેળવી તે પહેરવી જરૂર છે; એનું વ્રત લેવું જરૂરી છે.

આ સલાહના ઉત્તરમાં પણ તેઓ તે જ મધુરતમ વાક્ય બોલે છેઃ 'શું કરીએ, અમને વખત જ નથી મળતો.'

જાણે ગાંધીજી જેવા માણસો પાસે બહુ જ વખત હતો, તેથી તે રોજ ચરખો ચલાવતા હતા !

'શું કરીએ, અમને વખત નથી મળતો.' આ ઉત્તર ગોખી રાખનારા માણસોને ગપ્પાં મારવાનો, સિનેમા જોવા પાછળ કેટલાય કલાક વ્યતીત કરવાનો ને અહીં-તહીં બીનજરૂરી કામોમાં રખડવાનો વખત મળે છે. માત્ર એમના સાચા જીવન વિકાસ માટે જ એમને વખત મળતો નથી !

આ જાતની મનોવૃત્તિએ આ સમાજને અવનતિની ઊંડી ખીણમાં ગબડાવ્યો છે અને આ ઘાતક પ્રવૃત્તિએ જ કલાસાહિત્ય સંસ્કૃતિ અને આધ્યાત્મના મૂળને સિંચાવા નથી દીધું.

સમયના મૂલ્યને સમજવાની ક્ષમતા જેનામાં નથી તેઓ તેમની પેઠે બીજાઓના સમયને પણ અવિવેક પૂર્વક નષ્ટ કરે છે. આવા માણસો બીજાઓને મુલાકાત માટે સમય આપે છે. જેને તેઓએ સમય આપ્યો હોય છે, તે માણસ તેને સમય આપનારની વાટ જોતો હોય છે; સમય આપી સમયસર

હાજર થવાનો બદલે બહુ મોડા થનારા માણસો તેમના પોત અને બીજાના અમૂલ્ય સમયની કેવી બરબાદી કરે છે ! કેટલ નેતાઓ પણ આ ભયાનક દોષથી મુક્ત રહ્યા નથી. તેઓ આ સભામાં પહોંચવા અમુક સમય નક્કી કરે છે, સેંકડો, હજા પ્રેક્ષકો તે નેતા મહોદયની રાહ જુએ છે, પણ નેતા મહો કલાકો સુધી વાટ જોવડાવ્યા પછી સભાસ્થાને પહોંચે છે. : પ્રમાણે શ્રોતા–ઓના સમય સાથે તેઓ ઘોર અન્યાય કરી બેસે

જે વ્યક્તિ પોતાના વખતની કિંમત નથી સમજત તે વ્યક્તિ બીજાઓના સમયની શી કિંમત કરવાની છે ?

આપણા સમાજમાં રાષ્ટ્રીય ચરિત્રની અધોગતિનો આ એક સંકેત છે. જેણે સમયની કિંમત પારખી, તે પોતાના જીવનને પારખવામાં સ–ચિત થઈ શકે છે.

બાહોશ ધંધાદારી માણસ નિદ્રાધીન થવા અગાઉ પોતાની રોજનો મેળ મેળવે છે અને પાઈ પાઈનો હિસાબ જોડે છે. આ પ્રમાણે વિકાસ સાધક માણસ પોતાની પળે પળનો હિસાબ જોડે છે. તે હંમેશાં એ માટે સાવધાન રહે છે કે એની એક પળ પણ નકામી ન જાય. કેમકે 'ગયો વખત પાછો ફરીથી ન આવે.' પછી એને ગુમાવનાર માણસ કરોડો આપીને દુનિયા [illegible] પણ [illegible] ગઈ, તે [illegible] જ ગઈ છે, એ કોઈ [illegible] પાછી આવવી જ નથી.


[illegible] માટે ભગવાન મહાવીર [illegible] મંત્ર આપ્યો [illegible] ! મા પ્રમાદ ! ' [illegible] કે એક વખત [illegible] ન [illegible].

ભગવાન મહાવીરે સમયનું વિશેષ રૂપથી આ માનવ નમાં ઉત્કૃષ્ટ મહત્ત્વ બતાવ્યું છે. તેઓ કહે છે કે આ ુષ્ય જીવનના મૂલ્યવાન કાળને અનુચિત ક્રિયા–કલાપો પાછળ ઢી નાખવામાં આવશે તો આત્મા અચોક્કસ યુગો સુધી ંસાર ચક્રમાં ભટક્યા કરશે.

जा जा वच्चई रयणी, न सा पडिनियत्तई
अहम्मं कुणमाणस्स, अफला जंति राइओ ॥
जा जा वच्चइ रयणी न सा पडिनियत्तई
धम्मं च कुणमाणस्स सफला जंति राइओ ॥

જે રાત્રિ વીતિ જાય છે, તે પાછી નથી આવતી. પણ જેની રાત્રિ અધર્મમાં વ્યતીત થતી હોય છે એની રાત્રિ સાવ નકામી બની છે. ને, જેની ધર્મ કાર્યોમાં પસાર થઈ છે, તેની રાત્રિ બહુજ ઉપયોગી નિવડી છે.

એટલા માટે આ મર્યાદિત સમય અને મર્યાદિત જીવ કાળનો પૂરો લાભ ઉઠાવાય એવા પ્રયત્નો કરવા જરૂરી



પોતાની રક્ષા કરો.

આ જીવન ક્ષણભંગુર છે. એટલા માટે એની સારી પેઠે માવજત કરવી જરૂરી છે કે જેથી સંસાર-સાગરમાં આપણું જીવન એળે ન જાય. ભગવાન મહાવીરે કહ્યું છે: 'असंखयं जीविय मा पमायण' એટલે કે જો ક્ષણ માટે પણ બેભાન બની જશો, પ્રમાદી બની જશો, તો આ નાજુક જીવનનું સંરક્ષણ નહિ કરી શકો.

તમે તમને મજબૂત બનાવો. આ માનવજીવનને સુસંસ્કારથી મઢતા રહો. માર્ગમાં કોઈ પણ જગાએ એકાદ ઠેસ વાગશે તો બધું છિન્નભિન્ન થઈ જશે.

કોઈ નાનકડું અથવા તો મોટું ઘર ચણાવવા અગાઉ તેનો પાયો મજબૂત કરવો જરૂરી છે. જે ઝાડ એની ઉપરની બાજુએ જેટલું વધારે વધે છે અથવા ફેલાય છે; તે ઝાડ જમીનના ઊંડાણમાં પણ એટલું જ જામ્યું હોય છે. કોઈ પણ વેપારી વેપાર શરુ કરવા અગાઉ રોકાણ થતી મુડીની રક્ષા માટે બધી જાતના ઈલાજો કરે છે.

એ પ્રમાણે આ મનુષ્યજીવનની પ્રાપ્તિ થયા પછી એને અત્યંત સુદૃઢ બનાવવા માટે આત્મગુણોનો વિકાસ કરવો જોઇએ.

આ જીવનમાં નાના પ્રકારના માનસિક તથા ભૌતિક સંકટો આવે છે. ઝંઝાવાત અને તોફાનનો સામનો કરવો પડે છે. મોહ, માયા અને લાલચનાં તોફાન પ્રબળ બને છે. કામના, વાસના અને મમતાના અંધકાર છવાતાં રહે છે. માટે જ એ સર્વ કઠિન આપત્તિઓથી બચતા રહેવાની તૈયારી પણ રાખવી જોઈએ.

સંસારમાં તમે ધૂળ થઇને આવ્યા છો કે ફૂલ થઇને ?

હે માનવી! જો તું ફૂલ બની આવ્યો હો તો દૃષ્ટિ કર કે તારામાં સુગંધ છે કે નથી ? તારામાં સુગંધ હશે તો તારા ગયા પછી દુનિયા તને યાદ કરશે. ફૂલની સૌરભથી ખુદ ફૂલને નહિ, પણ બીજાંઓને લાભ અને આનંદ મળે છે. તેમ તમારા સદ્‌ગુણોથી તમને લાભ થવા ઉપરાંત, સમાજને વિકાસની દિશા મળશે. પુષ્પની જેમ સુવાસિત નહિ બનો તો ધૂળના કણ પેઠે અનેક કદમો હેઠળ રગદોળાતા રહી પથ પથ પર ભટકતા રહેશો. ને, જે અમૂલ્ય માનવજીવનની તમને પ્રાપ્તિ થઈ છે; તેની સાવ બરબાદી થઈ જશે.

સંસારની બધી જ ભૌતિક સામગ્રીઓ તો એક વખત તો બહુ જ પ્રિય લાગે છે. કેમકે તે મનને લોભાવનારી છે. આધ્યાત્મિક જીવન બહુ જ સાદું સીધું–સરળ હોય છે. તેમાં ઉપર ઉપરની ચમક–ઝમક હોતી નથી. પણ જે વ્યક્તિ ગંભીરતાથી વિચારે છે, તે સરળતાથી સમજી જાય છે કે આ મનુષ્ય

[illegible]

[illegible] પછી તે બની શકતા નથી.

મન કહે છે: 'મધુશાળાની રંગરેલીમાં આનંદનો એક ઘૂંટડો તો પી લે! જીવનનો આ આનંદ તો જગતના અંધકારમાં નર્તકી સાથે બેસી શરાબની પ્યાલીથી મળે છે, એક વખત તો બસ જ મોઢું આપજે એની સાથે બહુ થાય છે. પણ જો તે આ મૃગ-મરીચિકાથી બચવું એનું જ નામ સાચું જીવન છે.'

મન કહે છે: 'અમુક વ્યક્તિની આ હીરાની આંગુઠી અહીં પડી ગઈ છે. પણ એને એ ખ્યાલ જ નહિ હોય. કોણ હાજર છે અહિં! ઉઠાવી લે. દશ હજાર રૂપિયાની આંગુઠી છે. વગર મહેનતે મળતા એ ધન પર તરતજ નજર ચોંટે છે. એને ચૂપચાપ ઉઠાવી લેવા માટે મોંમાં પાણી વહેવા માંડે છે. પણ

આત્મ-પ્રકાશ તરફ

જીવનનો સાચો આધાર પ્રકાશ જ છે. પ્રકાશના આધારે દૃષ્ટિ પણ સારા આકારે કામ કરે છે. અંધકાર ફેલાઈ ગયા પછી કોઈ પણ કાર્ય ઉચિત રૂપમા પાર પડતું નથી. અંધકારમાં રસ્સી સર્પ હોવાનો ભ્રમ ઉપજે છે. જ્યારે બહારના પ્રકાશનું આટલું બધું મહત્ત્વ છે. તો આત્મ-પ્રકાશ એટલે કે આંતરિક આલોકની અપરિમિત આવશ્યક્તાને આપણે સરળતાથી સમજી શકીએ છીએ.

આ આત્મા અનંત પ્રકાશનો પુંજ છે. પણ એ પ્રકાશ પર અજ્ઞાનનો અને કર્મબંધનોનો એક કાળો પડદો છવાયો છે. એ પડદાને હટાવી પ્રકાશનાં ઉજ્જવલ રશ્મિઓ મેળવવાની નિરંતર ચેષ્ટા જારી રાખવી એ જ માણસનું સર્વથી મોટું કામ છે અને એને એ જ એની મંજિલ સુધી પહોંચાડવાનો સાચો માર્ગ છે.

જ્યાં સુધી આત્મ-પ્રકાશની સંપૂર્ણ ઉપલબ્ધિ નથી થતી ત્યાં સુધી 'महाजनो येन गतः स पंथाः ।' આ ઉક્તિ પ્રમાણે

આપણે આપણા પૂર્વજ સત્પુરુષો દ્વારા પ્રદર્શિત સન્માર્ગ પર નિરંતર કદમ બઢાવતા રહેવું જોઈએ.

મહાપુરુષ જે રીતે આચરણ કરે છે, તે રીતે જો આપણે આપણા જીવન-વિધિને ઢાળી શકીએ અને એમના સિદ્ધાંતોને આપણા જીવનનો આદર્શ માની ચાલી શકીએ તો એક દિવસે આપણા આત્મા પર પડેલો આ કાળો પડદો ચીરાઈ જશે.

સમયની વિચિત્રતા અને વિપરિતતાના કારણથી કદાચિત માણસની આગે ઉલઝન પેદા થઈ શકે છે અને એ કિંકર્તવ્ય વિમૂઢ થઈ ઇતિસ્તત: ભટકે છે. જ્યારે ચારે તરફ અંધકાર છવાઈ જાય છે. સીધો રસ્તો સૂઝતો નથી. ત્યારે પ્રકાશનું ફક્ત એક કિરણ મહાપુરુષોના જીવનનો આદર્શ જ રહે છે. તે પ્રકાશથી પોતાના આત્મ-પ્રકાશને એ જ રીતે જાગૃત કરી શકાય છે, જે રીતે એક દીપકની જ્યોતથી બીજો દીપક સળગાવવામાં આવે છે.

ભગવાન મહાવીરે આ આત્માનું અને સૃષ્ટિના અન્ય જડ પદાર્થોનું બહુ જ સૂક્ષ્મતાથી વિશ્લેષણ કર્યું. તેઓએ બતાવ્યું કે માણસ જ્યારે શુભ અથવા અશુભ કર્મ કરે છે ત્યારે તે પુણ્ય અને પાપ રૂપી સારા તથા બૂરાં કર્મબંધનોથી બંધાઈ જાય છે. પુણ્ય અને પાપ બંનેનાં બંધન મોક્ષપ્રાપ્તિમાં અર્થાત સંપૂર્ણ આત્મ-પ્રકાશની ઉપલબ્ધિમાં બાધક થાય છે. તેથીજ આત્મ-પ્રકાશની પ્રાપ્તિ માટે આ કર્મબંધનોનાં આગમનનાં દ્વાર બંધ કરી પ્રથમના કર્મબંધનોને નષ્ટ કરવાનો પ્રયત્નો

'અપ્પ દીવો ભવ' એટલે કે પ્રકાશનું અનુસંધાન ક્યાંય બહાર કરવાની જરૂર જ નથી. તમારી અંદર જે આલોક સમાહિત છે, એને જ ઓળખો અને એનાથી આલોકિત બનો. આત્મા આપણા પોતાનામાં એક દીપક છે; જે અંધકારમાં અજવાળું આપે છે.

આ માનવજીવન તે આત્મ-પ્રકાશને ઓળખવા, તેને પૂર્ણ વિકસિત કરવા સર્વોત્તમ જીવન છે. જ્ઞાન, વિવેક, બુદ્ધિ આદિ કિરણોથી આ મનુષ્યજીવન ભરેલું છે. જો આ જીવનમાં આપણે આત્મ-પ્રકાશની પૂર્ણતા માટે પ્રયત્નશીલ ન બની શકીએ તો તેથી તેનાથી અમૂલ્ય બીજો કયો અવસર આવવાનો છે? આ નાનું સરખું માનવજીવન એ રીતે મૂલ્યવાન છે કે જે રીતે વર્ષાની અંધારી રાતમાં વિજળીનો ચમકારો થાય છે.

જો કોઈ ચતુર વ્યક્તિ તે વિજળીના પળભરના ચમકારામાં રહેલા પ્રકાશનો ઉપયોગ કરી લે તો તેની સ્ફૂર્તિ ચતુરાઈ અને બુદ્ધિની પ્રશંસા આપણે બધા કરશું.

આ માનવજીવન પણ અનંત કાળથી ભવ-ભ્રમણ કરતા આત્મા માટે એટલું જ મૂલ્યવાન છે. જે માણસ આ વખત પ્રમાદી ન બનતાં ગાફિલ ન રહેતાં અને મોહ માયામાં ન ફસતાં. આ અનંત કાળના ભવ-ભ્રમણની બેડીને નષ્ટ કરવામાં સફળતા મેળવે છે. તે માણસ આત્મ-પ્રકાશ તરફ જવામાં સફળતા મેળવી પોતાના ચરમોત્કર્ષ-મોક્ષ સુધી પહોંચે છે. ને, જે પ્રમાદી તથા ગાફિલ બની મોહ માયામાં ડૂબતો રહે છે એના માટે આ અંધકારભરી કોટડી જેવા ભવનું ભ્રમણ છે જ.

—x—

[૧૦]

સત્ય અને મધુર

માણસના જીવનમાં વાણીનું અપૂર્વ મહત્ત્વ છે. વાણી વિનાનો માણસ પૂરેપૂરો અપંગ હોય છે. હૃદયના ભાવોને વ્યક્ત કરવાનું અને બીજાઓના હૃદયમાં પ્રવેશ કરવાનું મોટામાં મોટું સાધન વાણી છે. પણ આ વાણી રૂપી રત્નનો ઉચિત ઉપયોગ કરવાની કલા બધાં નથી જાણતાં. વાણીનાં સદુપયોગથી મહત્ત્વનાં કાર્યો પાર પડી શકે છે.

આ વાણી કેવી હોય તો કારગત નિવડે. એ એક પ્રશ્ન છે. મહાપુરુષોએ આ વાણીનો ઉપયોગ કરી આ સંસારની ઉન્નતિનો સાચો માર્ગ બતાવ્યો. પણ તેઓએ તેમની વાણી રૂપી રથ માટે સત્ય અને મધુર નામના બે ચક્રો જોડી દીધાં. આપણી વાણીમાં જો સત્ય ન હોય કે માધુર્ય ન હોય તો તે વાણી ઝેરનું કામ કરે છે.

કેટલાક લોકો સત્યને તો આવશ્યક માને છે. પણ પોતાના અહંકારને લીધે સત્ય વાણી ઉચ્ચારી ઉલટા અપ્રિય બને છે.

એમને ભ્રમ થાય છે કે સત્ય તો કડવું જ હોય છે. પણ તેઓ એ નથી જાણતા કડવાશ તો વાણીમાં રહેલો એક દોષ છે.

નિર્દોષ વાણીને સત્ય વાણી કહે છે. મહાપુરુષોએ નીતિ વચનમાં કહ્યું છે :

'सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् ।
मा ब्रूयात् सत्यम प्रियम ॥'

કડવાશથી ઉભરાતું સત્ય દબાઈ જાય છે; પ્રભાવહીન બની જાય છે. બીજાઓને વાસ્તવિક માર્ગનું દર્શન કરાવવામાં અને તેમનાં હૃદયને પ્રભાવિત કરવામાં અસમર્થ બને છે. એવા વિવેકહીન તથા કથિત સત્યવાદી સમાજમાં અપ્રિય બની જાય છે. તે એમ નથી સમજતા કે સત્યમાં અને મધુરતામાં કોઈ વિરોધ જ નથી. બંને એક બીજાના પૂરક છે. મધુર અને પ્રિય સત્ય અધિક તેજસ્વી તથા પ્રભાવશાળી સિદ્ધ થાય છે.

સત્ય વાણીના ઉચ્ચારણથી દ્વેષ ઉત્પન્ન થાય છે; એ વાણીમાં રહેલા હિંસાના દોષ હોય છે. સત્યને પ્રાપ્ત કરવાનું સાચું સાધન અહિંસાના મૂળથી ભરેલું બની શકે છે. પણ જ્યાં મૂળમાં હિંસા અને દ્વેષ વહેવા માંડે છે ત્યાં સત્યની પ્રાપ્તિ સંભવિત નથી. દ્વેષ મૂલક વાણીને જે સત્ય સમજે છે, તે પોતે ભ્રમમાં છે. દવાની સાથે મધનો પ્રયોગ કરવામાં આવે તો એ બંનેમાં કેવળ સામ્ય નથી. બલ્કે આ દવાનો પ્રભાવ વધારે જોરદાર થાય છે. મધ કેવળ જીભના

સ્વાદ માટે નહિ, બલ્કે, દવાનું જ એક અંગ છે. મધ પોતે ગુણવાન છે. આ પ્રકારે સત્યની સાથે મધુર વાણી પણ હોય તો તે એક સરસ ચીજ બની જાય છે. સત્ય ક્યારેય પણ કડવું કે અપ્રિય નથી હોતું. સત્યને વ્યક્ત કરનારું પાત્ર તે કહેવાનો ઢંગ જાણતું ન હોય તો તે દોષ સત્યનો નહિ પણ વ્યક્તિનો છે.

પ્રાતઃકાલમાં સૂર્યનું તેજ ઓછું હોય છે. તે પોતાનું તીવ્ર ઓજસ ધીરે ધીરે ફેલાવે છે. જો બપોર જેવો તડકો એકદમ અંધકાર પછી તરતજ પ્રગટ થઈ જાય તો સૃષ્ટિનાં લોકો આંધળા બની જાય. એટલા માટે જ મધ્યાહ્નના તડકા અગાઉ સૂર્ય ઉષા દ્વારા શીતલ રશ્મિ ફેલાવે છે. અને ચાર [illegible] કલાક પછી ઉગ્ર બપોર સર્જે છે.

એ રીતે તમે જે તીવ્રતમ સત્યનું ઉદ્ઘાટન કરવા ચાહતા હો, ને જેના પ્રતિ કરવા ચાહતા હો, તે બંનેનું સંતુલન બરાબર સમજજો. એ વ્યક્તિ કેટલી હદ સુધી આ [illegible] સત્યોદ્ઘાટનાને સહન કરી શકે છે અથવા તો [illegible] તત્ત્વને કેટલી સીમા સુધી સમજવાની ક્ષમતા [illegible] છે, [illegible] સમજ્યા પછી જ ધીરે ધીરે એને એ તીવ્ર [illegible] કરવું જોઈએ.

[illegible] સમાજની જૂની પરંપરાઓ વિરુદ્ધ [illegible] તેઓ કોઈ અમુક વ્યક્તિના [illegible] નથી બન્યા.

[illegible] જૂની પરંપરાઓના [illegible]

'વાબદાર નહિ, પણ જુઠ્ઠી પરંપરાને પોષવાનું રૂઢિચુસ્ત મન
'વાબદાર છે.

યજ્ઞમાં થનારી હિંસા વિરુદ્ધ ભગવાન મહાવીરે જન-
ાતને જાગૃત કર્યો ને એથી રૂઢિચુસ્ત બ્રાહ્મણો નારાજ થયા.
ા તે દોષ કોનો ? એ પ્રમાણે ક્રાઇસ્ટને અગર તો ગાંધીજીને
ણ એ સત્યાચરણના કારણે મૃત્યુના મુખમાં જવું પડ્યું.
ા બંને મહાત્માઓ તેમના દુશ્મનોથી પણ પ્રેમ કરતા રહ્યા.

આ બંને મહાપુરુષો તો તેમને અન્યાય કરનારાઓને
ણ ક્ષમા દાન દેતા રહ્યા. ને, તેઓએ બધાં કષ્ટોનો સામનો
ર્યો.

આ પ્રમાણે આદર્શોની રક્ષા માટે તથા ઉન્નત સિદ્ધાં-
ોના સમર્થન માટે સત્ય માર્ગનું અનુકરણ કરવું કંટકો પર
ાલવા જેવું નિવડે છે. પણ એની રીત સંપૂર્ણ સૌમ્ય,
ધુર, પ્રેમભરી અને અહિંસક હોવી જોઈએ. પોતાના હૃદ-
ામાં કોઈ પણ જાતના અહંકાર કે સામાવાળા તરફ કોઈ
ણ પ્રકારનો દ્વેષ ન હોવો જોઈએ.

આ જ વાણીની સાચી કસોટી છે. આ જ સત્યનો
ાસ્તવિક આધાર છે અને આને જ મધુરતાના નામથી આપણે
ોકારીએ છીએ.

જે વ્યક્તિ આટલે સુધી નમ્ર નિષ્પાપ અને સરળ હોય
છે, તે વ્યક્તિ નિરંતર પોતાના મગજના દરવાજા ઉઘાડા રાખે
છે. ને જ્યારે પણ એની સમજણમાં વસી જાય કે હું જે

કંઈ કહી રહ્યો છું અથવા જે કંઈ કરી રહ્યો છું. તે સત્યથી દૂર છે તો તે તત્કાળ નમ્રતાપૂર્વક સાર્વજનિક રૂપથી, પોતાની ભૂલ માટે ક્ષમા માગે છે. ને, જે સત્ય હોય છે. પછી ભલે તે દુશ્મનના મુખમાંથી બહાર પડયું હો, પણ આનાકાની વગર તે સ્વીકારી લે છે. આ મહાન ઉદારતા તથા નમ્રતા જ એના સત્યની આધાર–શિલા બને છે. આવી વ્યક્તિ ક્યારે ય પણ કડવી કે દ્વેષભરી ભાષાનો વ્યવહાર નથી કરતી.

આથી વાણી કેવી હોવી જોઈએ, એ સાથે એ પણ જોવુ જોઈએ કે જેવી વાણી છે તેવું આચરણ છે કે નથી? અંન્યથા બીજાઓ માટે ઊંચા ઊંચા આદર્શોનો ઉપદેશ અને પોતાના આચરણ શૂન્યવત્ હોય તો તે સાચું સત્ય નથી.

આ વિવિધ બાબતોના આધાર પર આ ગંભીર તત્ત્વનુ નિરીક્ષણુ કરવામાં આવે તો સહજમાં આપણે સત્ય અને મધુર વાણીનું રહસ્ય સમજી જશું.



[૧૧]

જીવન અને એનું લક્ષ્ય

મનુષ્ય જીવનનું લક્ષ્ય, ચરમ સુખની પ્રાપ્તિમાં છે. પણ એના તમામ પ્રયત્નો તે ચરમ લક્ષ્યથી વિપરીત ચાલે છે. તે જેમ જેમ આ સંસારના સ્થૂલ ભૌતિક સુખોમાં આગાઢ થતો જાય છે. તેમ તેમ તે ચરમ સુખના પોતાના ઉચ્ચ આદર્શોથી તથા પરમાત્માથી દૂર ખસતો જાય છે.

જન્મ-મરણની દુઃખદાયક બેડીથી જો તે છૂટી જવા ઇચ્છે તો આ ગંભીરતાથી સતત ચિંતન કરવું પડશે કે આ સંસાર શું છે? એનું ચક્ર શું છે? જીવ શું છે? તે ક્યાંથી આવે છે? કેમ જીવે છે?

અમુક દિવસો, મહિના કે વર્ષો સુધીનું આયુષ્ય પુરું કરી જીવ જતો કેમ રહે છે? જતો રહે છે તો ક્યાં જાય છે? આ ચિંતન માટે આ મનુષ્ય જીવન પરમ સૌભાગ્યથી પ્રાપ્ત થયું છે. આ સમય સંપૂર્ણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી ઉચિત માર્ગ નો અવસર ઉપલબ્ધ થયો છે.

એ વિવેક-બુદ્ધિ, ચિંતનની ક્ષમતા અને તે અનુસાર આચરણ કરવાની યોગ્યતા કેવલ મનુષ્યમાં જ હોય છે.

आहार–निद्रा भय मैथुनं च, सामान्यमेतद् पशुभिर्नराणाम् ।
ज्ञानो हि तेषामधिको विशेषो,ज्ञानेन हीनाः पशुभिः समानाः॥

આ નીતિ વાક્ય છે. પશુ અને મનુષ્યમાં બધી જાતની સમાનતા હોવા છતાં જ્ઞાનની, સોચવા-સમજવાની, વિવેક-બુદ્ધિની અને એના આધાર પર પોતાના મનુષ્ય–જીવનનું નિર્માણ કરી ચરમ સુખ પ્રાપ્ત કરવાની જે વિલક્ષણતા છે, તે અત્યંત મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન છે. એનો યોગ્ય ઢંગથી જે ઉપયોગ ન કરે તે પશુસમાન છે.

એક રાજા પોતાના બે રાજકુમારોમાંથી કોઈ એકને રાજ્યનો ઉત્તરાધિકારી બનાવવા ચાહતો હતો. તે પોતાના જ્યેષ્ઠ પુત્રને કેવળ ઉમરની જ્યેષ્ઠતાને કારણથી રાજ્યનો ઉત્તરાધિકારી બનાવવા ઇચ્છતો ન હતો. તેણે પોતાના બંને રાજકુમારો સામે પોતાની આ ઇચ્છા વ્યક્ત કરી; ને, કસોટી કરવાના હેતુથી બંનેને વીસ વીસ રૂપિયા આપી કહ્યું: 'આ રકમમાં જે કંઈ સામાન ખરીદી શકાય તે સામાન ખરીદી પોત પોતાના ઓરડાના કમરા તે સામાનથી ભરી દો!'

જ્યેષ્ઠ પુત્રના મગજમાં કોઈ બાબત સ્થિર ન થઈ. શું કરવું? સામાનમાં શું લાવવું? વીસ રૂપિયાના સામાનથી કમરો ભરાય ખરો? વગેરે પ્રશ્નો એના દિલ અને દિમાગમાં

કરનારો એક માર્ગ પ્રકટ થયો; ને તેણે વીસ રૂપિયાની લાકડીની પટ્ટી વગેરે ખરીદી પોતાનો કમરો ચિક્કાર ભરી દીધો.

પોતાના કમરાને લાકડાની પટ્ટીઓથી ચિક્કાર ભરાઈ ગયેલો જોઈ જ્યેષ્ટ રાજકુમાર મનમાંજ પોતાની બુદ્ધિને ધન્યવાદ દેવા લાગ્યો. એને તો એમજ લાગ્યું કે પ્રભાત ઉગતાની સાથે જ પિતાજી આવશે ને કમરાને ચિક્કાર ભરેલો જોઈ પ્રસન્ન થઈ રાજતિલકની ઘોષણા કરશે.

કનિષ્ઠ રાજપુત્રે કંઈ જ કર્યું નહિ.

રાજા જ્યારે કનિષ્ઠ પુત્રના કમરામાં આવ્યો ત્યારે કનિષ્ઠ પુત્રે તેનું સારી રીતે સ્વાગત કર્યું. આ સ્વાગત-કાર્યમાં અત્યંત સુગંધિત ધૂપ-અગરબત્તી પ્રકટાવી કનિષ્ટ પુત્રે પોતાના પિતાને કહ્યું : 'કમરાને ચિક્કાર ભરી દેવા વીસ રૂપિયા તો બહુ જ વધારે થઈ પડ્યા છે. થોડી રકમમાં ધૂપ-અગરની મન-મોહક સુરભિથી કમરો કેવો છલકાઈ રહ્યો છે ?'

રાજા જ્યારે કનિષ્ટ પુત્રના કમરામાંથી બહાર નીકળી જ્યેષ્ટ પુત્રના કમરામાં ગયો ત્યારે તેણે બુદ્ધિહીનતાનું પ્રદર્શન જોઈ કહ્યું : 'મૂર્ખ ! તારા રહેવાના આ સુંદર કમરાને તેં આવા કચરાથી ભર્યો ? કંઈક તો વિવેકથી કામ લેવું હતું ?'

બીજા દિવસે પ્રભાતમાં રાજતિલક અને રાજમુકુટ કનિ પુત્રના ભાલ પર શોભવા લાગ્યાં.

પ્રત્યેક મનુષ્યને શરીર મળ્યું છે. એ શરીર મહેલ જે જ છે. હવે જોવાનું એ છે કે કનિષ્ટ રાજકુમારની જેમ શરીર-મહેલમાં સત્ય પ્રેમ, કરુણા સેવા અને આધ્યાત્મ

ધૂપ-અગરની શોભા વધારે છે? અને જ્યેષ્ટ રાજકુમાર પેઠે મોહ, માયા લોભ, હિંસા, ઘૃણા અને અધર્મ રૂપી કચરાથી શરીર-મહેલને અસ્વચ્છ-ગંદો કોણ કરે છે? જે મનુષ્ય જીવનના લક્ષ્યને અર્થાત્ ચરમ આનંદ રૂપી રાજમુકુટને પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તેણે કનિષ્ટ રાજકુમારના માર્ગનું અનુગમન કરવું જોઈએ.

સંસારમાં પ્રત્યકે માનવી સુખ ઈચ્છે છે. એનું લક્ષ્ય સુખપ્રાપ્તિ છે. પણ એની પ્રાપ્તિની પાછળ દ્રષ્ટિકોણની અનુભૂતિની ભિન્નતા હોય છે. કોઈ ધનપ્રાપ્તિમાં, કોઈ યશપ્રાપ્તિમાં, કોઈ ભોગ પ્રાપ્તિમાં; આ પ્રકારે વિભિન્ન ભૌતિક અને ક્ષણિક ઉપલબ્ધિઓમાં સુખની સ્થાપના કરી એને જ પોતાનું લક્ષ્ય માની લે છે. તેઓ એ નથી સમજતા કે જે વસ્તુ સ્વયં પરિવર્તનશીલ છે, નશ્વર અને વિનાશ-સ્વભાવી છે, તે આપણને સ્થાયી સુખ કેવી રીતે આપી શકે? આ નશ્વર વસ્તુઓ પર આધારિત સુખ ધીરે ધીરે વિષાદમાં પરિણત થઈ જાય છે અને દુ:ખનો સંચાર થવા માંડે છે.

સાચું સુખ તે, જે અંતિમ છે. એક વાર આવ્યા પછી પાછું સરી જતું ન હો. એને જ ચરમ સુખ કહે છે, એજ ઉચ્ચતર સુખ છે. એ જ આત્મ-સુખ છે. આ બેમાંથી કયા સુખની પસંદગી કરવી, એ મનુષ્યની પોતાની સ્વતંત્રતા છે ઇતિહાસમાં આપણે વાંચીએ છીએ કે રાજકુમારીને પોતાન માટે વરની પસંદગી કરવાની સ્વતંત્રતા રહેતી હતી; ને એ માટે 'સ્વયંવર મંડપ' ની રચના કરવામાં આવતી હતી.

એ પ્રકારની સ્વતંત્રતા પ્રકૃતિએ માણસને આપી છે. માણસ ચાહે તો ભૌતિક સુખોના માર્ગની પસંદગી કરી સદા માટે આ અનંત સંસારમાં પરિભ્રમણ કરતો રહી શકે છે અને તે ઇચ્છે તો આ જીવનમાં બાહ્ય દ્રષ્ટિથી થોડું કષ્ટ ઉઠાવી ચરમ સુખની પ્રાપ્તિનો માર્ગ વીણી શકે છે. તે આધ્યાત્મ-જીવનના પગથિયાં પર ચઢી આ સંસારમાં સર્વદા માટે વિદાય થઈ શકે છે.

આ સંસારમાં જે ૮૪ લાખ પ્રકારની જીવ-યોનિ છે. એમાં માત્ર મનુષ્યને આટલી બધી સ્વતંત્રતા તથા ઉચ્ચ અધિકાર આપવામાં આવ્યાં છે. માણસ એ મહાન સ્વતંત્ર-તાનો સદુપયોગ કરી શકે તો એનાથી અધિક ભાગ્યશાળી બીજો કોણ? આ દુર્લભ મનુષ્યજીવન આ વિલક્ષણ સ્વતંત્રતા અને એના લક્ષ્ય અંતિમ સુખની પ્રાપ્તિ બધું અનુપમ છે.



| ૧૨ |

સિદ્ધિ કેવી રીતે મળે ?

ઈચ્છિત પરિણામ મેળવવા માટે સમુચિત સાધનોની જરૂર પડે છે. ઈચ્છિત સ્થાને પહોંચવા યોગ્ય પંથની પસંદગી જરૂરી છે. ખેતી માટે સારાં ખાતર અને યુદ્ધ માટે તેજીલાં હથિયાર આવશ્યક છે, તેમ સિદ્ધિ માટે ઉપાસના અથવા સાધનાની તીવ્રતા આવશ્યક છે. સાધના વગર સિદ્ધિ મળતી નથી. પણ શુદ્ધ સાધ્યની ઉપલબ્ધિ માટે અશુદ્ધ સાધનોનો પ્રયોગ થશે તો તે સાધ્ય કદાપી સિદ્ધ નહિ થાય. એટલા માટે જ ગાંધીજીએ ભારતને સ્વતંત્રતા અપાવવા સાધ્યની પ્રાપ્તિનાં સાધન અહિંસા અને સત્યાગ્રહને બનાવ્યાં.

ને, તેથી તે સફળ પણ થયા.

જે સાધ્યને આપણે સિદ્ધ કરવા ઇચ્છીએ છીએ, તેના ક મનમાં સર્વપ્રથમ પૂર્ણ શ્રદ્ધાની આવશ્યકતા છે. જો ચ તરફ શ્રદ્ધા નહિ હોય તો આગે બઢવા અગાઉ

પથભ્રષ્ટ થવાનાં ખતરા સદૈવ ખટકાતા જ રહેવાના. જ્યારે હૃદયમાં પૂરી શ્રદ્ધાનો પ્રકાશ પ્રસરે ત્યારે બીજું પગથિયું તે સાધનો સંબંધનું પૂરું જ્ઞાન.

ઇચ્છિત લક્ષ્ય સુધી પહોંચવા માટે કયો માર્ગ સાચો છે, એનું જ્ઞાન ન હોય તો બહુ વખત સુધી રસ્તામાં જ ભટકવું પડે. ને, જ્યારે કોઈ કેન્દ્ર-બિન્દુ પર પહોંચી જવાય ત્યારે સમજ પડે કે આપણી મંજિલ આ નથી.

એક વ્યક્તિ તેલ પ્રાપ્ત કરવાનો આશય રાખી પ્રયત્ન શરૂ કરે છે; પણ એને એ તત્ત્વનું જ્ઞાન નથી કે તેલની પ્રાપ્તિનો સાચો ઈલાજ શો છે ને તે શ્રદ્ધાપૂર્વક માટીને ઘાણીમાં નાખી કામ શરૂ કરી દે છે. એના એ અજ્ઞાન મૂલક પ્રયત્નનું પરિણામ શું આવે ? કેવળ શૂન્ય. આ પ્રમાણે બીજી સાધનાઓના સંબંધમાં પણ બને છે.

સર્વ પ્રથમ હૃદયમાં શ્રદ્ધા જાગૃત કરવી જોઈએ. પછી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ એને જ્યારે લક્ષ્ય સુધી પહોંચવાના વાસ્તવિક માર્ગનું જ્ઞાન થઈ જાય ત્યારે ત્રીજું પગથિયું તે– સાધના, ઉપાસના અને પુરુષાર્થ. ઉપાસના અને પુરુષાર્થ વગરનાં શ્રદ્ધા તથા જ્ઞાન-ફળહીન બની જાય છે, જેવી રીતે વેરાન જંગલમાં અનુપજાઉ જમીનમાં વાવેલું બીજ અંદર ને અંદર સડી જઈ નાશ પામે છે.

ભાગ્યના ભરોસા પર જીવનારા અને શ્રદ્ધા ઉપરાંત જ્ઞાનના આધાર પર બેસી રહેનારા મનુષ્ય સદૈવ હાથ ઘસતા રહી જાય છે. તેઓ કદાપિ તેમની ઇચ્છિત સિદ્ધિને પ્રાપ્ત

કરવામાં સફળ બનતા નથી. પોતાના ભાગ્યને દોષ દેતા રહી આવા લોકો સદૈવ પશ્ચાતાપ કરતા જ રહી જાય છે.

હૃદયમાં સાધ્ય તરફ શ્રદ્ધા ઉત્પન્ન થઈ, પછી સાધનો સંબંધમાં જ્ઞાન મેળવ્યું, પછી એને અનુરૂપ સાધના કરી સિદ્ધિ પણ પ્રાપ્ત કરી. પણ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી અહંકાર જાગૃત થઈ ગયો તો તે સિદ્ધિ પણ વ્યર્થ છે. એટલા માટે જ સિદ્ધિ પછી સંયમની પૂરી જરૂર છે. સંયમ વગર અનેક સિદ્ધિઓ સાધકના પતનનું કારણ બને છે. તે સિદ્ધિ આધ્યાત્મિક હો કે ભૌતિક—બંનેમાં સંયમ આવશ્યક છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં એવા અનેક ઉદાહરણ મળે છે કે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી સાધકે સંયમથી કામ ન લીધું ને સિદ્ધિનો દુરુપયોગ કર્યો. અને એ સિદ્ધિને પ્રાપ્ત કરવાનાં મદમાં પોતાની સીમાને ભૂલી ગયો. પરિણામ સ્વરૂપ તે સિદ્ધિના કારણથી ઉન્નતિના સ્થાન પર અવનતિ તથા પતનના માર્ગ જ ઊભા થયા.

ભસ્માસુર ભગવાન શંકર પાસેથી વરદાન પ્રાપ્ત કરવામાં સફળ થયો. પણ એ વરદાન મેળવ્યા પછી મદોન્મત્ત બન્યો, પોતાની મર્યાદાને ભૂલી ગયો અને સ્વયં ભગવાન શંકરને જ ભસ્મ કરી નાખવા ઉત્સુક થયો. આ સમયે વિષ્ણુ ભગવાને મોહિનીનું રૂપ ધારણ કરી આવવું પડ્યું ને ભસ્માસુરનો નાશ કરવો પડ્યો. આ એક પૌરાણિક કથા છે.

તેમાં મહત્ત્વનો સૂર એ છે કે સિદ્ધિ મેળવ્યા પછી જો સંયમ ન રહે તો તે સિદ્ધિ પોતે પોતાના માટે ઘાતક

સાબિત થાય છે. અનેક યોગી અને તપસ્વી પોતાના અસંયમને લીધે લાંબા કાળ સુધીની ઉપાસના પછી મેળવેલી અનેક મહાન સિદ્ધિઓથી આ પ્રકારે હાથ ધોઈ ચૂકયા ને પછી પશ્ચાતાપનાં આંસુ સારતા રહ્યા. પણ 'રાંડ્યા પછીનું ડહાપણ શા કામનું ?'

આ મનુષ્ય-જીવન આપણા માટે એક પ્રયોગ-ભૂમિ છે. જેમ એક વૈજ્ઞાનિક પોતાની પ્રયોગ-શાળામાં વિવિધ અનુસંધાન અને ગવેષણા કરી કોઈ ને કોઈ નવા આવિષ્કાર સમાજની સામે ઉપસ્થિત કરે છે એ પ્રમાણે પ્રત્યેક માણસ માટે એ જરૂરી છે કે તે પોતાના જીવનને કોઈ ને કોઈ દિશામાં જોડી સમાજના ઉપયોગની કોઈ એક સિદ્ધિ પ્રાપ્ત કરે અને એ સિદ્ધિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરે.

કેવળ મનુષ્ય શરીરમાં જન્મ લેવો અને આયુષ્ય પૂરું કરી મરી જવું, એ કોઈ આદર્શ જીવન ન થયું. એ પ્રકારનું આકર્મણ્ય જીવન તો પશુ પક્ષી વ્યતીત કરે છે. મનુષ્યે તો કોઈ ને કોઈ અનુપમ પ્રક્રિયા દ્વારા સમાજની ઉન્નતિનો માર્ગ આલોકિત કરવો જોઈએ. જે શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વક નિરંતર પુરુષાર્થ કરે છે, એના માટે સિદ્ધિ-પ્રપ્તિ કઠિન નથી હોતી.

o—卐—o

શરીરનું આરોગ્ય

'તન્દુરસ્તી હજાર નિયામત' અર્થાત્ શરીરનું સ્વસ્થ રહેવું પ્રત્યેક કાર્યમાં આવશ્યક છે. નીતિ-શાસ્ત્ર પણ છે કે: 'शरीरमाद्यं खलु धर्मसाधनम्।' આ શરીરધર્મની અને મોક્ષની સાધના કરવા માટે સર્વપ્રથમ માધ્યમ છે. ગુજરાતીમાં પણ કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા.

શરીરને સ્વસ્થ-નીરોગી રાખવા તરફ નિરંતર સચેત રહેનારો માણસ પોતાના જીવન-વિકાસના વિભિન્ન અનુષ્ઠાનોને ક્રિયાન્વિત કરી શકે છે. જે સદૈવ રુગ્ણ, અસ્વસ્થ અને બીમાર રહે છે. તે ન તો આધ્યાત્મસાધના કરી શકે છે; ન તપશ્ચર્યા; ન ઉપાસના; ન સમાજસેવા.

એનાથી વિપરિત રુગ્ણ મનુષ્ય સમાજમાં રોગ અને અનેક જાતની હાનિ પેદા કરે છે. જેમ ઘરમાં કે રસ્તામાં ગંદી ચીજોનો ઢગલો થઈ જાય તો ઘર અને ગામનું વાતા-

વરણ ગંદુ બને છે; હવા ઝેરી બને છે અને ચોમેર ખરાબ ગંધ વ્યાપે છે, તેમ રોગગ્રસ્ત શરીરથી પણ સમાજમાં અનેક દોષોને જન્મ લેવાનો અવસર મળી રહે છે. ગંદા-કચરાના ઢગલા તો જ્યાં પડ્યાં હોય છે ત્યાં જ પડી રહે છે. પણ આ રોગી માણસ તો અહીંતહીં જાય પણ છે; ને પોતાના રોગના ઝેરી જંતુઓને ફેલાવતો રહે છે. પણ સ્વસ્થ મનુષ્ય સેવા, સહયોગ, ઉપકાર વગેરે સાચી પ્રવૃત્તિઓ મારફત સર્વત્ર આદર્શ વાતાવરણ પેદા કરવામાં સફળ બને છે. જેમ પુષ્પ, ચંદન અને અત્તરની સુગંધથી વાતાવરણમાં સુવાસ ઉત્પન્ન થાય છે.

રોગી માણસ પોતે વેદના સહન કરે છે ને કોઈ પણ કાર્ય કરવામાં નિષ્ફળ બને છે. એટલું જ નહિ; બલ્કે તે સ્વજનો પર, ઘર પર અને સમાજ પર બોજો બને છે. બીમારી સાધારણતઃ કોઈ પ્રાકૃતિક સામર્થ્ય નથી; તે તો માણસની પોતાની બે પરવાઈ, અને ખાનપાન તથા રહેણી કરણી વગેરેના અસંયમનું કારણ છે. એટલે જ પોતાના શરીર-સ્વાસ્થ્ય તરફ બેદરકાર રહેવું અને સંયમ તજી દેવો તે એક સામાજિક અપરાધ છે.

માણસ જે કામ કરતો હોય છે, તે કામ બીમાર બન્યા પછી કરી શકતો નથી ને એથી તે નકામો બની જાય છે. તદુપરાંત તે બીમાર પડેલો માણસ તંદુરસ્ત હાલતમાં પોતાના ગૃહ કુટુંબને તેમજ સમાજને જે લાભ આપી શકતો હોય છે; તે લાભ પણ તે બીમારી પછી આપી

શકતો નથી. ઘરનાં માણસો એની સેવામાં અર્થાત્ પરિચર્યામાં જોડાય છે; તેઓ દ્વારા જે કૃત્ય ઘરના લાભમાં ને સમાજના લાભમાં થતું હોય છે તે કામ સુદ્ધાં બંધ પડે છે. આ પ્રકારે એક જ માનવી બીમાર પડી ખેવડું નુકશાન ઊભું કરે છે.

વિશેષમાં રોગી જેટલા અધિક પ્રમાણમાં રોગગ્રસ્ત થયો હોય છે. તેટલા અધિકતર પ્રમાણમાં દવા, દાકતરની ફી ઉપરાંત અન્ય અનેક ખર્ચ ઊભાં થાય છે. રોગીની ખર્ચ ભરી હાલત પર માણસ ઊંડો વિચાર કરે અને અસંયમથી પેદા થતી બીમારીઓ દ્વારા પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સામાજિક નુકશાનો બાબતમાં ચિંતન કરે તો એને એ વાતનું સારી પેઠ ભાન થશે કે બીમારી કેટલા દોષોની જનની છે?

એમ વિચારવું અતિ ભ્રામક છે કે આત્મ-સાધના કરવામાં તન્મય રહેનારાઓએ શારીરિક આરોગ્યનું જતન કરવાની જરૂર નથી. જ્યાં સુધી આત્માએ આ શરીરને પોતાનું નિવાસસ્થાન બનાવી રાખ્યું છે; ત્યાં સુધી આ શરીરનું મૂલ્યાંકન કરવું જ પડશે. આ શરીર મલ-મૂત્રનો પિંડ તે છે જ. છતાં આ જ શરીર તપશ્ચર્યા, સાધના, અધ્યયન સ્વાધ્યાય વગેરે ઉત્તમ કાર્યોને સંપન્ન કરવાનું સાધન પણ છે

એટલા માટે આ દેહ તરફ ઘૃણા કરવી, એની ઉપેક્ષા કરવી, એને બીમાર પડી જવા દેવો, એજ પાગલપણું છે આત્માની અંદર પ્રગટ થનારા વિચાર-તરંગો શરીર રોગી થવાથી તે રોગમાં જ વિલીન થઈ જાય છે. એથી આધ્યાત્મિક પુરુષ જ્યારે માંદો પડે છે ત્યારે બાહુ જ શરમાય

ને પોતે ક્યાં સંયમ ખોયો તેની શોધ કરી પશ્ચાતાપ કરતો રહી પુનઃ બીમાર ન પડવાનો પ્રયત્ન કરે છે.

સંત વિનોબા ભાવે એકવાર માંદા પડ્યા, તે સમયે તેઓએ સમાજ પાસે ક્ષમાયાચના કરી કહ્યું: 'હું મંદવાડ વખતે સમાજસેવાના કાર્યોથી અળગો રહ્યો, તેનો મને ખેદ છે.'

ગાંધીજીએ કહ્યું હતું: 'ઘણા ખરા રોગને તો માણસ પોતે જ નોતરે છે. માણસનાં અપ્રાકૃતિક જીવન, અસ્વાભાવિક રહેણી કરણી અને અસંયમપૂર્ણ ખાનપાનથી જ વધારે પડતા રોગ ઉત્પન્ન થાય છે.'

એટલા માટે ગાંધીજી રોગ દૂર કરવા મોટા મોટા ડૉક્ટરો અને દવાખાનાઓની ચૂંગાલમાં ન ફસતાં માટી, ધૂપ, પાણી તથા સંયમભરી પ્રાકૃતિક જિંદગી વીતાવવા ઉપર જ જોર દેતા હતા.

એમણે કહ્યું હતું: 'માણસ ખૂબ ખાય છે ને મહેનતથી અળગો થઈ આળસુ બની પડી રહે છે, એથી જ રોગ પેદા થાય છે. શ્રમશીલ માણસ પુનઃરોગી બનતો નથી.'

સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન અને સ્વસ્થ મસ્તિષ્ક નિવાસ કરે છે. શરીર પર મનની સ્વસ્થતા એટલે કે પ્રસન્નતાનો પણ બહુજ પ્રભાવ પડે છે. ભય, ચિન્તા અને મનના આવેગોની શરીર પર તીવ્ર અસર થાય છે. એથી જ મનને ચંચલતાથી બચાવવું જરૂરી છે. મનનો શરીર પર અને શરીરનો મન પર અન્યોન્યાશ્રિત પ્રભાવ પડે છે. બંને એકબીજાથી પૂરાં બંધાયેલાં છે. બંનેનું મહત્ત્વ સરખું છે. આ તત્ત્વને ગંભીરતાથી સમજી શરીર અને મનને સ્વસ્થ રાખવાની કોશીશ કરવી જોઈએ.



[૧૪]

સુખનું સાચું સ્વરૂપ

સૃષ્ટિના સમસ્ત પ્રાણીઓને આપણે બે વિભાગોમાં વિભાજિત કરીએ. એક મનુષ્ય અને બીજો મનુષ્યેતર. આ બંને પ્રકારનાં પ્રાણી નિરંતર સુખની ગવેષણામાં તન્મય રહે છે. પરંતુ મનુષ્યેતર પ્રાણીઓનાં સુખ અત્યંત સીમિત છે. તેમના જીવનને તેઓ સર્વસ્વ સમજે છે. આ 'અહં' વૃત્તિ જ તેઓમાં મુખ્ય છે. એથી એમનાં સુખ આહાર, વિશ્રામ, ભોગ અને મોતથી બચવાની પળ સુધી સીમિત છે. મનુષ્યને મન, બુદ્ધિ અને ચિત્તના મૂળ પર ઊગેલું અંતઃકરણ મળ્યું છે. તે સુખ અને દુઃખની વિવિધ કસોટીઓના આધાર પર બોધ કરી શકે છે.

મનુષ્ય સમાજમાં સુખની અનુભૂતિનો માપદંડ ભિન્ન જણાય છે. એક માણસને ધ્રુમપાનથી ચિર સંતોષ પ્રાપ્ત થાય છે ને બીજા માનવીને ધ્રુમની ગંધ માત્રથી ઘૃણા પેદા થાય છે. એક વ્યક્તિ અફીણનો કસુંબો લઈ નવી શક્તિ

અને ચેતના પ્રાપ્ત કરે છે ને બીજી વ્યક્તિ એ જ અફીણના કારણથી મૃત્યુમુખમાં જઈ પડે છે.

ન કેવળ સુખની અનુકૂળ પ્રતિકૂળ પ્રતિક્રિયા જ ભિન્ન હોય છે; બલ્કે મનુષ્યની રૂચિઓની ભિન્નતા અને વિવિધતા પણ સુખની અનુભૂતિના આધાર બદલી નાખે છે. આ પ્રકારે બાલકનું સુખ યુવકના સુખથી ભિન્ન હોય છે. ગરીબનું સુખ રાજાના સુખથી ભિન્ન હોય છે. ગૃહસ્થનું સુખ સંન્યાસીના સુખથી ભિન્ન હોય છે અને સ્ત્રીનું સુખ પુરુષના સુખથી નિરાળું હોય છે. આવી સ્થિતિમાં સુખનું સાચું સ્વરૂપ શું છે, એનું ગંભીર રૂપથી અન્વેષણ થવું જોઈએ.

અનેક વિદ્વાનો, ઋષિઓ અને વિચારકોએ શાસ્ત્ર-અન્વેષણ, જગત્ પર્યવલોકન તથા આત્મચિંતન પછી સુખની પરિભાષાઓ ઘડી છે. સુપ્રસિદ્ધ ભારતીય ચિંતક અને નીતિજ્ઞ મનુએ કહ્યું :

'सर्वं परवशं दुःखम् , सर्वं आत्म वशं सुखम् !'

અર્થાત્ જ્યાં જ્યાં પરવશતા છે, ત્યાં દુઃખ છે અને જ્યાં સ્વવશ થઈ વિચરવાની સ્વતંત્રતા છે, ત્યાં સુખ છે. સુખ અને દુઃખનું સ્પષ્ટ વિશ્લેષણ અને સાચા રૂપનું નિદર્શન કરનારી આ પરિભાષા છે.

પ્રત્યેક માનવી સુખ માટે તડપે છે. પણ એને સુખ નથી મળતું. જો તે ઉપરોક્ત પરિભાષાને સમીક્ષક નજરથી જોઈ સુખનું અનુસંધાન કરે તો તેને સહેજ પણ પરેશાની

ભોગવવી ન પડે. પણ આજે તો માણસ આ પરિભાષાને ભૂલ
ઈતસ્તતઃ પર્યટન કરી સુખ શોધવા લાગ્યો છે.

જો કોઈ માણસ અનાજની દુકાને વસ્ત્રની ખરીદી કરવ
પહોંચી જાય અથવા તો શાકભાજીની હાટડી પર ઝવેરાતન
ખરીદી કરવા જાય તો તેને ઈચ્છિત વસ્તુ મેળવવામાં નિરાશ
જ થવું પડે. માટે કઈ વસ્તુ ક્યાં ઉપલબ્ધ થાય છે, એ જાણ્ય
વિના એની પ્રાપ્તિ દુર્લભ બની જાય છે. આ પ્રમાણે સુખ
ક્યાં છે, તે કેવી રીતે મળે છે અને એનું સ્વરૂપ શું છે, ત
જાણ્યા વિના સુખની શોધ કરનારો માણસ પરેશાન અ
પીડિત છે.

આ પરિભાષાને અધિક સ્પષ્ટ સમજવી હોય તો ગીતાન
આ વિશ્લેષણ પર વિચારો :

'सुखमात्यंतिकं यत्तद् बुद्धिग्राह्यमतीन्द्रियम्'

આત્યંતિક સુખ, એટલે કે અક્ષય અને નિરતિશય સુખ
ઐન્દ્રિયિક નથી. જે સુખ ઇન્દ્રિયો દ્વારા મળે છે, તે તો ભૌતિ
વાસના માત્ર છે. વાસ્તવિક આત્મસુખનું ભાન તો આત્માનુભૂતિથ
જ સંભવ છે. મનુ દ્વારા કરવામાં આવેલું સુખનું વિશ્લેષણ
અને ગીતાદ્વારા સમજાવવામાં આવેલું આ તત્ત્વ આપણી સામે

નહિ, બલ્કે સુખાભાસ માત્ર છે. જેમ અંધકારના કારણથી રસ્સીને જોઈ આપણને સર્પનો આભાસ થાય છે, તેમ અજ્ઞાનના કારણથી દૈહિકતા અથવા ઇન્દ્રિય-લોલુપતામાં આપણને સુખનો આભાસ થાય છે. પણ આત્મ-જ્ઞાનનો ઉદય થતાંની સાથે જ આ અસત્ય પ્રતીતિ નષ્ટ થઈ જાય છે.

ઇન્દ્રિયસુખ બાહ્ય-ભોગ-પદાર્થોને આધીન છે. બાહ્ય ભોગ પદાર્થોની ઉપલબ્ધિ સંયોગ અને ભાગ્યને આધીન છે. એ પદાર્થોથી સુખનો અનુભવ થશે કે પીડાનો, એ મનની સ્થિતિને આધીન છે, કેમકે એક જ ભોગ-પદાર્થ ક્યારેક રૂચિકર અને અનુકૂળ પ્રતીત થાય છે અને ક્યારેક અરૂચિકર અને પ્રતિકૂળ પ્રતીત થાય છે. આ પ્રકારે બહારના ભોગ-પદાર્થોનું મોહતાજ સુખ એટલે કે ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતું સુખ આપણી ઉપરોક્ત પરિભાષાઓની કસોટી પર સત્ય નથી ઠરતું.

જેમ દૂધમાં ધોળાશ શોધવાની જરૂરત નથી અને સાકરમાં મિઠાશ ખોળવાની આવશ્યકતા નથી.

આ આત્મા તો પૂર્ણતઃ સુખમય અને આનંદઘન છે. કેવળ માયાની એક કાળી ચાદરે આ આનંદઘન સ્વરૂપને ઢાંકી રાખ્યો છે. જ્યારે આ ચાદર ખસી જશે ત્યારે આત્માના અનંત સુખ રૂપી સ્વરૂપ સહજમાં પ્રગટ થઈ જશે.



[૨૫]

પ્રમાદ અને પ્રવૃત્તિ

માણસ સવારના બ્રાહ્મ મુહૂર્તમાં ઊંઘમાંથી ઊઠે ત્યારથી તે રાત્રિ-શયન સુધી કોઈ ને કોઈ જાતની પ્રવૃત્તિ અથવા તો ઉદ્યોગમાં જોડાયેલો રહે, આળસુ કે પ્રમાદી ન બને, એ એનું આવશ્યક કર્તવ્ય છે. પણ આ પ્રવૃત્તિ અને ઉદ્યોગશીલતા પોતાના શરીર અને મનની કાર્ય ક્ષમતાના અનુપાતમાં જ હોવી જોઈએ. નિષ્ક્રિયતા જેમ દોષ છે, તેમ ઉદ્યોગશીલતમાં ને પ્રવૃત્તિમાં ડૂબેલા રહેવું તે પણ દોષ છે. કેટલાક માણસો પચાસ–સો જેટલી સંસ્થાઓનાં કામ ઉપાડી લે છે, જવાબદાર પદ સ્વીકારી લે છે, પણ કોઈ એક કામને સારી રીતે પૂરું નથી કરતા. એમનો બધો સમય અહીં તહીં દોડધામમાં જ વ્યતીત થઈ જાય છે. પ્રમાદ જડતાનું પ્રતીક છે અને પ્રવૃત્તિ ચૈતન્યનું પ્રતીક છે; પણ જો આ પ્રવૃત્તિ પોતાનું સંતુલન ગુમાવે તો ચૈતન્યના સ્થાન પર ઉલઝન બની જાય છે. કારણ કે અતિશય પ્રવૃત્તિઓમાં ડૂબેલી વ્યક્તિને ઉતાવળ હોવાને

[illegible] ને [illegible] [illegible] નથી [illegible]. [illegible] નથી [illegible]. [illegible] પણ [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] નથી [illegible]. [illegible] પ્રકૃતિ [illegible] [illegible] નથી [illegible]. [illegible]

[illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] છે. આ [illegible] [illegible] ને [illegible] છે, તે [illegible] [illegible] તે [illegible] [illegible] સંતુલિત [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible] નથી પ્રકૃતિ [illegible] [illegible] છે. એ [illegible] [illegible] છે. ને [illegible] [illegible] છે. આ [illegible] પણ [illegible] ને [illegible] પ્રકૃતિનો [illegible] કોઈ નથી પ્રકૃતિનો [illegible] [illegible] [illegible] કોઈ પણ પ્રકૃતિનો [illegible] [illegible] આપણા અને [illegible] કોઈ પણ એક પ્રકૃતિનો [illegible] છે. [illegible] [illegible] નથી [illegible]

[૧૬]

બીજાંના વિચારોનો આદર કરો.

ભિન્નતામાંથી એકતા પેદા કરવાની જે શક્તિ છે. તેનું જીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ સૃષ્ટિ અનંત વિભિન્નતાઓનો સમૂહ છે. પણ એ બધામાં એક તારતમ્ય અવશ્ય છે. જે રીતે એક માળાના મણકા પૂર્ણતઃ અલગ અલગ હોવા છતાં એક સૂત્રમાં જડેલા છે; તે રીતે આ સૃષ્ટિના અનંત રૂપોમાં પણ એક સુનિશ્ચિત ક્રમ છે. જે વ્યક્તિ આ સૂક્ષ્મ ક્રમબદ્ધતાને સમજી લે છે, તે ઉપરથી દેખાતી અનંત વિભિન્નતાઓમાં નથી પટકાતો.

આ સૃષ્ટિમાં કોઈ પણ વસ્તુ બાહ્ય રૂપથી એક લાગે તેવી નથી હોતી, કોઈ પણ બે વર્ગ, બે વંશ, અથવા બે મનુષ્ય એક બીજાથી નથી મળતા. બધામાં પોત પોતાના ઢંગની વિશેષતા છે. રચના બનાવટ, અંગોપાંગ, આકાર-પ્રકાર, રંગ રૂપ તમામ ભિન્ન ભિન્ન નજરે પડે છે. તમામનાં નામ, ધામ અને કામ ભિન્ન છે, રહેણી-કરણી, ખાન-પાન અને વ્યાપાર વ્યવસાય ભિન્ન છે. ભાષા-શૈલી અને વાક્ય-વિન્યાસ પણ ભિન્ન છે. આચાર-વિચાર, સંકલ્પ-વિકલ્પ, અને રુચિ

પ્રવૃત્તિ ભિન્ન છે. રીત રિવાજ, વિધિ–વિધાન, અને ઉપાય માર્ગ પણ ભિન્ન છે. આ પ્રકારે જીવનની વિભિન્નતા કેટલી વિશાળ છે! તે એના રોમ રોમમાં વસી છે. કણ કણમાં વ્યાપ્ત છે. આ સૃષ્ટિના અનંત રૂપ છે, અનંત નામ છે, અનંત સ્વભાવ છે, અનંત પ્રયોજન છે. એ કારણથી અનંત વિભિન્નતાઓનું કારણ જ આપસના અંતર વિરોધ છે.

અનેક વિચારકોએ આ સૃષ્ટિમાં સ્વરૂપની સમીક્ષા કરતા રહી ચિરંતન સંઘર્ષને જ સૃષ્ટિનો સ્વધર્મ હોવાની ઘોષણા કરી છે. તેઓએ આ અંતર વિરોધને જ સૃષ્ટિનું ચિરસ્થાયી તત્ત્વ કહ્યું છે. તેઓનું કહેવું છે:

'जीवो जीवस्य जीवनम् ।' એક જીવ પોતાનાથી દુર્બળ જીવનો ગ્રાસ કરી પોતાના જીવનને સ્થાયી રાખવામાં સફળ થઈ શકે છે.

આ સિદ્ધાંત મતભેદ, સ્વભાવ ભેદ, પ્રાકૃતિ ભેદ, શક્તિ ભેદ વગેરેને સદા માટે અનિવાર્ય માની બળવાનના હાથમાં તમામ શક્તિ કેન્દ્રિત કરી દે છે. જે બળસંપન્ન, બુદ્ધિ-સંપન્ન અને કૌશલ્યસંપન્ન જીવ છે, તે જ ઉન્નતિ કરી શકે છે. એને જ જીવિત રહેવાનો અધિકાર છે.

પણ આ સિદ્ધાંત "સર્વોદય" વિચારના પ્રતિપાદનની કસોટી પર સાચો નથી ઠરતો. આચાર્ય સમંતભદ્રે ભગવાન મહાવીરના વિચારશાસનને "સર્વોદયતીર્થ" કહ્યું છે. એને ગાંધીજીએ પણ "સર્વોદય–વિચાર" ના રૂપમાં સ્વીકાર કર્યો છે. પંડિત નેહરૂજીએ તે વિચારને 'સમસ્ત બળ-

પોતાનો દ્રષ્ટિકોણ જે રીતે દ્રઢતાથી ઉપસ્થિત કરે છે, તે રીતે સામાવાળાના દ્રષ્ટિકોણને પણ નમ્રતાથી સમજવા તૈયાર રહે છે. બંનેના મતો એક ન થાય તોપણ સત્યાગ્રહી હાર્દિક સંબંધોને તોડતા નથી અને પોતાના વિચારો સામાવાળાના મગજમાં પરાણે ઠસાવવાનો બાલભર્યો પ્રયોગ સુદ્ધાં કરતા નથી. તેનો વિશ્વાસ સદૈવ હૃદયપરિવર્તન પર રહે છે.

જો એક બીજાના મતભેદ સમજવાનો અને એને સહન કરવાનો પ્રયત્ન ન થાય તો સામાજીક જીવન છિન્નભિન થવાનો ભય રહે છે. માણસનો જે સ્વાભાવિક સહકારનો ગુણ છે, તે પણ નષ્ટ થશે. સાધારણતઃ જે મતભેદોના લીધે કલહ ઉત્પન્ન થાય છે, તેમની પાછળ કોઈ સૈદ્ધાંતિક વિચારનું કે સત્યાગ્રહના દ્રષ્ટિકોણના સ્થાનનું કારણ અથવા સ્વાર્થ હોય છે અથવા ઉંમરથી, જ્ઞાનથી અને બુદ્ધિથી મોટા થવાનો જઘન્ય અહંકાર જ હોય છે. પણ આ મૂળભૂત સિદ્ધાંત સમજવાની આવશ્યકતા છે, કે પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતઃ રૂપથી નિર્ણય કરવાનો અને કોઈપણ વિષય પર પોતાનો વિશેષ અભિપ્રાય આપવાનો સંપૂર્ણ અધિકાર છે. આ જ માનવ જીવનની વિશેષતા છે. પશુ અને માણસમાં એ જ અંતર છે કે માણસ પાસે વિચાર-શક્તિ છે; સોચવા-સમજવાની ને વિવેક કરવાની અસાધારણ ક્ષમતા છે. જો આ ક્ષમતાને કુંઠિત કરવામાં આવે અને માણસની આ પ્રાકૃતિક તાકાતને વિકસિત થતી અટકાવવામાં આવે તો એનાથી માનવજાતિ તરફ બીજો અધિક અન્યાય શો હોઈ શકે?



આત્મ-પ્રદર્શન મહાદોષ

આત્મ-પ્રદર્શન એક મોટો દોષ છે, જેની જાળમાં કોઈ પણ માનવી સહેલાઈથી ફસી પડે છે. પોતાની પ્રશંસાથી પોતાને જ એક જાતનો આનંદાભાસ અનુભવાય છે. જેમ ખંજવાળ-ખુજલીનો રોગી થયા પછી જ્યાં ખંજવાળ ઉપડે છે; ત્યાં ખંજવાળવાથી ચામડીના રોગીને ખંજવાળતી વખતે સુખનો આભાસ થાય છે, તેમ આત્મ પ્રદર્શન-આપવડાઈથી ક્ષણિક સુખાભાસ થવા પામે છે. પણ એનું અંતિમ પરિણામ આત્મ-પતનના રૂપમાં પ્રાપ્ત થાય છે. પોતાના મોંએ પોતાના ગુણોનું અથવા તો પોતાના વૈભવોનું વર્ણન કરવું અને પોતાની ચારે બાજુએ આડંબરમય વાતાવરણ ઊભું કરી લોકોને પ્રભાવિત કરવાં અને પોતાની જાતને મહાનમાં ખપાવવાની કોશીશ કરવી નરી મૂર્ખતાનું જ પ્રદર્શન છે. પણ માણસ પોતાના આત્મ-વિકાસના સાચા રસ્તાનું પર્યવેક્ષણ અને અનુસરણ ન કરી લોકોની દ્રષ્ટિમાં જલ્દી ઊંચે ચઢવાનો લોભ

પોષે છે. આ લોભથી તે આત્મ-પ્રદર્શન અથવા પોતાના વખાણ રૂપી ચક્રમાં ગબડી પડે છે.

પોતાની પાસે કોઈ વસ્તુ પડી રહે, એનાથી માણસને સંતોષ નથી થતો. જ્યાં સુધી તે વસ્તુનું પ્રદર્શન કરવામાં ન આવે ત્યાંસુધી મનને ચેન પડતું નથી. જ્યાં સુધી સિદ્ધિને પ્રસિદ્ધિ ન મળે ત્યાં સુધી માણસને એમ લાગે છે કે આ 'સિદ્ધિ'નું કોઈ મહત્ત્વ જ નથી. પણ સાચી વાત એ છે કે જ્યારે આપણે પોતાની સિદ્ધિને પ્રસિદ્ધિના દાવ પર ચઢાવીએ છીએ ત્યારે તે સિદ્ધિનું મૂલ્ય અર્ધોઅર્ધ ઘટી જાય છે.

પ્રદર્શન નિતાંત ભૌતિક-મૂલ્ય છે. આધ્યાત્મિક મૂલ્યોનો આધાર અંતરમુખી હોય છે. જ્યારે ભૌતિક મૂલ્ય બહિર્મુખી મૂળ પર ટકેલું હોય છે. જ્યારે માણસ પ્રદર્શન, પ્રશંસા અને યશની વાંછના કરે છે, ત્યારે તે પોતાના આત્મ-ચિંતન, આત્મ-વિકાસ અને આધ્યાત્મિક માર્ગને ભૂલી ભૌતિક વિકાસની સામગ્રીઓ ભેગી કરવામાં તન્મય બની જાય છે. કેમકે પ્રદર્શનને વસ્તુઓ મેળવવા માટે ધન અને સંપત્તિ જરૂરી હોય છે.

બિચારો એક નિર્ધન-ગરીબ કઈ વસ્તુનું પ્રદર્શન કરી શકે છે? એક પહેલવાન રસ્તા પરના ચોકમાં ઊભો રહી પોતાના ખભે ગદા ચઢાવી શરીરનું પ્રદર્શન કરી શકે છે, પણ એક દુબળો પાતળો કમજોર આદમી શું પોતાના હાડમાંસના ઘાટનું પ્રદર્શન કરી શકશે? તાત્પર્ય કે પ્રદર્શન નિતાંત ભૌતિક મૂલ્ય છે અને જે વ્યક્તિ આધ્યાત્મિક જીવનનું મહત્ત્વ સમજે છે, એણે આ પ્રદર્શનની મોહજાળથી હમેશાં દૂર રહેવું જોઈએ.

પર્વ અથવા તહેવારના દિવસોમાં માણસને પોતાના વૈભવનું પ્રદર્શન કરવા ખુલ્લો અવસર મળે છે. આ પ્રદર્શનના કારણથી સાધન-હીન લોકો અતિશય વદેના-પીડા અનુભવે છે. જેઓ પર્વ માટે હાર્દિક ઉત્સાહ ધરાવતા હોવા છતાં પણ પોતાની ગરીબીને લીધે પર્વ મનાવવાનો આનંદ નથી મેળવી શકતા. આવી વેદનાનું પરિણામ એ આવે છે કે તે ગરીબો મનમાં ને મનમાં દબદબાથી પર્વ મનાવનારા ધનિકો તરફ ઈર્ષ્યા કરતા થઈ જાય છે. સત્ય તો એ છે કે પર્વ મનાવવાનો વાસ્તવિક ઇલાજ ધનનું પ્રદર્શન નહિ, બલ્કે દુઃખી જનોની સેવા છે. આ ધન અને સંપત્તિ સમાજનાં છે. વ્યક્તિને પોતાના ભોગ-વિલાસ માટે આ ધનસંપત્તિ લુટાવવાનો અધિકાર નથી. આ ધનસંપત્તિ માતાના પેટમાંથી જન્મતી વખત કોઈ પણ વ્યક્તિ સાથે લાવી નથી; ને, મરતી વેળા પણ કોઈ પોતાની સાથે લઈ જઈ શકવાની નથી.

સમાજની એ થાપણ સમાજ પાસેથી જ ધનિકને મળી છે ને સમાજમાં જ તે રહેવાની છે. એ થાપણ પર જે માનવી પોતાની માલિકી જમાવે છે, તે એક ભ્રમ પર પોતાનું સ્વામિત્વ જમાવવા બરાબર છે.

સમાજની એ થાપણનો ઉપયોગ સમાજસેવાનાં ને સમાજ કલ્યાણનાં કામોમાં કરવો, તે નિતાંત ઉચિત છે. આ કર્તવ્યને જે માનવી ભૂલી જઈ પોતાના ભોગ-વિલાસમાં કે પ્રદર્શનમાં એ થાપણ બરબાદ કરે છે, તે માનવી સમાજ સ્ફ ગદ્દારી-દ્રોહ કરે છે. જેઓ મુફલિસ છે, સાધનહીન છે,

તેઓનો આ સંપત્તિમાં હિસ્સો છે. એ હિસ્સો પ્રાપ્ત કરવાનો તેમને અધિકાર છે.

બીજો પણ પ્રદર્શનનો એક અવસર છે વિવાહ–લગ્ન પ્રસંગ. સ્ત્રી અને પુરુષના સંબંધને જોડનારી એક સામાજિક પ્રથા છે. પણ આજે તો એ પ્રથામાં બીજી અનેક રૂઢિઓ તથા દોષ સેળભેળ થઈ ગયાં છે. ધનવાનો વિવાહ પ્રસંગે છૂટે હાથે પોતાનાં ધનનો દુરુપયોગ કરે છે. તેઓ સમાજને દેખાડવા ઇચ્છે છે કે એમની પાસે કેટલું ઐશ્વર્ય છે. હજારો અને લાખોનો કરીઆવર અપાય છે. વિજળી અને આતશબાજીના બેફામ પ્રબંધો થાય છે. મિઠાઈઓ તથા અન્ય ખાદ્યસામગ્રીઓ બેહદ બરબાદ બને છે.

એક તરફ ભીખ માગનારા સેંકડો ભિક્ષુકો ફાટયાં તૂટયાં ચિંથરાં વડે અંગ ઢાંકી રોટલી નો ટૂકડો મેળવવા જ્યાં ને ત્યાં ભટકતા રહી પોતાના તકદીરને દોષ દેતા આંસુ સારે છે. જ્યારે બીજી તરફ ઐશ્વર્ય–પ્રદર્શનના ગુમાનમાં મસ્ત બનેલા લોકો શરાબની બાટલીઓ વચ્ચે અટ્ટહાસ્ય કરતા નજરે પડે છે. આ ભયંકર વિષમતાની વચ્ચે સમાજની ઉન્નતિનો કેટલા પ્રમાણમાં સંભવ હોઈ શકે ?

ગાંધીજીએ એક સૂત્ર આપ્યું: 'સાદું જીવન ઉચ્ચ વિચાર.'

આ સૂત્ર જીવનને સામર્થ કરવાનો મહામંત્ર છે. સાદાઈથી વધારે ઊંચું મોટાઈનું બીજું કોઈ લક્ષણ આ દુનિયામાં નથી. મહાન બની જવા ધનની અથવા મોટા મોટા મહેલો ને બંગલાઓની અથવા ૧૦–૧૫ મોટરકારોની અથવા સુંદર

[૧૮]

ધર્મ શું છે?

માણસની સામે હંમેશાં એ સવાલ ઉપસ્થિત રહ્યો છે કે આખરે ધર્મ શું છે? આ સમસ્યાનો ઉકેલ આપવામાં મોટા મોટા વિચારકો ગૂંચવાઈ ગયા છે. અનેક મહાપુરુષોએ અલગ અલગ ઢંગથી ધર્મના સ્વરૂપની વ્યાખ્યા કરી છે. રામ, કૃષ્ણ જેવા તપસ્વિયોએ એનું અનુશીલન કર્યું છે. ઈસુ અને મુહમ્મદ જેવા પયગમ્બરોએ એનું અનુસંધાન કર્યું છે. ગાંધીજી અને ટોલસ્ટોય જેવા ક્રાંતિકારીઓએ એનું ચિંતન કર્યું છે. એ પ્રમાણે કેટલાય સંતો અને મુનિઓએ; જેમાંથી અનેકને આપણે જાણતાં નથી; (તેઓએ) ધર્મને જાણવા માટે પોતપોતાના જીવન ખપાવ્યાં છે. છતાં પણ માણસ એ મર્મને પૂરતી રીતે ઉકેલી શક્યો નથી. હજી પણ માણસ અહીં તહીં ભટકે છે ને સાચા માર્ગને ઓળખવામાં અસમર્થ બની નિરાશાની ઊંડી અંધકાર-ગર્તામાં ગબડી રહ્યા છે.

બધા પ્રાચીન ચિંતક જે પરિણામ સુધી પહોંચ્યા; તે પરિણામ લગભગ એક જ છે. બધાનો માર્ગ અવશ્ય ભિન્ન

મજૂરો અને કામગારોને પૂંજીપતિઓ વિરુદ્ધ ષડયંત્ર રચી રક્ત-ક્રાન્તિની તૈયારી કરવાનો અવસર જ નથી રહેવાનો.

અપરિગ્રહવાદનો વિચાર વર્ગ ભેદને ટાળવા માનવ માત્ર સમાનતાનું પ્રતિક છે. જ્યારે ધનનું કંઈ મૂલ્ય નહિ રહે. જ્યારે ધન કેવળ જીવનયાપનનું માત્ર સાધન બની રહેશે, અને જ્યારે મનુષ્ય ધન પાછળ પાગલ થઈને સદ્અસદ્નો વિવેક નહિ ભૂલે ત્યારે સમાજમાં અપરિગ્રહનો વિચાર પ્રતિષ્ઠિત થઈ ગયો છે એવું માનવું પડશે.



જીવનમાં એકાગ્રતાનું મહત્ત્વ

કોઈ પણ કામની સફળતાનું પહેલું પગથિયું ચિત્તની એકાગ્રતા છે. પછી તે વેપાર હો કે વિદ્યાભ્યાસ હો, શાસ્ત્ર-શોધન હો કે આત્મ–સાધના હો, રાજ્યપ્રબંધ હો કે સમાજ-સેવા હો, ચિત્તની ચંચળતા પર અંકુશ મુકયા વિના કોઈપણ કામમાં સફળતા નથી મળતી.

નેપોલિયનની ગણિતમાં એટલી તીવ્ર એકાગ્રતા હતી કે તે યુદ્ધભૂમિમાં પણ ગણિતના પ્રશ્નો વિચારતો રહેતો. અલીફા ઉંમરની એકાગ્રતા નમાજમાં એટલી દૃઢ હતી કે લડાઈના મેદાનમાં પણ નમાજ પઢતી વખતે આજુબાજુનું વાતાવરણ ભૂલી જતો હતો.

રવીન્દ્રનાથ ટાગોર પોતાની કવિતામાં એટલા બધા એકાગ્ર થઈ જતા કે ખાવું પીવું તેમને યાદ રહેતું ન હતું. આ પ્રકારે જે મહાન પુરુષો થયા છે. તેઓ પોતાના કામમાં અનિર્વચનીય એકાગ્રતાના ફલસ્વરૂપ જ સમાજમાં

યશ પ્રાપ્ત કરી શક્યા અને પોતાના જીવનની કઠોર સાધનાના માધ્યમ દ્વારા સમાજની સેવા કરી શક્યા.

એકાગ્રતા જ બૌદ્ધિક કુશળતાનો મજબૂત આધાર છે. ચિત્તની એકાગ્રતા રાખી કામ કરનારો માનવી પોતાની વૃદ્ધ અવસ્થામાં પણ સામર્થ્યહીન નથી થતો. પંડિત જવાહરલાલ નહેરૂ પોતાના બુઢાપામાં પણ એક યુવકથી અધિક સ્ફૂર્તિ તથા શક્તિથી કામ કરતા હતા. એનું વાસ્તવિક કારણ એની એકાગ્ર અને સ્થિર બુદ્ધિ જ હતું. મહાત્મા ગાંધીની સ્મરણ-શક્તિ વૃદ્ધાવસ્થામાં પણ બહુ તીવ્ર હતી. કેમકે એમનું ચિત્ત ચંચળતાથી બહુ જ દૂર હતું.

અતિ મનની એકાગ્રતા કેવી રીતે સધાય ? આ પ્રશ્ન આપણી સામે યથોચિત ઊભો રહે છે. આપણે બહારની દુનિયાથી આપણો સંબંધ તોડી નાખીએ, તો પણ મનની અંદર ચાલનારા ચક્ર બંધ નથી થતા. આ પ્રશ્નના સમાધાનની શોધ માટે અનેક વિચારકોએ પ્રયત્નો કર્યાં. આખરે બધા એ પરિણામ પર પહોંચ્યા કે માણસ નાની નાની ક્ષુદ્ર વાતોથી પોતાના મન દૂર રાખે. આને મનથી ઉપર જાગૃત થવાની પ્રક્રિયા કહેવામાં આવે છે.

શ્રી અરવિંદે પોતાની લાંબી મૌનસાધના પછી ય[illegible] તત્ત્વનું પ્રતિપાદન કર્યું કે જ્યાં સુધી વ્યક્તિ પોતાના મન[illegible] ક્ષુદ્ર ચંચળતાથી ઉપર જાગૃત થઈ "સુપર માઈન્ડ" [illegible] અવસ્થામાં નથી પહોંચતો ત્યાંસુધી આધ્યા[illegible] [illegible]ત નથી થઈ શકતો.

'સુપર માઇન્ડ' ની અવસ્થામાં પહોંચ્યા પછી ખાવું-પીવું, કુટુંબ પરિવાર, સાજ શૃંગાર, વેષભૂષ, ઇત્યાદિ સામાન્ય જીવનની આવશ્યકતાઓ પર જે દૃષ્ટિ કેન્દ્રિત છે, તે દૃષ્ટિ એ ઉચ્ચતર શક્તિ તરફ વળી જશે. જે શક્તિના અવતરણથી જ સમાજ અને વ્યક્તિનું આધ્યાત્મિક મૂલ્યાંકન સાચી દિશામાં આગળ વધી શકે છે. પ્રાર્થના, ધ્યાન અને સાધનાનું સમગ્ર સંચલન નિષ્પ્રાણ અને નિરર્થક છે, જો ચિત્તની ચંચળતાથી મુક્ત થઈ, મનની સામાન્ય ભૂમિકાથી ઉપર જાગૃત થઈ આપણે એકાગ્ર ન થઈએ.

ચિત્તની એકાગ્રતા એના પોતાનામાં કોઈ સ્વતંત્ર જગા નથી રાખતી. સંપૂર્ણ જીવનની શુદ્ધતાથી તે જડાઈ છે. જો જીવનકર્મ વિશુદ્ધ ન હોય, આજીવિકાના ઢંગ વિશુદ્ધ ન હોય અને આચારવિચાર વિશુદ્ધ ન હોય તો ચિત્તની એકાગ્રતા પણ સાધી નથી શકાતી. જો દિવસભરનો વ્યવહાર શુદ્ધ ન હોય. સ્વાર્થસાધનાની કાર્યવાહીમાં પૂરો દિવસ વીત્યો હોય તો રાતની પ્રાર્થનામાં એકાગ્રતાનો સંભવ નથી. પણ સ્વાર્થ-સાધનાની ઉપાધિઓ અને તે અંગેની દોડધામ કોના માટે? આપણી અંતિમ પળ મધુરી બનાવવાના હેતુથી જ ને?

જિંદગીભર કરવું એ શા માટે પચાવવું? એટલા જ માટે ને કે જીવનની છેલ્લી ઘડી આનંદમય બને?

આ પ્રમાણે દિવસભરના પરિશ્રમનો હેતુ પણ એ જ હોય છે કે રાતની પ્રાર્થના મધુર થાય. ને રાતની ઊંઘ નિશ્ચિંત બને. પણ એ ત્યારે જ સંભવિત છે. જ્યારે દિ

[૨૧]

પવિત્ર સંસ્કારોની આવશ્યકતા

ઘટનાઓ બનતી રહે છે. સમય વ્યતીત થતો રહે છે. જીવન-નાટક પૂરું જ થઈ, છે. પણ એ બની ગયેલી ઘટનાઓ આપણા મન પર અને આપણા જીવન પર ઊંડા સંસ્કારો મૂકી જાય છે. તે સંસ્કાર શું છે ને કેવા છે તે પર વ્યક્તિનો ચરિત્ર ઘડાય છે. જે પ્રકારે એક કૅમેરાનું બટન દબાવી દીધું, પણ તે પછી ફોટો કેવો પડશે, આ જ અધિક મહત્ત્વની વાત છે, તે પ્રકારે આપણે કોઈ કામ કર્યું, અનુષ્ઠાન કર્યું, પણ તે પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ આપણા અંતરમાં સંસ્કારોનો ફોટો કેવો પડ્યો, તે તરફ ધ્યાન દેવું જોઈએ. એક સુંદર અને સ્પષ્ટ ફોટો ખેંચવા માટે જરૂરી પ્રકાશ, વસ્તુનું સીમિત અંતર, કૅમેરાનું સંતુલન વગેરે આવશ્યક છે, તે અનુસાર સુંદર અને પવિત્ર સંસ્કારો માટે ઉત્તમ પ્રક્રિયા, શુદ્ધ ભાવના કામ કરવાની ધગશ વગેરે સદ્ગુણો નિતાંત જરૂરી છે.

જીવન શું છે? સંસ્કારો નું સંચયસ્થાન જીવન છે. જે

પ્રતિદિન આપણે અનેક પુસ્તકો વાંચીએ છીએ, પત્ર-પત્રિકાઓ વાંચીએ છીએ, દૈનિક સમાચારો વાંચીએ છીએ, પણ એ બાર આપણું મસ્તષ્ક ઉચકી શકે છે ?

ના, નહિ. આપણે વાંચેલી વિગતોમાંથી બહુ થોડી વિગતો સંપૂર્ણ રીતે યાદ રાખી શકીએ છીએ. પણ આપણા વિચારોના નિર્માણમાં; આપણા જ્ઞાનના ઊંડાણમાં અને આપણા સંસ્કારોના ઘડતરમાં તે તમામ પુસ્તકો તથા પત્ર-પત્રિકાઓનું સ્થાન છે, જેને ભલે આજ આપણે વિસ્મૃતિના સમુદ્રમાં ડૂબાવી ચુક્યા હોઈએ. એટલા માટે એ આવશ્યક છે કે આપણી નાનામાં નાની ક્રિયા પવિત્ર હો, આપણા જીવનની સાધારણમાં સાધારણ ઘટના વિશુદ્ધ હોય, આપણે જે કંઇ વાંચીએ તે સારું સાહિત્ય હોય, જેથી એનો પ્રભાવ આપણા ઉન્નત સંસ્કારોના નિર્માણમાં સહાયક બને.

આપણે સંપૂર્ણ જીવનમાં ક્રિયા-પ્રક્રિયાઓનો જે વેપાર કરીએ છીએ, એથી કેવળ સંસ્કાર રૂપી સંપત્તિ જમાવીએ છીએ. જો આ સંપત્તિ સદ્‌સંસ્કારોની હશે તો આપણા જીવન વિકાસના માર્ગ તરફ આપણને લઈ જવામાં તે અગ્રણી બનશે અને જો તે સંપત્તિ અસદ્-સંસ્કારોની હશે તો જીવનને પતનની ઊંડી ખીણમાં લઇ જનારી બનશે. જેમ એક વેપારી સાલભરના વેપાર બાદ નફા તોટાનો હિસાબ કરે છે અને અંતિમ એક જ આંકડો જોઈ તે સમજી લે છે કે વર્ષભરની ખાતાવહી નફો દેખાડે છે કે નુકશાની ?

તે અંતિમ એક આંકડાની જેમ માણસના સંસ્કારોનું

[૨૨]

આળસરોગની દવા શરીરશ્રમ

સત્વગુણ, રજોગુણ અને તમોગુણના સામંજસ્યથી જ આ સૃષ્ટિની રચના છે. જ્યારે સત્વગુણનો પ્રભાવ તીવ્ર બને છે ત્યારે અંતરાત્મા ઉન્નતિ તરફ ગતિ કરે છે અને જ્યારે તમોગુણનો પ્રભાવ પોતાનો રંગ દેખાડે છે ત્યારે અંતરાત્માની ચારે બાજુ આળસ, અકર્મણ્યતા વગેરે રોગ ઘેરાઈ જાય છે.

આજ સમાજમાં આળસુ લોકોનો એક વર્ગ જ બની ગયો છે. આ લોકોએ આળસને બહુ જ ઊંચા સ્થાને બેસાડી દીધી છે; ને, શરીરશ્રમ તરફ ઘૃણાત્મક દ્રષ્ટિથી જોવા માંડયું છે. વાસ્તવમાં આળસ એક રોગ છે; ને શારીરિક મહેનત તે રોગથી બચાવનારી એક દવા છે. પણ એનાથી અધિક દુર્ભાગ્ય બીજું કયું હોઈ શકે કે એ રોગથી લોકો પ્રેમ કરવા લાગ્યા છે. એવા લોકોના શરીર પર આળસની ધૂળ ચઢતી જાય છે. તેઓ દિન પર દિન શરીરે મોટા થતા જાય છે, પણ એ

સ્થૂલ શરીર કોઈ ઉપયોગનું નથી. પોતાના હાથે એક પ્યાલો પાણી ભરી પીવો પણ એમને માટે અપમાનની વાત મનાઈ રહી છે. એમને સ્નાન કરાવનારાં, એનું ઘર સ્વચ્છ કરનારાં, એનાં કપડાં ધોનારાં અલગ અલગ માણસ હોય છે. કે જેમને આ લોકો પૈસાથી ખરીદેલા નોકર સમજે છે. એવા તથાકથિત નોકર અને મજૂર એટલો વધારે શ્રમ કરવા લાચાર બને છે કે તેમના શરીર ઘસાઈ ઘસાઈ ગળવા માંડે છે. આ શ્રમિકોને ન વાંચવા-લખવાનો અવસર મળે છે અને ન પોતાના બૌદ્ધિક વિકાસના મોકા ઉપલબ્ધ થાય છે. સવારથી રાત સુધી તેઓ કામ કરે છે તથાપિ સારી રીતે ગુજરાન ચલાવવાનાં સાધનો પ્રાપ્ત કરી શકતા નથી.

આળસુ લોકોનો તથાકથિત પ્રતિષ્ઠિત વર્ગ કહે છે: ‘અમે અમારો વખત એવાં વ્યર્થ કામોમાં શા માટે બરબાદ કરીએ? અમે તો રાત દિવસ માનસિક શ્રમ કરીએ છીએ. એથી અમને શરીરશ્રમની કોઈ જરૂર નથી.’

એમનું આ કથન કેટલું અર્થહીન છે? જો તેઓ માનસિક અને બૌદ્ધિક શ્રમ કરે છે તો ભોજન પણ માનસિક અને બૌદ્ધિક જ કરવું જોઈએ. બધા લોકો માનસિક શ્રમ કરવા માંડશે તો અનાજ ઉગાડશે કોણ? આ પ્રકારની સમાજરચના સર્વથા અવૈજ્ઞાનિક અને અસંતુલિત છે. કેમકે એવા સમાજમાં અમુક લોકોનાં શરીર બેકાર બની જાય છે; અને અમુક લોકોના મગજની શક્તિનો ઉપયોગ જ નથી થતો. પ્રકૃતિએ બધા લોકોને બુદ્ધિ તથા શરીર બંનેનો પર્યાપ્ત ઉપયોગ થવો જોઈએ.

આળસુ લોકોએ પોતાનાં બૌદ્ધિક–ચક્ર એવી રીતે ચલાવ્યાં છે કે શરીરશ્રમનું કોઇ મૂલ્ય જ નથી રહ્યું. જો શરીર અને બુદ્ધિને સમાન મૂલ્ય આપી કાર્યની વહેંચણી કરવામાં આવે તો તે અવાસ્તવિક ન લેખાય. પણ બૌદ્ધિક શ્રમ કરીને એક વ્યક્તિ મોટર, બંગલા, રેડીયો, ટેલિવિઝન ઈત્યાદિ સમસ્ત સગવડ મેળવી લે છે, જ્યારે શરીર શ્રમ કરનારાને પેટપૂરતાં દાળ રોટી પણ નથી મળતાં. જો બૌદ્ધિક શ્રમ કરનારાને એક દિવસના પારિશ્રમિક હજારો રૂપિયા અપાય છે તો બીજી બાજુ શરીરશ્રમ કરનારાને એક દિવસના પારિશ્રમિક એકાદ બે રૂપિયા અપાય છે. આ રીતે એક ભયંકર અસંતુલન આ સમાજમાં પેદા થયું છે. અને આ અસંતુલનના ફળ સ્વરૂપ આળસની બીમારીએ સમસ્ત સમાજમાં પોતાનો પોલાદી પંજો પ્રસાર્યો છે.

આજના શિક્ષકો પણ આ આળસની સારી પેઠે સંભાળ લેવાની જવાબદારી લીધી છે. આજના વિદ્યાલય; કોલેજ અને યુનિવર્સિટીઓ શરીરશ્રમ તરફ ઘૃણા કરનારાઓનાં કારખાનાં બની ગયાં છે.

આ કારખાનામાં તૈયાર થએલા યુવક ફેશન અને આળસ [illegible] બની અલંકૃત થાય છે. તેઓ બેકાર થઈ જાય [illegible] શોધે છે. તેમને એવાં કામ જોઈએ છે, જેથી શરીરને પસીનો પાડવો ન પડે. શરીરને તકલીફ ન થાય, ફક્ત ઓફિસમાં બેસી બેસી કલમ ચલાવ્યા કરે. એવાં કામ જ્યાં સુધી નથી મળતાં, ત્યાં સુધી તેઓ બેકાર મનાય છે.


વાસ્તવમાં સમાજમાં કામનો કોઈ તોટો નથી; જો શરી-
નો પસીનો પાડવાની અને મહેનત કરવાની તૈયારી હોય.
પણ આ કૉલેજો અને વિશ્વવિદ્યાલયોમાં આ પ્રકારની કોઈ
કલા શિખવવામાં નથી આવતી; શરીરશ્રમ તરફ પ્રેમની
ભાવના ઉત્પન્ન કરવામાં નથી આવતી. જ્યાં કામ બહુ જ
ઓછું હોય ને મળતર વધારે હોય ત્યાં જ ધંધાની નજર
જાય છે. આવી પૂંજીવાદી મનોવૃત્તિને લીધે આળસનો રોગ
ફાટી ન નીકળે તો બીજું શું થાય ?

આળસનો રોગ બીજા અનેક શારીરિક રોગોને
આમંત્રણ આપે છે. ભૂખ ન લાગવી, નિદ્રા ન આવવી, આદિ
બીમારીઓ આળસની મોટી બીમારીના નાના લક્ષણ છે. આ
બીમારીઓથી બચવા માટે વ્યાયામ, હરવું-ફરવું વગેરે શરૂ
કરવાં પડે છે. કોઈ ને કોઈ પ્રકારે પણ શરીરશ્રમનો આશ્રય
લેવો પડે છે. શરીર મળ્યું છે તો શ્રમ કરવો જ પડશે. પછી
સમાજ માટે ઉપયોગી શરીરશ્રમ કેમ ન કરવો ?

શરીરશ્રમમાં જે સમય જાય છે, તે વ્યર્થ જતો નથી.
એનાથી ઉત્તમ આરોગ્ય પ્રાપ્ત થાય છે. બૌદ્ધિક શ્રમ માટે
તાજગી મળે છે. વિચાર શુદ્ધ થાય છે. અનેક સાહિત્યકાર,
વિચારક અને બુદ્ધિજીવી મનુષ્યો પેટની બીમારીથી પરેશાન
રહે છે. તેઓ ખુલ્લા તડકામાં કે હવાથી ભરેલી પ્રકૃતિની
ગોદમાં મહેનત કરશે તો એમનું સ્વાસ્થ્ય સુધરી જશે; ને
વિચારો પણ તેજસ્વી થશે. હજારો રૂપીઆ દાક્તર અને દ
પાછળ ખર્ચ કર્યા વગર શરીરશ્રમની દવાનો સહારો લેવા
ે તો સ્થાયી લાભ થશે.

દરેક વ્યક્તિની શારીરિકતાનું આત્મિક મહત્ત્વ છે. આળસ અને અકર્મણ્યતા સમાજની પ્રગતિમાં વિઘ્ન કરનારા દુશ્મનો છે. એ દુશ્મનોનું દમન કરવું અને આપણાં મન તથા શરીરની શિથિલતા પર વિજય મેળવવો એ સમાજની પ્રગતિ માટે સર્વશ્રેષ્ઠ સેવા છે.

એક એક વ્યક્તિ મળી સમાજ બને છે. જો એક એક વ્યક્તિ આળસુ બનતી જશે તો એક દિવસે સમસ્ત સામાજિક બંધારણ નષ્ટ પ્રાયઃ થઈ જશે. આ માર્મિક તથ્યને સદૈવ ધ્યાનમાં રાખવું જોઈએ.



પ્રેમ કે વાસના ?

પ્રેમ જીવનનો મહામંત્ર છે. પ્રેમ બે પ્રાણીઓના આંતરિક સંબંધોની ઉત્કૃષ્ટ કડી છે. પ્રેમથી પવિત્ર આ જગતમાં બીજું કંઈજ નથી. પણ પ્રેમનું વાસ્તવિક રહસ્ય સમજવું બહુજ કઠિન છે; વાસ્તવિક કદાપિ તૂટતો નથી. સંસારની કોઈ પણ શક્તિ પ્રેમમાં અંતરાય ઊભો કરી શકતી નથી. એવો પ્રેમ સ્વાર્થપરાયણતાથી બહુજ દૂર રહે છે. એવા પ્રેમમાં વિકાર અને વાસના માટે કિંચિત માત્ર પણ સ્થાન નથી.

આજ કાલ તો પ્રેમના સ્થાન પર અધિકાંશત: રાગમૂલક વાસનાના જ દર્શન થાય છે. વાસનામાં અતૃપ્તિ છે, અસંતોષ છે. સ્વાર્થપટુતા છે. પ્રેમમાં તૃપ્તિ છે, સંતોષ છે અને સમર્પણની ભાવના છે. વાસનામાં યૌન આકર્ષણ અને દૈહિકતા હોય છે. જ્યારે શુદ્ધ પ્રેમનો સંબંધ કેવળ આંતરિક ભાવનાઓથી જ હોય છે. શુદ્ધ પ્રેમની ઉપાસના પોતાના પ્રેમપાત્ર માટે સર્વસ્વ-દાન કરી દે છે; પોતાનું સંપૂર્ણ જીવન અર્પણ કરે છે. ને એના બદલામાં પ્રતિદાનની અપેક્ષા નથી રાખતી. હું જેનાથી પ્રેમ કરું છું, તે પણ મારાથી પ્રેમ કરે, એવી આકાંક્ષાથી તે મુક્ત રહે છે. એવા નિર્લિપ્ત પ્રેમોપાસક જ પ્રેમ-નગરીના અધિકારી બની શકે છે.

એવા સાચા પ્રેમના કેટલાંક ઉદાહરણો આપણને મળે છે. પહેલું ઉદાહરણ તો રાજુલ અને અરિષ્ટનેમિનું.

રાજુલ અને અરિષ્ટનેમિ બંનેના પ્રેમે મહાન ચારિત્રિક પવિત્રતાનો દ્રષ્ટાંત જગતની સામે મુક્યો. એ પ્રમાણે ચંદનબાળા અને મહાવીરના પ્રેમે ઉચ્ચ આધ્યાત્મિક પરંપરા નિર્માણ કરી. મીરા અને શ્રી કૃષ્ણના પ્રેમની ઘટનાથી કોણ અપરિચિત છે? મીરા શ્રી કૃષ્ણના પ્રેમમાં એટલી દીવાની હતી કે તે ઝેરના પ્યાલાને પણ પાણી પેઠે પી ગઈ. બસ, મીરા માટે આ સૃષ્ટિમાં શ્રી કૃષ્ણ સિવાય બધુંજ સારહીન હતું. આવા પ્રેમનાં મહાન દ્રષ્ટાંતો ઈતિહાસમાં કેટલાય મળે છે. જે વાંચી પ્રેમની વાસ્તવિકતાને આપણે સમજી શકીએ છીએ. જે પ્રેમ વ્યાપક ન બનતાં કેવળ શારીરિક. આકર્ષણયુક્ત હોય છે, તેને પ્રેમ કહેવો એટલે. પ્રેમ શબ્દ સાથે અન્યાય કરવા બરાબર છે.

પ્રેમ જેવી પવિત્ર વસ્તુને વાસનાના વિષમય રંગમાં રંગવી નિતાંત બુદ્ધિહીનતા છે. જે પ્રેમપાત્ર શરીરથી બહુ જ દૂર છે અથવા આ સૃષ્ટિમાં છે જ નહિ. પ્રેમજ્યોત અંતર માનસમાં નિરંતર જલતી રહે છે. એક વાર જલ્યા પછી તો ક્દાપિ બુઝાતી નથી. પ્રેમમાં નાના મોટાનો ભેદ નથી, રૂપ રંગનો ભેદ નથી. એ તો સર્વ માટે સમાન છે.

'મારું પ્રેમપાત્ર પાપી છે, તોપણ એનાથી મને ઘૃણા નહિ થાય. બલ્કે મારા વિશુદ્ધ પ્રેમની શુદ્ધ હવાથી એનાં પાપ રૂપી જખ્મોને રૂઝવવાની હું કોશીશ. કરીશ. પ્રેમીની આવી

[સ્]વચ્છ ભાવના હોવી જોઇએ. પ્રેમમાં ને સંશય-સંદેહ માટે [ક]ોઈ સ્થાન નથી. સંદેહ જ પ્રેમનો મહાન દુશ્મન છે.

જેના હૃદયમાં પવિત્ર પ્રેમે એક વાર સ્પર્શ કર્યો છે, [ત]ેનું હૃદય અત્યંત વિશાળ અને વ્યાપક બની જાય છે. એના મનમાં સૃષ્ટિના કોઈ પણ પ્રાણી અને કોઈ પણ પદાર્થ તરફ [ઘ]ૃણા ઉત્પન્ન થતી નથી. પછી આ ધરતી પર ન એનો કોઈ [દ]ુશ્મન હોય છે ને તે કોઈનો શત્રુ રહે છે. જેનું હૃદય પ્રેમના સિંચનથી એક વાર પણ સિંચાયું છે, એના હૃદય પર દ્વેષની કાળી છાયાના પ્રતિબિંબ સુદ્ધાં ટકી શકતાં નથી.

આ વિશાળતાના મહત્ત્વનું દર્શન કરી ઈસા મસીહે પ્રેમને ઈશ્વરનું સ્થાન આપ્યું. જેનું હૃદય પ્રેમ-રસથી છલકાઇ રહ્યું છે, એના એક ગાલ પર કોઈ તમાચો મારશે તો તે બીજો ગાલ તમાચો મારનારાની સામે ધરી દેશે. પણ પોતે કોઈ પર હાથ ઉઠાવી પોતાના અંતરમાં પ્રદીપ્ત પ્રેમની જ્યોતનું અપમાન નહિ કરે. આ છે પ્રેમનો અપરિમિત પ્રભાવ !

આજ તો પ્રેમને અનેક સાંસારિક સંબંધોમાં બાંધી એના સાચા સ્વરૂપને ભુલાવી દેવામાં આવ્યું છે અને આ પ્રકારે પ્રેમના અલગ અલગ સ્વરૂપ તથા માપદંડ ઊભાં કરવામાં આવ્યાં છે. માતૃ-પ્રેમ આદિ જાત જાતના સંબંધોને પ્રેમની સંજ્ઞા આપવામાં આવી છે. એ બધા પ્રેમ કર્તવ્યોના આધાર

પરંતુ સાચો પ્રેમ આ કર્તવ્યોથી પણ અધિક ઊંચી કલાએ રહેલો છે તે ન પરિવારમાં બંધાય છે ન જાતિમાં બંધાય છે, ન દેશમાં બંધાય છે. પ્રેમ બંધન–મુક્ત હોય છે, પ્રેમ તો અંતર માનસની એક હાક છે. જે સમસ્ત દીવાલો અને અન્ય સીમાઓને ઓળંગી સૃષ્ટિના કોઈ પણ ખૂણામાં પ્રતિ ધ્વનિત થઈ શકે છે.

આજકાલના સિનેમાઓમાં, નવલકથાઓમાં ને નવલિકાઓમાં જાત જાતના પ્રેમપ્રસંગ દોરવામાં આવે છે. એ બધા પ્રસંગોએ યુવકોના મગજને ભ્રમિત કરી દીધું છે. યૌનઆકર્ષણ તથા સ્ત્રી પુરુષોના દૈહિક સંબંધથી પ્રેમ શબ્દને જોડી દેવામાં આવ્યો છે. આજ જ્યાં જુઓ ત્યાં વાસનાગ્રસ્ત યુવક–યુવતીઓ પ્રેમનાં નાટક ભજવતાં નજરે પડે છે. પણ તેઓએ કંઈક ગંભીર બની પોતાના પ્રેમની પરીક્ષા કરવા એટલું જોવું જોઈએ કે એમનો આ પ્રેમ કેવળ વાસના જ છે કે બીજું કંઈ ?

જો તેઓ થોડા ઊંડાણમાં ઉતરશે તો તેમને અવશ્ય સત્યનાં દર્શન થશે. જ્યારે તેઓ પ્રેમની પવિત્રતાનો અનુભવ કરશે, ત્યારે તેમને પ્રેમ અને વાસનાના ભેદ પણ તરતજ સમજાઈ જશે. અસલી ઘી અને વનસ્પતિ ઘીની જેમ ઉપર ઉપરથી પ્રેમ અને વાસનામાં થોડી સમાનતા નજરે પડે છે, પણ અસલિયત સામે આવતાંની સાથે જ બંને વચ્ચેના અંતરનું રહસ્ય તત્કાળ પ્રગટ થઈ જશે.

પરિવર્તન યુગ

પુરાણી વસ્તુ સદૈવ કાયમ નથી રહેતી. સમય બદલે છે; યુગ બદલે છે; એની સાથે જ સામાજિક રૂઢિઓમાં પણ ફેરફાર થાય છે. કોઈ એકજ પ્રણાલિકાને પકડી અનંત કાળ સુધી ખેંચી જઈ શકાતી નથી. એક યુગમાં જે પ્રણાલિકાને સારી સમજી અંગીકાર કરવામાં આવે છે, તે જ પ્રણાલિકાને નવા યુગમાં સમાપ્ત કરી દેવા આન્દોલન થાય છે. ભલે થોડા મૂળભૂત સિદ્ધાંત ચિરંતન-કાળ સુધી એક સરખા રહે છે-જેવા કે સત્ય, અહિંસા આદિ કદાપિ બદલતા નથી. તે સદૈવ સ્વીકાર્ય રહે છે; ને રહેશે. પરંતુ સામાજિક તથા રાજનૈતિક પરંપરાઓમાં નિત્ય પરિવર્તન થતું રહે છે.

આજના યુગમાં પ્રાચીન સામંતવાદી, સામ્રાજ્યવાદી અને વિસ્તારવાદી શાસન-નીતિ તરફ ઘૃણાની નજરથી નિર-

[illegible] જોવામાં આવે છે કે ગોરી ચામડીવાળાઓએ પોતાનો ઉપનિવેશ બનાવી એના પર પોતાની સત્તા જમાવી. તે આજના યુગમાં અમાન્ય ગણાય છે. આથી જ આજના યુગનો અવાજ છે. એથી જ આફ્રિકાથી ગુલામ સંસ્થાનો આઝાદ થઈ ગયાં.

અંગ્રેજો ગયા. ભારતીય જનતાને પોતાનો શાસન પ્રબંધ પોતાની ઇચ્છાનુસાર ચલાવવાનો અધિકાર મળ્યો. જે નાના નાના અનેક રાજાઓ પ્રાચીન કાળથી અસ્તિત્વમાં રહ્યા હતા; તેઓ પોતપોતાના રાજ્યોનું ઉત્થાપન કરી હવે એક નાગરિક પેઠે રહે છે. રાજાનો પુત્ર જ રાજા થશે, એ પ્રાચીન પરંપરા હવે સમાપ્ત થઈ છે.

આજના યુગમાં પ્રાચી મૂડીવાદની જડ મૂળમાં ખલાસ થવા માંડી છે. જનતા થોડાક મૂડીપતિઓની તિજોરીઓમાં સમાજનું તમામ ધન બંધ થાય, એનાથી વિરુદ્ધ છે અને સમાજવાદ તથા સામ્યવાદની આગ ચારે તરફ સળગી ઊઠી છે. સમાજની સંપૂર્ણ સંપત્તિ પર થોડાક લોકોનો નહીં, પણ સમસ્ત સમાજની માલિકી છે. આ સિદ્ધાંતનું પ્રતિપાદન આજના નવા વિચારકોએ કર્યું છે.

ભારતમાં જમીનદારી પ્રથા સમાપ્ત કરી નંખાઈ; ને ખેડૂતોને વ્યાપક અધિકાર દેવામાં આવ્યો. પ્રાચીન યુગમાં એ વ્યક્તિઓને અતિશય માનની નજરથી જોવામાં આવતી હતી; જે કોઈ પણ રીતે કરોડોના સ્વામી બની જાય. પણ આજ કાળાબજાર અને નફાખોરી કરી પૈસાદાર બની જનારાઓ તરફ અપમાનભરી નજરથી જોવામાં આવે છે.

આધ્યાત્મિક મૂલ્યોને સર્વથા વિસારે પાડયું છે. એનું પરિણામ એ ઉપલબ્ધ થયું છે કે આજના મનુષ્યની પ્રગતિશીલ વૈજ્ઞાનિક દ્રષ્ટિ દુનિયાને વિનાશના પંથે લઈ જઈ રહી છે. વિજ્ઞાનની સાથે ભૌતિક-જીવનની સિદ્ધિના લક્ષ્યે જ હિંસા યુદ્ધ અને અણુ શસ્ત્રોને જન્મ આપ્યો છે. જો વિજ્ઞાન પર આધ્યાત્મિક મૂલ્યોનું નિયંત્રણ રહે તો આજ સમગ્ર સૃષ્ટિમાં જે અંધાધુંધી ચાલી રહી છે, તે ક્ષણભરમાં ખલાસ થઈ જશે.

હજી આપણે ભૌતિક-વસ્તુઓની પૂર્ણ રૂપથી ઉપેક્ષા કરી શકતા નથી. જ્યાં સુધી આપણા ભૌતિક-શરીર કાયમ છે, ત્યાં સુધી ભૌતિક વસ્તુઓની અપેક્ષા રહેવાની જ. આધ્યાત્મિક ગુણોનો, આત્મ-ચેતનાનો અને સાધનામય જીવનનો આધાર આ ભૌતિક શરીર જ છે. પણ જો ભૌતિક સામગ્રીઓને જ બધું માની લેવામાં આવે અને આધ્યાત્મિક ગુણોને સર્વથા ભૂલવી દેવાય તો સંસારમાં અસંતુલન પેદા થઈ જશે. હવે તો ભૌતિક પ્રગતિ પર આધ્યાત્મિક ચિંતકોનું નિયંત્રણ અત્યંત જરૂરી છે.

આજનો યુગ સંક્રાંતિકાળમાં વીતિ રહ્યો છે. પુરાણી પરંપરાઓ તૂટી રહી છે. અને નવી-પરંપરાઓ સંપૂર્ણ રીતે ફેલાતી જાય છે. માટે આવા સમયમાં જ સર્વથી વધારે સાવધાન રહી સમાજ-ચેતનાનું નિર્માણ કરવું આવશ્યક છે. જો આ સમય મજબૂત મૂળ રોપાયું તો ભવિષ્યનો ભવ્ય મહેલ ઉપસ્થિત કરવામાં કોઈ કઠિનતા નહિ રહે.

જીવવાની કળા

જેણે જન્મ લીધો છે, તેણે જીવન જીવવાનું જ છે. એક સૂક્ષ્મ કીડીથી માંડી એક અતિ સ્થૂળ હાથી સુધીનાં બધાં પ્રાણી આ ધરતી પર જીવવા માટે બાધ્ય છે. મનુષ્ય પણ જીવે છે. એક એવી વ્યક્તિ–જેની પાસે બુદ્ધિ નથી, ધન નથી, ઘર નથી, ખાવા પૂરતી રોટી છે, તે પણ કોઈ ને કોઈ રીતે પોતાનું જીવન વ્યતીત કરે જ છે. તે એટલા માટે નથી જીવી રહ્યો કે જીવવામાં કોઈ રસ કે આનંદ એને મળે છે. બલ્કે તે એટલા માટે જીવી રહ્યા છે કે એનું મૃત્યુ આવ્યું નથી.

મનુષ્યના જીવનનું મહત્ત્વ શું છે, એનાથી તે મનુષ્ય સર્વથા અનભિજ્ઞ છે. બીજી એક વ્યક્તિ પાસે બુદ્ધિ છે, ધન છે, જીવન ચલાવવા માટે બધાં સાધનો છે, છતાં એને પોતાના જીવનમાં કોઈ રસ કે આનંદ કે સુખ નથી. એને તો જીવન એક ભાર રૂપ છે. તે પોતે પોતાને ઘર–પરિવાર તથા વેપારની સમસ્યાઓમાં એટલો પ્રવૃત્ત, થયેલો જણાવે છે, જેવી રીતે

અર્થાત્ : વિવેકથી ચાલો, રોકાવ, સુઓ, ખાઓ અને બોલો. જો આ બધાં કામોમાં વિવેક ટકી રહેશે, ખાવા અગાઉ બોલવા અગાઉ, ક્યાંય જવા અગાઉ એટલું સોચો કે હું જે ખાઈ રહ્યો છું, જે બોલી રહ્યો છું, જ્યાં જઈ રહ્યો છું; એનાથી મારા જીવન પર શો પ્રભાવ પડવાનો છે. આ પ્રકારનું ચિંતન, આ પ્રકારનો વિવેક જ જીવવાની સાચી કળા છે.

ઘણા ધનવાનો સવારથી રાત સુધી નોટોનાં બંડલ ગણતા રહે છે. પણ તેઓને ન પરિવારનું સુખ, ન ખાવા પીવાનું સુખ હોય છે. તેઓ ન રાતે સારી રીતે સુઈ શકે છે. ને ન શાંતિથી મન બહેલાવી શકે છે. સ્નાન ઘરમાં પણ એનો ટેલિફોન બજાર–ભાવની તેજી મંદીની ખબર આપતો રહે છે. એમનું મગજ બજાર ભાવ સાથે ચઢતું ઉતરતું રહે છે. આવી હાલતમાં અઢળક ધન આપણે શા કામનું ? આ ભયંકર લોભની આગમાં એમના જીવન બળી જાણે રાખ બની જાય છે !

ઘણા લોકો બહુ [illegible] ક્રોધી હોય છે. સવારથી સાંજ સુધી એમના મગજનો પારો સાતમા આસમાન પર ચઢેલો રહે છે. [illegible]

તો તેમના પોતાના જીવન કેવાં સુખી બની જાય, તેની કોઈ કલ્પના નથી.

અનેક લોકો અવ્યવસ્થા અને આળસનાં બંધનમાં એવાં બંધ થયા હોય છે કે તેઓ પરનો બીજાઓનો વિશ્વાસ જ ઉઠી જાય છે. તેઓ સમયસર કોઈ કામ જ નથી કરતા. નથી ઉઠતા સમયસર. નથી ખાતા સમયસર. નથી વાંચતા લખતા સમયસર. નથી સુતા સમયસર. સમયની એમની સામે કોઈ કિંમત જ નથી હોતી. તેઓ પોતાની જ અવ્યવસ્થામાં પોતે દુઃખી અને પરેશાન રહે છે. જો તેઓ ક્રમ બદ્ધતાપૂર્વક પોતાના જીવનનો કાર્યક્રમ ચલાવે તો જીવવાનો વાસ્તવિક આનંદ તેમને મળી શકે છે.

ઘણાં ખરાં લોકોના સ્વભાવમાં ચિંતા કરવાની આદત હોય છે. નાની નાની બાબતો માટે તેઓ મનમાં ને મનમાં ચિંતા કરતા રહે છે, ને અકળાતા રહે છે. કોઈ પણ સ્થિતિ પર ગંભીરતાથી સોચવા તથા પગલાં ભરવાને બદલે તેઓ મનને ઉદાસીનતા–ચિંતાના કૂપમાં ઉતારતા રહે છે. આવા લોકો ઈર્ષાના રોગાણુઓથી પણ ઘેરાઈ જાય છે. બીજાઓની ઉન્નતિ માટે કોઈ પ્રયત્ન તેઓ કરતા નથી.

કેટલાંક લોકો પોતાની આજીવિકાની પાછળ ઘાણીના બળદની જેમ સર્વદા ચક્કર કાપતા રહે છે. તેમના જીવનમાં નૃત્ય, ગીત, વાદન, અધ્યયન, સ્વાધ્યાય, ચિંતન-મનન, મનોરંજન, વ્યાયામ, ક્રીડા વગેરે બીજી કોઈ પ્રવૃત્તિ માટે કોઈ સ્થાન નથી હોતું.

[૨૬]

જીવનમાં બ્રહ્મચર્યનું સ્થાન

માનવ જીવનમાં બ્રહ્મચર્યનું અત્યંત ઉચ્ચ સ્થાન છે. જીવનની ડગમગતી નૌકા માટે બ્રહ્મચર્ય જ ઉચિત સુકાન છે. આ વૃત્તથી જીવનમાં અને વિચારોમાં સંતુલન રહે છે. ઋષિઓએ બ્રહ્મચર્યનો મહિમા ગાતા ઉચ્ચ સ્વરે ઘોષણા કરીઃ

ब्रह्मचर्येण तपसा देवा मृत्युमुपाघ्नतः

અર્થાત્-બ્રહ્મચર્ય રૂપી તપશ્ચર્યાના માધ્યમથી દેવતાઓએ મૃત્યુ પર વિજય મેળવ્યો.

માણસની મહાનતા એના વિવિધ સૌખ્યસાધનોને લીધે નથી. બલ્કે એનું હૃદય, એની ભાવનાઓ અને એના ચિન્તન-પ્રકાર કેટલી વિશુદ્ધિથી ભરેલાં છે; કેવાં પવિત્ર છે, તે પર નિર્ભર છે.

હિન્દુસ્થાન ભૌતિક સમૃદ્ધિની તુલનામાં અમેરિકા, યૂરોપ તથા રૂસ જેવા દેશોથી બહુજ પાછળ હોવા છતાં પોતાની પવિત્ર સાંસ્કૃતિક પરંપરાઓને લીધે આજ આખી દુનિયામાં પોતાના સિદ્ધાંતોની પ્રતિષ્ઠા પ્રસારી રહ્યો છે. એટલા માટે મહાનતાનો માપદંડ અથવા કસોટી બાહ્ય સમૃદ્ધિ છે; પણ આંતરિક ચરિત્રની પવિત્રતા છે. તેથી જ પ્રત્યેક વ્યક્તિએ પોતાની પવિત્રતા બાબતમાં ખૂબ જ સાવધાન રહેવું જોઈએ. આંતરિક પવિત્રતાનું જ બીજું નામ બ્રહ્મચર્ય છે.

બ્રહ્મચારી પાસે અપરિમેય શક્તિ અને અનંત તેજ-સ્વિતા હોય છે, એમના જીવનમાં ભય, સંદેહ અને આતંક માટે કોઈ સ્થાન નથી રહેતું. અપરિમિત આત્મબળ પ્રાપ્ત કરવાનું અમોઘ સાધન બ્રહ્મચર્યની સાધના અને ઈન્દ્રિય-જન્ય વિકારો પર વિજય પ્રાપ્ત કરવો

બ્રહ્મચારીનું સંપૂર્ણ જીવન સાધનામય હોય છે. તે સર્વપ્રથમ પંચેન્દ્રિય વિષયો પર નિયંત્રણ સ્થાપિત કરે છે. લગામ વગરનો અશ્વ જે રીતે ઇતસ્તતઃ ભટકે છે, તે રીતે જ અસંયમી મનુષ્યની પંચેન્દ્રિયો ભટકતી રહે છે; શબ્દ,

રસ, ગંધ અને સ્પર્શની અનુકૂળતાઓ ઢૂંઢતી રહે છે. પરંતુ બ્રહ્મચારીનું બોલવું, ખાવું, જોવું, ચાલવું વગેરે સર્વ કંઈ સ્વાભાવિક અને સમગ્ર સંયમ ઓતપ્રોત રહે છે. તે સાત્વિક ભોજન કરે છે. જીવવા માટે તે ભોજન કરે છે. ભોજન માટે તે જીવતો નથી. અસ્વાદવૃત્તિથી તે ખાય છે. મનને તે સ્થિર રાખે છે. ઈન્દ્રિય નિગ્રહ કરતો રહી નિરંતર પઠન-મનન-ચિન્તનમાં તન્મય રહે છે.

આ રીતે જ્યારે તે સ્થૂલ અને બાહ્ય જીવનને કઠોર નિયંત્રણમાં રાખે છે, ત્યારે તેનું મન પણ સ્થિર, શાન્ત અને નિર્વિકાર બની રહે છે.

જેની પાસે ચરિત્રની સમૃદ્ધિ નથી; બ્રહ્મચર્યનું તેજ નથી. ને ભૌતિક દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ હોવા છતાં કંગાલ છે. કેમકે વાસ્તવિક સમૃદ્ધિ આત્મ-ગુણોનો વિકાસ અને આન્તરિક પવિત્રતા જ છે.

શ્રી [illegible]

'સમય બહુ જ મૂલ્યવાન છે, એને ન ખોવો! તમે તમારા સમયને કેમ નષ્ટ કરો છો? આ મૂલ્યવાન સમયનો દુરુપયોગ કેમ કરો છો? જીવન તો એક એક ક્ષણમાં આગળ વધી રહ્યું છે. એક એક ક્ષણ તો વીતી રહ્યું છે. વીતી ગયેલી ક્ષણ પાછી આવવાની જ નથી. માટે જ સમયને બરબાદ ન કરો! તમે સમયની કિંમત ક્યારેય નથી કરી. તમે ભૌતિક સમૃદ્ધિ માટે જ કાર્યરત થઈ રહ્યા છો ને ધન એકઠું કર્યે ગયા છો.

સંપત્તિ એકઠી કરવામાં સમય વ્યતીત કરતા રહ્યા, ભોગ–વાસનામાં લિપ્ત થઈ પોતાનો કિંમતી સમય ગુમાવી દીધો; પણ આ સમયનું વાસ્તવિક મૂલ્ય ન સમજ્યા. આ મૂલ્યવાન સમયનો વાસ્તવિક ઉપયોગ પણ ન કર્યો.'

જિજ્ઞાસુ પૂછે છે:

'સમયની કિંમત શી છે? સમયનો વાસ્તવિક ઉપયોગ શો છે? ટૂંકું જીવન છે. ટૂંકું આયુષ્ય છે. આવા ટૂંકા સમયમાં ખૂબ ધન કમાઈ લઈએ; ખૂબ ઐશો–આરામ કરી લઈએ; મોજ શોક કરી લઈએ! ભોગોનો આનંદ ઉઠાવી લઈએ. એ જ જીવનની સાર્થકતા છે. એ જ દુનિયાનો આનંદ છે. એ જ તો સમયની કિંમત અને એનો

સદુપયોગ છે. ને આ સર્વ હાલ નહિ કરીએ તો ક્યારે કરશું ?'

ગુરુ પુનઃ કહે છે :

'ઓ ભોળા શિષ્ય !'

જરા ગંભીરતાથી સોચો, વિચારો! તમે જે કંઈ કરી રહ્યા છો, તેનો લાભાલાભ સોચો. શું મનુષ્યજીવનનો હેતુ આટલો સંકુચિત છે? શું તમારી પ્રવાસ મર્યાદા આટલી નજીક છે? શું આ જીવન જ સર્વસ્વ છે? તમારે અહીંથી આગળ પણ જવાનું છે. જે સમય વીતિ ગયો, તે પાછો આવવાનો જ નથી.

जा जा वच्चई रयणी, न सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स, अफला जंति राइओ ॥

આ સમય બહુ નિર્દય છે. તે કદાપિ કોઈ ઉપર દયા કરતો નથી.

તે એક સમયમાં બે વખત શ્વાસ લેવા નથી દેતો. એને ઓળખનારા વિરલ જ હોય છે. એની ગતિ એવી તીવ્ર છે કે એને કોઈ પાછળથી પકડવા ઈચ્છે, તો તે પકડમાં સપડાતો જ નથી. સમયને જે પિછાને છે, તેને સમય પણ પિછાને છે. સમયનો જે અનાદર કરે છે, તેનો સમય પણ અનાદર કરે છે, ને આગળ જતો રહે છે.'

જિજ્ઞાસુ ફરી પૂછે છે :

'જો આવું છે તો શું કરીએ ? સમયનું મૂલ્ય કેવી રીતે સમજીએ ? એનો સદુપયોગ શી રીતે કરીએ ?

કયું એવું કામ છે, જેના વડે સમયની કદર કરી

શકાય? કયો એવો માર્ગ છે, જે પર ચાલી સમયને ઓળખી શકાય?

જો ધન-સંપત્તિ, ભોગ-વિલાસ, ઐશ્વર્ય-સમૃદ્ધિ, તમામ વ્યર્થ છે તો સાર્થક શું છે?

ગુરુ ઉત્તર આપે છે:

'જીવનને બે બાજુઓ છે; બે અંગ છે-એક બહિર્મુખ અને બીજું અંતર્મુખ. ભૌતિક સાધન-સામગ્રી જીવનની બહિર્મુખ આવશ્યતાઓ છે અને આત્મ-ગુણોના વિકાસ જીવનની અંતર્મુખ આવશ્યકતાઓ છે. ભૌતિક વસ્તુઓ ન મળવાથી અસંતોષ, ક્રોધ, દુઃખ, વેદના આદિનો જીવનમાં સંચાર થાય છે. ને, એ જ વસ્તુઓની પ્રાપ્તિ થવાથી અહંકાર, લોભ, આકાંક્ષા આદિ દોષ ઉત્પન્ન થાય છે. પરંતુ આત્મ-ગુણોની પ્રાપ્તિ માટે સાધના કરનારા સાધકને સદૈવ સંતોષ, શાંતિ, સમાધાન અને નિર્વિકારત્વ પ્રાપ્ત થાય છે.

માટે હે શિષ્ય! અંતર્મુખ થવાની સાધનામાં તન્મય બનો! આત્મ-ગુણોની પ્રાપ્તિ માટે સમય વ્યતીત કરો! સમયની સર્વથી અધિક કિંમત આ જ છે. આ જ એક માર્ગ છે, જે પર ચાલવાથી સમયનો સદુપયોગ કરી શકો છો. આ જ એક એવું કામ છે, જેને અપનાવી સમયની સાચી કદર કરી શકો છો.

વિષયાંધ, પાપી અને પ્રમાદી માણસ સમયનું મૂલ્ય નથી સમજતા. વૈરાગ્ય-રત, સંયમી, પ્રભુ-ભક્ત અને સાધનાશીલ માણસ જ સમયનું મૂલ્યાંકન કરી શકે છે.

---

[૨૮]

માનવ જીવનનું ઉત્તરદાયિત્વ

'नहि मानुषात् श्रेष्ठतरं हि किंचित्'

માનવ-જીવનથી ઉત્તમ આ દુનિયામાં કંઈ જ નથી. છતાં માનવ-જીવનની પ્રાપ્તિ-માત્રથી જો એવું માની લે કે હવે મને મારી અંતિમ સીમા મળી ગઈ છે ને મારી યાત્રા પૂરી થઈ ચૂકી છે. તો તે નિતાંત ભ્રમ જ સિદ્ધ થશે. કારણ કે માણસ જેમ જેમ ઊંચે ચઢે છે, તેમ તેમ એની જવાબદારીઓ અને ઉત્તરદાયિત્વ પણ વધતા જાય છે.

જેમ એક ચપરાસી જો નિરીક્ષક, અધિષ્ઠાતા અને મેનેજર બને છે તો એ ક્રમથી એનું ઉત્તરદાયિત્વ પણ વધે છે. તેમ જો આ પ્રાણી માનવ-જીવનના સર્વાધિક મહત્ત્વપૂર્ણ પદ પર વિરાજીત થયું છે, તો એનું ઉત્તરદાયિત્વ પણ સર્વાધિક મહત્ત્વનું બની જાય છે.

જે રીતે જમીન પર ચાલનારી કોઈ વ્યક્તિ અનાયાસે પદ-સ્ખલિત થઈ પટકાઈ પડે તો તેને સાધારણ ચોટ વાગશે;

જીવન-સાધવાનાં કલા-ધર્મ

જીવન એક સાધના છે.

સાધનામય જીવન જ સાચું જીવન છે. સાધનાથી જ જીવવાની કળાનો સંચાર થાય છે. જ્યારે જીવવાની કળા અને સાધનાનો મેળ જામે છે ત્યારે ધર્મની દિશા પ્રાપ્ત થાય છે. પણ ધર્મની દિશા પ્રાપ્ત કરવી બહુ કઠિન છે.

જ્યારે ધનપ્રાપ્તિ જેવી ભૌતિક પ્રવૃત્તિ માટે પણ મનુષ્યે અથાક શ્રમ કરવો પડે છે; એના માટે યાત્રા કરવી પડે છે, સુખ-દુઃખ વેઠવાં પડે છે; અનેક અથડામણો વચ્ચેથી પસાર થવું પડે છે, ત્યારે જ ધનની પ્રાપ્તિ થાય છે. ત્યારે ધર્મ જેવા પવિત્ર આધ્યાત્મિક તત્ત્વને પ્રાપ્ત કરવા જો કઠોર સાધના કરવી પડે તો આશ્ચર્ય શું

જ્યારે ધન જેવી નશ્વર વસ્તુની રક્ષા માટે પણ પાકાં મકાન બનાવવાં પડે છે; તિજોરીઓ નિર્માણ કરવી પડે છે; રક્ષકો રાખવા પડે છે; ત્યારે જૈન ધર્મ જેવી શાશ્વત અને [illegible]

સંપત્તિની સુરક્ષા માટે પોતાના સંપૂર્ણ જીવનને ઉત્તમ તપશ્ચર્યાના માર્ગે લઈ જવું પડે તો તેમાં શું વિચિત્ર છે? ધર્મ જેવા રત્નની સુરક્ષા કોઈ સહેલું કાર્ય નથી. આ સમસ્ત બ્રહ્માંડમાં ધર્મ જ પવિત્ર આધ્યાત્મિક રત્નો છે. દેવ, ગુરુ અને ધર્મ. જે માણસ આ રત્નો પ્રાપ્ત કરી લે છે તે સંસાર-જળની વિવિધ વિપત્તિઓથી મુક્તિ મેળવી લે છે.

ધર્મ ખૂબ જ પ્રિય શબ્દ છે. આ બધી સદીઓમાં તમામ માનવજાતિ માટે એક નવીનતમ આકર્ષણ બન્યું છે, પણ જે લોકો ધર્મ માટે પોતાનું જીવન સુદ્ધાં અર્પણ કરવા તૈયાર છે, તેઓ પણ એ નથી જાણતા કે આખરે ધર્મ શું છે? ધર્મ કોને કહે છે?

ધર્મના નામે હજારો લાખો માણસો બલિદાન બન્યાં; ધર્મની રક્ષાના નામે અનેક ભયંકર યુદ્ધો થયાં; "ધર્મ ખતરામાં છે" આ નારાના આધારે હિન્દુસ્થાનના બે ટુકડા પણ થયા. પણ એ શું વાસ્તવિક ધર્મ છે?

આ એક મોટો, જટિલ પ્રશ્ન છે, જેનું સમાધાન ઢૂંઢવું ખૂબ જરૂરી છે.

પાખંડ, રૂઢિવાદ તથા ક્રિયાકાંડની પાછળ આજનો બહુસંખ્યક ધાર્મિક વર્ગ ધર્મની વાસ્તવિકતાને ભૂલી ગયો છે. થોડીક સ્વાર્થી વ્યક્તિઓએ જનતાની કોમળ ધાર્મિક ભાવનાઓને ઉભારીને પોતાની મુરાદ પાર પાડવાના પ્રયાસો કર્યા છે. પરંતુ તે તમામ ધર્મ શબ્દનો દુરુપયોગ છે. આત્મ-વિકાસના મહાન રાજમાર્ગ તરફ લઈ જનારા ધર્મ સંબંધમાં

જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી આ ઉપરનું આવરણ એની મેળે નાશ પામશે.

ભગવાન મહાવીરે અત્યંત સરળ ઢંગથી ધર્મની પરિભાષા કરતા સહી કહ્યું છે: 'वत्थु सहावो धम्मो' અર્થાત્-વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે. પાણીનો ધર્મ શીતળતા છે. અગ્નિનો ધર્મ ઉષ્ણતા છે.આ રીતે માણસનો જે વાસ્તવિક સ્વભાવ છે. તે જ વાસ્તવિક ધર્મ છે. જ્યાં માણસ અસ્વાભાવિક અથવા અપ્રાકૃતિક જીવન બાજુએ પગલાં ભરવા માંડે છે. ત્યાં અધર્મના કાંટા વિખરાયેલા મળે છે.

સ્વભાવમાં ને સ્વગુણમાં નિરંતર રમણ કરવું તે મનુષ્યની મૂળ પ્રવૃત્તિ છે. પ્રેમ કરવો, બીજાઓ પર ઉપકાર કરવો, સેવા કરવી, સાચું બોલવું વગેરે માણસના એવા સ્વભાવ છે, જેમકે સૂર્યનો સ્વભાવ તપવું, ચન્દ્રનો સ્વભાવ શીતલતા છે. જ્યારે મનુષ્ય પોતાના આ સ્વાભાવિક ગુણો તજી બેસે છે, ત્યારે તે પથભ્રષ્ટ થઈ ધર્મ જેવા અમૂલ્ય રત્નને ખોઈ નાખે છે. ને, સંસારચક્રમાં નિરંતર પરિભ્રમણ કરતો રહે છે.

ધર્મની એક બીજી વ્યાખ્યા ભારતીય મહર્ષિઓએ કરી છે:—

" दुर्गतौ प्रपतज्जन्तून् धारणात् धर्म उच्यते । "

અર્થાત્-દુષ્કર્મોથી દુર્ગતિ તરફ ઘસડાતા પ્રાણોને જે રોકી રાખે છે. અથવા તો ધારણ કરી સત્કર્મોના માધ્યમથી સદ્ગતિ તરફ ઉન્મુખ કરે છે; તે જ વાસ્તવિક ધર્મ છે. કેવી ઉત્કટ પરિભાષા છે આ!

આ પરિભાષાને હૃદયંગમ કરી લીધા પછી નિશ્ચિત રૂપથી બધી ભ્રામક ધારણાઓ ચૂર્ણ થઇ જાય છે, જે આજ ધર્મના નામ પર પોતાનો સ્વાર્થ સાધનારાઓએ જનતામાં ફેલાવી મુકી છે.

ન તો બહારના આડંબરમાં ધર્મ છે; ન મંદિરો, મઠો, સ્થાનકો, મસ્જીદો વગેરેમાં ધર્મ બંધ છે; ન સફેદ, પીળા ગેરૂઆ વગેરે વસ્ત્રોમાં ધર્મ છે; ધર્મ તો ગુણોના વિકાસમાં છે. દુષ્કર્મોથી દુર્ગતિથી બચી સત્કર્મો તરફ, સદ્‌ગતિ તરફ જવું એ જ વાસ્તવિક ધર્મ છે.

મહાભારતમાં ધર્મના વિશ્લેષણની સૂક્ષ્મતામાં ઊતરી મહર્ષિ વેદ વ્યાસે લખ્યું છે:—

'यतोऽभ्युदयः निश्रेयस् सिद्धिः स धर्मः।'


અર્થાત્—જે ઉત્તમ સાધનોથી સમાજનો અભ્યુદય થાય છે અને આત્માને નિશ્રેયસ્ માર્ગની ઉપલબ્ધિ થાય છે, તે જ ધર્મ છે. આપણે એ વિશ્લેષણ કરવું જોઈએ કે આજ જે ધર્મની પાછળ લોકો પાગલ છે, જે ધર્મના નામ પર દેશના ટૂકડા થયા; જે ધર્મના ઓટમાં લાખો કરોડોના આડંબર અર્થાત્ પરિગ્રહ એકઠા થઈ ગયા છે; તે ધર્મથી સમાજનો શો અભ્યુદય થયો? શું તે ધર્મથી આત્માને નિશ્રેયસ્ માર્ગની પ્રાપ્તિ થઈ? જો આ કસોટી પર આજનો ધર્મ ખરો ઉતરતો ન હોય તો તેને ધર્મના પવિત્ર શબ્દથી પોકારવાની કોઇ આવશ્યકતા નથી.

'આજ પણ આપણી આગે ... ધર્મ ...

જે માણસ સીધો-સરળ છે, જેના હૃદયમાં દંભ નથી. જેનું જીવન નિષ્કલ-નિષ્કપટ છે, તેનું જીવન શુદ્ધ હોય છે. ને, તે શુદ્ધ હૃદયમાં જ ધર્મ ટકે છે. આવી નિષ્કલતામાંથી જ જીવન-સાધનાની કલા પ્રગટ થાય છે? તે કલાનું નામ જ ધર્મ છે. ધર્મે સંસારને ધારણ કર્યો, ધર્મે માનવસ્વભાવની પ્રતિષ્ઠા કરી, ધર્મે સમાજને અભ્યુદયનો માર્ગ આપ્યો, ધર્મે જ નિઃશ્રેયસની સિદ્ધિનો પંથ દેખાડ્યો, ધર્મે જ નિષ્કલ-વિશુદ્ધ ભાવનાઓની સૃષ્ટિ ઊભી કરી, માટે—

'धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो।'

અર્થાત્-ધર્મ ઉત્કૃષ્ટતમ મંગલ છે, અહિંસા, સંયમ અને તપ જ તે ધર્મના સ્વરૂપ છે. જે વ્યક્તિ આ પ્રકારના ધર્મમાં નિરંતર નિમગ્ન રહે છે, એને મનુષ્ય તો શું, દેવતા પણ નમસ્કાર કરે છે.



સામાજિક જીવનની રીઢી-જન સેવા

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. સામાજિક પ્રાણી હોવાનો અર્થ એ છે કે સમાજથી પોષણ મેળવે છે. સમાજમાં રહેવાને લીધે જ તે જીવિત છે. સમાજ પાસેથી જ એને અન્ન વસ્ત્ર, આવાસ, શિક્ષણ, સંપત્તિ, મનોરંજન વગેરે મળે છે. જ્યારે સમાજથી જ વ્યક્તિ બધું પ્રાપ્ત કરે છે, ત્યારે સમાજ પ્રતિ પણ એનું કંઈક કર્તવ્ય અને ઉત્તરદાયિત્વ હોય છે. સમાજ પાસેથી પોતાના માટે બધી વસ્તુઓ પ્રાપ્ત કરી લેવી અને સમાજને પોતાના તરફથી કંઈ પણ ન દેવું, આ જ સ્વાર્થ કહેવાય છે. માટે જો મનુષ્ય નિઃસ્વાર્થ બની સમાજ પ્રતિ પોતાનું કર્તવ્ય નિભાવા ઈચ્છતો હોય તો તેણે નિરંતર સોચવું જોઈએ કે "હું સમાજ પાસેથી ઓછામાં ઓછું લઉં અને વધારેમાં વધારે આપું."

આ ઉત્કટ ચિંતનનું નામ જ સંક્ષિપ્તમાં જન–સેવા છે; જેને સરળતા માટે આપણે સમાજ સેવા પણ કહી શકીએ.

સમાજસેવા અથવા જનસેવાનો આધાર માણસોના પારસ્પરિક સહયોગ, એક બીજાને મદદ કરવી, એક બીજાનાં સુખ–દુઃખમાં ભાગ લેવો, એક બીજાના દુઃખ–દર્દમાં સહાનુભૂતિ તથા સંવેદના પ્રગટ કરવી ઈત્યાદિ છે. જો આ આધાર તૂટી જાય તો જન–સેવાનો ભવ્ય મહેલ ક્ષણભર પણ ટકી શકે નહિ. પ્રત્યેક માણસ સહયોગ ઈચ્છે છે, કારણ કે સહયોગ વગર દુનિયાનું કામ સુંદર રૂપથી નભી શકતું નથી; થઈ શકતું નથી. જેમ મનુષ્ય શરીરનું પ્રત્યેક અંગ એક બીજાનું પૂરક છે. એક અંગને વેદના થતાંની સાથે જ બીજું અંગ તેને મદદ કરે છે. પગમાં કાંટો વાગતાં જ જેમ હાથ તરત જ પગની મદદમાં કામે લાગે છે. તેમ સમાજની પ્રત્યેક વ્યક્તિ એક બીજાની પૂરક બને, એવા પ્રયત્નો કરવા જોઈએ.

માણસ જે કપડાં પહેરે છે; તેમાં સમાજની કેટલીયે વ્યક્તિનો સહયોગ હોય છે, ત્યારે તે તૈયાર થાય છે. એક ખેડૂત કપાસ ઉત્પન્ન કરે છે; બાદ વેપારી તે કપાસ તૈયાર કરાવી બજારમાં લાવે છે; કપાસને સાફ કરનારા તેમનું કામ કરી તેને સુતર બનાવવા યોગ્ય બનાવે છે. સુતર તૈયાર કરનારી બહેનો પાસેથી તે સુતર શાળ પર જાય છે. આ પ્રમાણે અનેક માણસોના સહયોગ પછી તૈયાર થયેલા સુંદર કાપડને દરજી પહેરવા યોગ્ય વસ્ત્ર બનાવે છે. રંગરેજ અને ધોબી સુદ્ધાં આ કાપડ–બનાવવામાં સહયોગી બને છે.

[illegible] સમાજ [illegible] સંયોગ [illegible] સંયોગ અને [illegible] ક્ષેત્રમાં [illegible] સમાજસેવાના નામે [illegible] છે.

આ તો સમાજની સ્થૂળ અને ભૌતિક સેવા છે. આનાથી અધિક આધ્યાત્મિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં જે સેવા થાય છે, તેનું વિશેષ ઘણું મહત્ત્વ અને મૂલ્ય છે. જીવન [illegible] કોઈ અત્યંત જરૂરી ચીજ હોય તો તે સેવા છે.

સેવાધર્મઃ પરમ ગહનઃ યોગિનામપ્યગમ્યઃ ।

સેવાધર્મ બહુ જ ગહન છે, બહુ જ કઠિન છે. યોગીઓ અને ઋષીઓ માટે પણ આ કાર્ય બહુ જ અગમ્ય છે. માણસ માણસ માટે અધિકતમ ઉપયોગી બને, આ જ સર્વથી ઉચ્ચ માણસાઈ છે.

આજ સંપૂર્ણ સમાજમાં સંઘર્ષ જ અધિક છે. અથડામણો અને સ્વાર્થોના ઘર્ષણ જ મહત્ત્વનાં બની રહ્યાં છે. આ સ્વાર્થ–સંઘર્ષોને લીધે જ આ બધી વિષમ સ્થિતિ ઉભી થઈ છે. જ્યાંસુધી મનુષ્ય નિઃસ્વાર્થ બની સેવાનો માર્ગ નહિ અપનાવે ત્યાં સુધી તેને વાસ્તવિક સુખનો આ[illegible]

જગતમાં અનેક પ્રાણી ઝેરીલાં હોય છે; સર્પ, વિંછી વગેરે પણ ઝેરીલાં પ્રાણી છે; પણ સ્વાર્થાંધ મનુષ્ય જેટલા ઝેરીલાં પ્રાણી આ સૃષ્ટિમાં કોઈ નથી હોઈ શકતા. તેઓ તેમના કોઈ સ્વજનને નજીવી મદદ કરે છે, ત્યારે પોતાના ઉપકાર ગણાવે છે. તેઓ એટલો પણ વિચાર નથી કરતા કે આ તો એમનાં સામાજિક કર્તવ્ય અને ઉત્તરદાયિત્વ છે.

આ અસામાજિક ભાવનાથી અધિક ભયંકર વિષ બીજું કોઈ જ હોઈ શકે નહિ. આ માનવીય-નિષ્ઠુરતાના ઝેરને સેવાના અમૃતથી જ પ્રભાવહીન કરી શકાય છે.

સેવા માટે જાત-પ્રાન્ત, ધર્મ-રાષ્ટ્ર આદિ કોઈનો ભેદ જોવાતો નથી. સેવાનું કામ ક્યારેક ક્યારેક કરવાનું નથી હોતું. સેવા તો નિત્યકર્મ બની જવું આવશ્યક છે. જેમ શરીર નિર્વાહ માટે ખાવું, પીવું, નાહવું, સુવું જરૂરી છે, તેમ આત્મ-વિકાસ અને સમાજ-વિકાસ માટે સહયોગ, સહાનુભૂતિ, સંવેદના અર્થાત્-જનસેવા પણ અત્યંત જરૂરી છે.



તોપ ધરાવનારા, બીજાઓ પર ક્રોધ અને પોતાનામાં અહંકાર વર્તાવનારા લોકો જીવનમાં સદૈવ અસફળ રહે છે. તેમની અસફળતાનો દોષ પણ તેઓ બીજાઓ પર ઢાળી દે છે.

જીવનની વાસ્તવિક અને અંતિમ સફળતા તો તે છે કે આપણે સમાજ માટે અર્પણ થઈ જઈએ. એથી વિશેષ જરૂરત પડે તો આપણા પ્રાણની દરકાર ન કરતાં બલિ બની જઈએ. જેઓએ આટલું સાહસ કર્યું; તેમનું જીવન અવશ્ય સફળ થયું.

આ યુગમાં મહાત્મા ગાંધીનું જીવન એટલા માટે સફળ મનાય છે કે તેમણે સામ્પ્રદાયિક હિંસા, વિગ્રહ, કલહ અને હઠધર્મિતા નષ્ટ કરવા માટે પોતાના જીવનનો ઉત્સર્ગ કર્યો. આ ઉત્સર્ગને લીધે એમનું જીવન સફળ થઈ ગયું. આવું મૃત્યુ પણ જીવન છે, જે મૃત્યુ સાથે સંપૂર્ણ સમાજનું જીવન નિહિત છે.

આવું જ બીજું ઉદાહરણ શાસ્ત્રોમાં મળે છે.

એક વાર સુપ્રસિદ્ધ ઐતિહાસિક નગરી વૈશાલી પર દુશ્મનોએ હુમલો કર્યો. દુશ્મન રાજાને વિદ્યાદાન દેવારો ગુરુ વૈશાલીનો નગરપાલ હતો. વૈશાલીનો રાજા કમજોર અને ડરપોક હતો. દુશ્મન રાજાની સૈનિક–શક્તિ જોઈ તે ભયગ્રસ્ત થયો; ને વૈશાલીની પ્રજાને તેમના ભાગ્ય ભરોસે છોડી પલાયન કરી ગયો. દુશ્મન રાજાએ વૈશાલી નગરીને લૂંટી લેવાનો હુકમ કર્યો. દુશ્મનરાજાના વિદ્યાગુરુ, જેનું નામ મહાનાયક હતું; વિચારવા લાગ્યો કે આ રાજાનું વેર પેલા

ઈચ્છાઓ વચ્ચે અથડાયેલા રાજાએ પુષ્કળ ચિન્તા પછી એક યુક્તિ શોધી. મહાનાયકને કહ્યું: 'જ્યાં સુધી આપ પાણીમાં રહેશો, ત્યાં સુધી નગરની લૂટ બંધ રહેશે.'

રાજાને શી ખબર કે મહાનાયક પોતાનું જીવન, પોતાનું સર્વસ્વ અને પોતાના પ્રાણનું બલિદાન આપીને પણ વૈશાલી નગરીની રક્ષા કરશે.

મહાનાયકે વિચાર્યું કે એક તરફ મારું એકનું જીવન છે ને બીજી તરફ અગણિત સ્ત્રી-પુરુષો, બાળ-વૃદ્ધોનાં જીવન છે. ઉચિત તો એ છે કે એ અનેક માટે પોતાનું એક જીવન સમર્પણ કરવું.

ને, અંતે મહાનાયકે વિશાળ સરોવરમાં જઇ જલ-સમાધિ લીધી. રાજા અને વૈશાલીની જનતા આ પરમ-પરોપકાર પરાયણ ઘટનાને જોઈએ સ્તંભિત થઇ.

મહાનાયકનું જીવન સફળ બની ગયું. આને જ સફળ જીવન કહેવામાં આવે છે. દરેક મનુષ્યે કામના કરવી જોઈએ કે એનું જીવન પણ આ પ્રકારે સમાજ માટે કામમાં આવે ને સફળતા પ્રાપ્ત કરે.



આજે ગરીબોની સંખ્યા દિનપર દિન દેત વેગ વધતી જાય છે, તેમના પ્રતિ સહાનુભૂતિ અને સંવેદનાની ભાવનાનો સર્વથા અભાવ છે. પૂર્વ કાળમાં આજ જેવું શોષણ ન હતું; ન આવી ગરીબી હતી. સહયોગ અને પારસ્પારિક એકતા પણ અધિક હતાં. જ્ઞાતિ, ધર્મ વગેરેનો ભેદભાવ પણ આવો તીવ્ર ન હતો.

આજે તો દાનની, સહયોગની અને સૌહાર્દની પરમ પાવક અનુભૂતિઓ પણ સંકુચિતતાની દીવાલોમાં આબદ્ધ થઈ ગઈ છે, પોતાની જાતિ માટે, પોતાના સંપ્રદાય માટે અને પોતાના ધર્મ માટે જ આજના લોકો વિચાર કરે છે. સંપૂર્ણ માનવજાતિની ચિંતા કરનારો કોઈ પણ દેખાતો નથી.

આ સંકીર્ણતાના કીટાણુઓથી સમસ્ત વાતાવરણ પણ ઝેરીલું બની રહ્યું છે. જે દાનમાં નિહિત સ્વાર્થ કામ કરે છે; જ્યાં સમસ્ત માનવજાતિના કલ્યાણની ભાવના તૂટી ચૂકી છે ને જ્યાં વર્ગવાદી, જાતિવાદી અને સંપ્રદાયવાદી આકાંક્ષાઓ કામ કરી રહી છે; ત્યાં દાન નહિ બલ્કે યશ-કીર્તિ અને પ્રતિષ્ઠા મેળવવાની નિકૃષ્ટ લાલસાનું જ પાલન થાય છે.

જ્યાં હજારો લાખો ભૂખ્યાં, નાગાં ગરીબો રોટલીના ટૂકડાની ભિક્ષા માટે રઝળી રહ્યાં હોય, જ્યાં તેઓ પ્રતિ કિંચિત પણ સહાનુભૂતિ ન દેખાડતાં મંદિર માટે, મસ્જિદ માટે, તીર્થ માટે અથવા અન્ય ધાર્મિક આડંબરો માટે, લાખો રૂપિયા ખર્ચ કરવો તે સમાજ સાથે, ધર્મ સાથે, ને પોતાના આત્મા સાથે પ્રવંચના (ઠગાઇ) નહિ તો બીજું શું છે?

આ પ્રકારના દાનથી યશ-કીર્તિ અર્જિત કરવામાં આવે છે. સાચું દાન દેવું હોય તો તે એવા સ્વાભાવિક રૂપથી દેવાવું જોઈએ કે જમણા હાથથી થયેલા દાનની ખબર ડાબા હાથને ય ખબર ન પડે.

સમ્રાટ અકબરના સંબંધમાં એ વાત વિશ્વ-વિશ્રુત છે, કે તે અત્યંત નિરભિમાન થઈ દાન કરતો હતો. દાન કરતી વખતે એની નમ્રતા ચરમોત્કર્ષ-પર રહેતી હતી. આ નમ્રતાને લીધે એની દૃષ્ટિ પણ નીચે જ રહેતી હતી. પણ એક દિવસ બીરબલે એને પૂછ્યું: 'દાન દેતી વખતે આપની દૃષ્ટિ એટલી બધી નીચે કેમ રહે છે?'

સમ્રાટ અકબરે ઉત્તર આપ્યો:

'દેનેવાલા ઔર હૈ, ભેજત હૈ દિન રૈન;
લોક ભરમ હમ પર ધરૈં, તાસે નીચે નૈન.'

આને જ વાસ્તવિક અને નિરહંકારી દાન કહેવામાં આવે છે.

જ્યાંસુધી આપે જાતે કપડાં પહેર્યાં નથી; બલ્કે પેટીઓ ભરેલી છે; ને પડોશી અર્ધનગ્ન છે, આપને રહેવા માટે વિશાળ મહાલયો છે; ને પડોશી સડક પર છે, આપના ઘરમાં અન્ન સડી રહ્યું છે; એઠું વધેલું બહાર ફેંકાઈ રહ્યું છે ને પડોશી ભૂખ્યો સૂઈ રહ્યો છે; તેનાં બાળકોને દૂધ મળતું નથી; ત્યાં સુધી આપના ભાલ પર આ કલંકરેખા છે. આપ આ કલંક ધોવા જેટલા પ્રયત્નો કરો છો; તે જ સાચી દાનની ભાવના છે.

આપતાં નદીએ નમ્રતાથી કહ્યું : 'હું મારા પ્રવાહને શા માટે રોકું ? વહેવું એ જ મારો ધર્મ છે. હજારો તરસ્યાં જીવો મારું જળ પી તૃપ્ત થાય છે. મારામાં અવગાહન કરી નવું જીવન મેળવે છે. હું તેઓ માટે ઉપયોગી બની ધન્ય અને કૃત-કૃત્ય થઈ જાઉં છું. તારી પાસે રોકાઈ આરામ કરીશ તો તારી પેઠે ગંધાવા માંડીશ. જીવ-જંતુઓ પેદા થવાથી બીમારીઓ ફેલાશે. રોકાવું તે મૃત્યુ છે; ને વહેવું તે જીવન છે.

દાતા નદી સમાન છે ને કૃપણ ખાડા સમાન છે.

પણ અત્યંત દુઃખ સાથે કહેવું પડે છે કે આપણા મહાન જૈન ધર્મના આ મહાન સિદ્ધાંતોને જેઓ સમજતા નથી તેઓ દાન જેવા પવિત્ર પુણ્યને પાપની સંજ્ઞા આપે છે ને, મનુષ્ય મનુષ્ય વચ્ચે પાત્ર અને અપાત્રની દીવાલ ઊભી કરે છે તેઓને હું નમ્રતાપૂર્વક કહેવા ઇચ્છું છું કે તેઓ આ રીતે જૈન ધર્મના આ મહાન વિચારોની મજાક ન ઉડાવે ને માનવહૃદયની આ કરુણામૂલક ઉદારતાભરી કોમળ વૃત્તિને આઘાતગ્રસ્ત ન કરે.

જો દાન કરવું પાપ છે, ને મનુષ્યની સેવા કરવી પાપ [illegible] છે, તો [illegible] જગતમાં ધર્મ, પુણ્ય અને પ્રશંસનીય કાર્ય બીજું [illegible] શું રહે?

[illegible] પ્રમાણે દાનનો માર્ગ અનીતિ અને [illegible] પ્રોત્સાહન [illegible] માટે [illegible] [illegible] સેવા [illegible] [illegible] માર્ગ [illegible]

તે [illegible] [illegible] છે.

આજનો યુગ

આજનો યુગ વિજ્ઞાન અને બુદ્ધિવાદનો યુગ માનવામાં ાવે છે. પણ આત્મ-ગુણોના વિકાસની દૃષ્ટિથી જોવામાં આવે ા આજનો યુગ અત્યંત પછાત પડયો છે. આત્મ-ગુણોના ાકાસની ગતિ બંધ પડી છે. આજનો મનુષ્ય કર્તવ્ય શૂન્ય ાને સ્વાર્થપરાયણ બનતો રહ્યો છે.

કહેવામાં આવે છે કે ભૂતકાળના યુગમાં ધાર્મિક સંકુ ચેતતા અધિક હતી; જાતિવાદ અધિક હતો; પણ એ યુગમાં ો દોષ વૈયક્તિક સ્તર સુધી સીમિત હતો. આજ તો એ ાષોએ વ્યાપક સામાજિક રૂપ ગ્રહણ કર્યું છે.

રાષ્ટ્રીય આમ-ચૂંટણીમાં એ દેખાઈ આવ્યું કે જાતિ ાદ, સાંપ્રદાયિકતા, પ્રાન્તીયતા વગેરે દોષ અગાઉથી અધિ ભયંકર રૂપ ધારણ કરી પ્રગટ થયા.

સામાજિકતાનો અભાવ અને વ્યક્તિવાદી ભાવનાઓનુ પ્રાબલ્ય જોઈ આશ્ચર્ય થાય છે. પોતાના સુખ માટે, પોતાના

મુઝફ્ફરપુરમાં પ્રાકૃત જૈન વિદ્યાપીઠ ચાલે છે, ત્યાં પણ
હાવીરનો અનેકાન્તવાદ ’ એ વિષય ઉપર, વિદ્યાપીઠમાં ઘણું
પરકારક પ્રવચન આપ્યું. ત્યાંથી મુનિશ્રી બસો માઈલનો
પાળો પ્રવાસ અરણ્યના વિકટ પંથે કરતા તેઓશ્રી તા.
૩–૫–૧૯૫૭ ના રોજ નેપાલ રાજ્યના પાટનગર કાટમંડુમાં
ધાર્યાં. ત્યાં તા. ૧૪–૫–૧૯૫૭ ના દિવસે ભગવાન બુદ્ધની
૨૫૦૧ મી જયંતિ યોજાતિ હતી. મુનિશ્રીને નિમંત્રણ મળ-
વાથી તેઓએ એંશી હજાર માનવ મેદની વચ્ચે ‘ભગવાન
મહાવીર અને બુદ્ધની અહિંસાનો ’ ઉચ્ચમત સન્મવય સુમધુર
શૈલી દ્વારા સમજાવ્યો હતો. છેલ્લા પંદરસો વરસમાં નેપાલમાં
પધારેલાં તપસ્વીઓમાં જૈન તપસ્વી મુનિશ્રી લાભચંદ્રજી
મહારાજ પ્રથમ જ હતા.

નેપાલના પ્રધાન મંત્રીએ મુનિશ્રીને પોતાના નિવાસ-
સ્થાને નિમંત્રી એમની જ્ઞાનામૃત નીતરતી વાણી સાંભળી
પ્રસન્નતા વ્યક્ત કરી. ને તા. ૨૫–૫–૫૭ ના કાટમંડુમાં અસંખ્ય
માનવ મેદની સમક્ષ મુનિશ્રીએ જાહેર પ્રવચન આપી જનતા
ને મુગ્ધ કરી.

મુનિશ્રીની ખ્યાતીથી આકર્ષાઈ નેપાલના મહારાણા
સાહેબ શ્રી. મહેન્દ્રસિંહજીએ પોતાના રાજ્યમહેલમાં ઉપદે-
શામૃતનું પાન કરવાની મુનિશ્રીને વિનંતિ કરી. મહારાણાના
મહાલયમાં “ જૈન ધર્મ એ વિશ્વનો આત્મા ” એ વિષય પર
મુનિશ્રીએ પ્રવચન આપ્યું. મહારાણા સાહેબ, રાજ્યકુટુંબ
અને અન્ય શ્રોતાઓ ઘણાંજ પ્રભાવિત થયાં.

વિરુદ્ધ સમાજને જાગૃત કર્યે જઈએ, સવધાન કર્યે જઈએ; ને, એ ઘૃણાસ્પદ ધંધાને સુધારવા માટે વાતાવરણ ઊભું કરીએ.

એક એ સમય હતો, જ્યારે પ્રત્યેક બાલક પચ્ચીશ વર્ષ સુધી ગુરુકુલમાં શિક્ષણ ગ્રહણ કરતો હતો. તેને ભોગ, વાસના અને અસંયમ તરફ ખેંચવાનો કોઈ મોકો જ ન હતો. ૨૫ વર્ષ સુધી સારી રીતે સુસંસ્કાર ગ્રહણ કર્યા પછી તે સ્વસ્થ ગૃહસ્થ-જીવનમાં પ્રવેશતો હતો.

આજ એ સમય આવ્યો છે, જ્યારે ૮-૧૦ વર્ષની કાચી ઉંમરનો બાળક પણ ફિલ્મનાં અશ્લીલ ગંદા-અસભ્ય ગીતો લલકારતો જ્યાં ને ત્યાં જોવા મળે છે. તેઓ અપ્રાકૃતિક-કર્મ શિખી જાય છે. બીડી-સિગારેટ પીવાની આદતમાં ફસાય છે.

જનતાની આવી દુર્દશા જોઈ હૃદયને અનહદ દુઃખ થાય છે.

દેશનું આ દુર્ભાગ્ય આમ જ ટકી રહે ને ચારિત્રિક પતનનો પ્રશ્ન આ જ પ્રમાણે ચાલુ રહે તો આ આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક રાષ્ટ્રની જડ સાવ નબળી પડી જશે અને એનું ભવિષ્ય અંધકારમય બની જશે.

એથી જ આ ગંભીર પ્રશ્ન પર સંપૂર્ણ કાળજીથી વિચારવું જરૂરી છે.

સમાપ્ત...

તપસ્વી ની તપશ્ચર્યા ની આછી રેખા

તત્વજ્ઞાની મુનિશ્રી લાભચંદજી મહારાજનો આછો પરિચય અત્રે આપવો આવશ્યક છે.

ચિતાખેડા ગામમાં સવંત ૧૯૮૧ માં એમનો જન્મ થયો. એમના માતુશ્રીનું શુભ નામ પ્યારી બાઈ; પિતાશ્રીનું શુભ નામ નાથુલાલજી.

પૂર્વજન્મના કોઈ સુસંસ્કારના ફળ સ્વરૂપે બાલ્યાવસ્થા-માંજ એમના હૃદયમાં ત્યાગ અને જ્ઞાનનાં અંકુરો પ્રગટયાં; ને તેઓ પૂ. પંડિતરત્ન શ્રી નંદલાલજી મ. સા. તથા પૂ. ખૂબચંદજી મ. સા. ની જ્ઞાનછાયામાં રતલામ આવ્યાં, અહિં તેઓએ ધર્માભ્યાસ આરંભ્યો. એ સમયે એમની ઉંમર માત્ર આઠ વર્ષની.

ત્રણ વર્ષમાં તેઓશ્રીએ ભગવતી દિક્ષા સંવત ૧૯૯૨ માં અંગીકાર કરી. ને પૂ. ખૂબચંદજી મ. સા.ના શિષ્ય પંડિત મુનિ શ્રી હજારીલાલજી મ. સા. ને પોતાના ગુરૂ બનાવ્યા.

તેઓએ જૈન ધર્મગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો. જૈન ધર્મગ્રંથોમાં ભારોભાર ભરેલા તત્વજ્ઞાનનું મનન કર્યું. ઉપરાંત તેમણે બને તેટલી ભાષાઓ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કર્યો, જે એ ભાષાઓમાં લખાયેલાં ધર્મ અને તત્વગ્રંથોનો અભ્યાસ

કર્યો. ઉપરાંત સંસ્કૃત, પ્રાકૃત, ઉર્દુ, માગધી, હિન્દી, અંગ્રેજી ગુજરાતી ભાષાઓના ઊંડા અભ્યાસી છે.

તપસ્વીઓએ વિશ્વમાં સંપર્ક સાધવા માટે અનેક ભાષાઓના ભાષી થવા ઉપરાંત ચારિત્ર્ય થવું અતિ મહત્વનું હોય છે. મુનિશ્રી એ ભારતના એક છેડેથી બીજા છેડા સુધી પગપાળો વિહાર કરતા રહી માનવકલ્યાણનો ઉપદેશ આપ્યો છે; ને એ કાર્યમાંજ એમનું જીવન તન્મય રહે છે. અહિં વાંચકોએ લક્ષમાં લેવું આવશ્યક છે કે જીવમાત્રના કલ્યાણની સાધનામાંજ માનવકલ્યાણ સમાયેલું છે. 'તિમિર'થી છવાએલાં મનુષ્યનું લક્ષ 'તેજ' પ્રતિ ખેંચતા રહે છે.

સને ૧૯૫૫ની સાલમાં મુનિશ્રી કલકત્તામાં ચાતુર્માસ પુરું કરી આસનસોલ પધાર્યા. ત્યારે ત્યાં ભરાયેલાં એક સંમેલનમાં મુનિશ્રી એ "ગૌરક્ષા અને જૈન ધર્મ" એ વિષય ઉપર પ્રવચન આપ્યું. પ્રવચન સાંભળી શ્રોતાગણો મુગ્ધ બની ગયા.

બંગાલ અને બિહારમાં પ્રાચિન સરાક જાતિ પથરાયેલી છે. તે જાતિના લોકોમાં મુનિશ્રીએ અહિંસા પરમો ધર્મની અમૃતવાણી પ્રચારનારા જૈન ધર્મની ચેતના રેડી. બિહાર પ્રદેશના રાજ્યપાલ શ્રી. આર. આર. દિવાકરે મુનિશ્રીનાં દર્શને આવી ધર્મ વિષયક ઘણી ચર્ચાઓ કરી હતી.

ભગવાન મહાવીરની પૂણ્ય ભૂમિ વૈશાલિમાં મહાવીર જયંતિ પ્રસંગે વૈશાલીના રાજ્યપાલશ્રીના અતિ આગ્રહને માન આપી સંમેલનમાં પધાર્યા. અને બે લાખ માનવ મેદની વચ્ચે પ્રવચન આપી લોકોને મુગ્ધ કર્યા.

મુઝફ્ફરપુરમાં પ્રાકૃત જૈન વિદ્યાપીઠ ચાલે છે, ત્યાં પણ ‘મહાવીરનો અનેકાન્તવાદ’ એ વિષય ઉપર, વિદ્યાપીઠમાં ઘણું અસરકારક પ્રવચન આપ્યું. ત્યાંથી મુનિશ્રી બસો માઈલનો પગ પાળો પ્રવાસ અરણ્યના વિકટ પંથે કરતા તેઓશ્રી તા. ૧૩-૫-૧૯૫૭ ના રોજ નેપાલ રાજ્યના પાટનગર કાટમંડુમાં પધાર્યાં. ત્યાં તા. ૧૪-૫-૧૯૫૭ ના દિવસે ભગવાન બુદ્ધની ૨૫૦૧ મી જયંતિ યોજાતિ હતી. મુનિશ્રીને નિમંત્રણ મળવાથી તેઓએ એંશી હજાર માનવ મેદની વચ્ચે ‘ભગવાન મહાવીર અને બુદ્ધની અહિંસાનો’ ઉચ્ચમત સન્મવય સુમધુર શૈલી દ્વારા સમજાવ્યો હતો. છેલ્લા પંદરસો વરસમાં નેપાલમાં પધારેલાં તપસ્વીઓમાં જૈન તપસ્વી મુનિશ્રી લાભચંદ્રજી મહારાજ પ્રથમ જ હતા.

નેપાલના પ્રધાન મંત્રીએ મુનિશ્રીને પોતાના નિવાસ-સ્થાને નિમંત્રી એમની જ્ઞાનામૃત નીતરતી વાણી સાંભળી પ્રસન્નતા વ્યક્ત કરી. ને તા. ૨૫-૫-૫૭ ના કાટમંડુમાં અસંખ્ય માનવ મેદની સમક્ષ મુનિશ્રીએ જાહેર પ્રવચન આપી જનતા ને મુગ્ધ કરી.

મુનિશ્રીની ખ્યાતીથી આકર્ષાઈ નેપાલના મહારાણા સાહેબ શ્રી. મહેન્દ્રસિંહજીએ પોતાના રાજ્યમહેલમાં ઉપદે-શામૃતનું પાન કરવાની મુનિશ્રીને વિનંતિ કરી. મહારાણાના મહાલયમાં “ જૈન ધર્મ એ વિશ્વનો આત્મા ” એ વિષય પર મુનિશ્રીએ પ્રવચન આપ્યું. મહારાણા સાહેબ, રાજ્યકુટુંબ અને અન્ય શ્રોતાઓ ઘણાંજ પ્રભાવિત થયાં.